શિક્ષણનું ગુણવત્તાલક્ષી સર્વવ્યાપીકરણ એ જ આપણો સંકલ્પ

# મૈત્રી

અંક ૧-૨

**નિરોગી બાળવર્ષ**



એપ્રિલ / મે ૨૦૦૮


સંવાહક : શ્રી આર. ડી. વણકર

તંત્રી : ડૉ. એ. વી. પટેલ

સહતંત્રી : શ્રી આર. કે. પટેલ

શ્રી એસ. એચ. પટેલ


## ડાયેટ સંતરામપુર ખાતે મળેલ સ્કાઉટ ગાઈડ ટ્રુપ ડેવલેપમેન્ટ સમિતિની બેઠક

- જિલ્લા સ્કાઉટ-ગાઈડ ટ્રુપ ડેવલપમેન્ટ કાર્યક્રમ અમલીકરણ સમિતિની રચના કરવામાં આવી.
- જૂન ૨૦૦૮ સુધીમાં પ્રા. શિક્ષણની ૧૦૦ ટ્રુપ ઊભી કરવામાં આવશે.
- ૫૦ સ્કાઉટ અને ૫૦ ગાઈડને અનુક્રમે ૧૦ દિવસ અને ૭ દિવસની નિવાસી તાલીમ આપવામાં આવશે.
- ૧૦૦ ટ્રુપમાં સમાવિષ્ટ કરાયેલ બાળકોને સ્કાઉટ-ગાઈડનો ગણવેશ પણ પુરો પાડવામાં આવશે.
- 'સ્વર્ણિમગુજરાત' અંતર્ગત દર વર્ષે પ્રાથમિક શિક્ષણમાંથી ૧૦૦ ટ્રુપ તૈયાર કરવામાં આવશે.

ડી.આર.યુ. શાખા

ડાયટ સંતરામપુર

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

### સંતરામપુર જિ. પંચમહાલ

## પ્રાથમિક શિક્ષણનું નવલું નજરાણું

વર્ષ : ૨
અંક : ૧-૨

# મૈત્રી
## સામયિક

એપ્રિલ-મે
૨૦૦૮


### સંપાદન


તંત્રી શ્રી : મૈત્રી / જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર જી. પંચમહાલ


### સંપાદક મંડળ


જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરનો પરિવાર


### લેખકોને :........

- શિક્ષકોને પ્રેરણાદાયી બને તેવા મૌલિક, સરળ ભાષામાં લખાયેલા અનુભવજન્ય, તલસ્પર્શી, અભ્યાસપૂર્ણ ટૂંકા, લેખો આવકાર્ય છે.
- લેખો હસ્તાક્ષરમાં સફેદ કાગળ ઉપર એક જ બાજુએ જોડણીની ભૂલો વગરના હોય તે ઈચ્છનીય છે.
- લેખ પાછા મોકલવામાં આવતા નથી.
- લેખ, પત્રવ્યવહાર અને સમાચાર મોકલવાનું સરનામું સિ. લે. ડૉ. એ. વી. પટેલ જિ.શિ. અને તા. ભવન સંતરામપુર, જિ. પંચમહાલ

### સાંકળિયું


૧. પ્રસ્તાવના - શ્રી આર. ડી. વણકર ૧
૨. તંત્રીસ્થાનેથી - ડૉ. એ. વી. પટેલ ૨
૩. ધો-૪ના શિક્ષકો - ડૉ. એ.વી. પટેલ ૩
૪. વ્યક્તિત્વ લક્ષણો - ડૉ. એ.વી. પટેલ ૬
૫. પ્રા.શા.માં સ્કાઉટ - શ્રી આર. એલ. વણકર ૧૦
૬. "નિ:સ્વાર્થીપણાનો નઝારો" - આચાર્ય ૧૮
૭. મારા 'અસાધારણ - શ્રી કૌશિકકુમાર ડી. પટેલ ૨૦
૮. વિશ્વની અજાયબીઓ - શ્રી હરિશ આર. પટેલ ૨૨
૯. "ગ્લોબલ વૉર્મિંગ" - પંચાલ ભાવનાબેન ૨૪
૧૦. શબ્દ કસોટી એક - શ્રી એસ. એચ. પટેલ ૨૭
૧૧. શિક્ષણનું માધ્યમ - ડૉ. એ.વી. પટેલ ૩૨
૧૨. અધ્યયન-અક્ષમતા - શ્રી એમ. આર. પારગી ૪૬


## માનવ શરીર

❖ આપણું શરીર કાર્બન, હાઈડ્રોજન, ઓક્સિજન, નાઈટ્રોજન, ફોસ્ફરસ, કેલ્શિયમ અને લોખંડનું બનેલું છે. ❖ આપણાં શરીરમાં લોખંડનું પ્રમાણ ઘણુ જ ઓછુ છે. ❖ આપણાં શરીરમાં ૬૦ થી ૬૫ ટકા જેટલું પાણી છે. ❖ પાચન, શ્વસન, રૂધિરાભિસરણ, ઉત્સર્ગ અને પ્રજનન એ પાંચ આપણા શરીરની મુખ્ય ક્રિયાઓ છે. ❖ આપણા શરીરમાં બધી નસોની લંબાઈ ૯૬.૫૪૦ કિલોમીટર જેટલી થાય છે !! ❖ આપણાં શરીરનો મૂળભૂત એકમ કોષ છે. ❖ આપણાં શરીરમાં કુલ ૨૧૩ હાડકાં છે. ❖ આપણાં શરીરનું સરેરાશ ઉષ્ણતામાન ૩૭° જેટલું હોય છે. ❖ આપણાં શરીરમાં શ્વાસોચ્છવાસની ક્રિયા દર મિનિટે ૧૬ થી ૧૮ વખત થાય છે. ❖ આપણાં શરીરમાં ૯૦૦૦ જેટલી સ્વાદકલિકાઓ છે. ❖ આપણાં શરીરમાં ૧ ચોરસ ઈંચે ૧૦,૦૦૦ કેશવાહીનીઓ છે. ❖ આપણાં શરીરમાં લોહનું પ્રમાણ ૭ ટકા છે. લગભગ ૧૨ શેર લોહી હોય છે. ❖ આપણાં શરીરમાં ૪૦૦ થી ૫૦૦ સ્નાયુઓ છે. ❖ શરીરનો સૌથી મોટો અવયવ યકૃત છે. ❖ પુખ્ત માણસના મગજનું વજન ૧૪૦૦ ગ્રામ જેટલું હોય છે. ❖ માણસની મહાકાયતા અને વામનતા પિચ્યુટરી ગ્રંથિને આભારી છે.

# પ્રસ્તાવના

*શિક્ષણપ્રેમીઓ !*

*સાદર વંદન*

ડાયટે વિશિષ્ટ પ્રકારની વૃત્તિ, ધારણા, નિષ્ઠા, કર્તવ્યપાલનતા અને સમજણવાળો શિક્ષકવર્ગ ઊભો કર્યો છે. જિલ્લાની પ્રાથમિક શિક્ષણની લઘુ યુનિવર્સિટી સમાન છાપ અમે ઊભી કરી છે. સાથી સંગાથી બનીને ચાલીએ એ જ ગુણવત્તા સુધી પહોંચવાનો મહામંત્ર છે. કર્મને જ ધર્મ સમજીને ચાલીએ. સેંકડો શિક્ષકોની સાતત્યપૂર્ણ નિષ્ઠા, ધગશ અને બાલભક્તિના કારણે અમે જિલ્લામાં ગુણવત્તામય કેળવણીરૂપી બોગનવેલ ફેલાવી શક્યા છીએ. જેનો આનંદ વ્યક્ત કરું છું.

આજે નિષ્ઠા, ધર્મ, કર્તવ્યપરાયણતા, પ્રતિબદ્ધતા નામશેષ થઈ રહી છે. જેમ જેમ સર્વિસ વધતી જાય તેમ જ માણસની નિષ્ઠા બુઠી થતી જાય છે. ધર્મ હવે ભભકાદાર અને દેખાદેખીથી આચરતો જાય છે. કર્તવ્યપરાયણતાની વાતો કરતા માણસ અંદરથી ખોખલો સાબિત થાય છે. પ્રતિબદ્ધતાને ઢબુરી દેવાઈ છે. આવું કેમ થાતું હશે ? આ બધાના મૂળમાં ત્રણ બાબતો છે. (૧) Leadership (૨) Positive thinking અને (૩) Commitment આ ત્રણ બાબતો ને આપણી જીવનસાધનાના મંત્રો બનાવીએ તો ઉપરોક્ત વેદનાઓનો વલૂરો શમી જશે.

''હો બિછાનુ આપણું જ્યાં બાણની શય્યા પર, શું પછી અફસોસ કરવો તીરની સંખ્યા ઉપર'' જિંદગીમાં હતાશા અને નાસીપાસ ને આપણી દાસી ન બનાવીએ. જિંદગી મોનાલીસાનું સ્મિત છે તો જિંદગીની રાહ માં પાનખર પણ ઊભી છે. પાનખરની ડાળી લઈને આપણે વસંતની કવિતા લખવાની છે. તૂફાની તરંગોને કહી દો, ધમપછાડા રહેવા દે, જો નાવ અમારી ડૂબી તો આખો દરિયો ડહોળાઈ જશે.

મિત્રો ! ''મૈત્રી'' ના માધ્યમથી મળતા રહીએ.

**આર. ડી. વણકર**
**પ્રાચાર્ય**
**ડાયટ, સંતરામપુર**

# તંત્રી સ્થાનેથી

સુજ્ઞ સારસ્વત મિત્રો !

નમસ્કાર !

માણસનો સૌથી સાચો સાથી તેનો હકારાત્મક દૃષ્ટિકોણ છે. દૃષ્ટિકોણ બદલો તો જગત બદલાઈ જશે. અન્યના ચશ્માથી સ્વને નિરખવાનો પ્રયત્ન કરીએ. પાણીનો ગ્લાસ અડધો ભરેલો હોય તેવુ કહેનાર હકારાત્મક દૃષ્ટિબિંદુવાળો છે. અને અડધો ખાલી છે તેવુ કહેનાર નકારાત્મક વિચારસરણીવાળો કહી શકાય. આપણે શિક્ષકો હકારાત્મક દૃષ્ટિ કેળવીએ.

આ એ જ ભૂમિ છે જ્યાં શિવાજી, પ્રતાપ જેવા શૂરવીરો થઈ ગયા. આ એજ ભૂમિ છે. જ્યાં ગાંધીજી, જવાહર જેવા અહિંસક વીરપુરૂષો થઈ ગયા. સરદાર જેવા બાહોશ અને નીડરની આ જન્મભૂમિ છે. આવી જન્મભૂમિમાં આપણો જન્મ થવો એ કુદરતે જગતને આપેલી સૌથી મોટી બક્ષિસ છે. અહીં તમને પાંડવોની સભામાં પત્ની દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરતા દુર્યોધનો મળશે. અહીં તમને કૈકેયી જેવાં માઠાં વચનો ઉચ્ચારનાર માતા મળશે. અહીં તમને ઝેરનો કટોરો મીરાંને મોકલનાર મેવાડના રાણા મળશે. આવી ધરામાં આપણે કૃષ્ણ બનવાનું છે અને શ્યામ બની ઝેરના કટોરાને અમૃત બનાવવાનું છે. ટ્રાયબલ એરિયામાં પણ આપણા શિક્ષકો વિરલ કામ કરે છે. તે આનંદની વાત છે.

ધ્રુવના તારાને દિશાનું જ્ઞાન આપવાનો કોઈ અર્થ નથી. હિરણ્યકશિપુ બનીને પ્રહ્લાદને લાલચોળ થાંભલા સાથે બાથ ભીડાવવાનું અધમકૃત્ય આપણે આચરવાનું નથી. આપણે એ હિરણ્યકશપ્રવૃત્તિને અજ્ઞાતમનના ધરામાં ડૂબાડી દેવાની છે. પિંજરુ સોને મઢેલુ હોય છતાં પંખી માટે તે કેદખાનું જ છે. શબ્દકોષ સઘળો પીંખી નાખીને તોય કદાચ ''નિષ્ઠા'' નામનો શબ્દ ન મળે તેવું બને, છતાં તેને નિષ્ઠાનો પર્યાય ગણીએ. ઘણીવાર નજીકના માણસને ઓળખવામાં જગત થાપ ખાઈ જાય છે. કાજલ આંખમાં હોય છતાં નયનો તેને નિરખી શકતાં નથી. આવા સમયે આંતરદૃષ્ટિ કેળવીએ.

આપણે તો ટચુકડી આંગળીથી પણ પર્વતને ઊંચકવા સમર્થ છીએ. હા, એક દેકારાની જરૂર છે. યુગોથી સાવ ખાલી થઈ ગયેલી વાવ જેવા ક્યાં સુધી રહીશું ? હવે તો તુફાનોમાં રસ્તો કરીને આગળ ચાલવામાં જ મઝા છે. શિક્ષણના સમંદરમાં ઊંડે સુધી તરવામાં જ મઝા છે. મારું ડાયટ જ દ્વારકા છે. ડાકોર અને અજમેર છે, ઉદવાડા અને જેરૂસલેમ છે. સુદામા બનીને કૃષ્ણને મળવાનો આનંદ છે. શાળાએ ફરીને હવે શિક્ષકરૂપી કૃષ્ણનાં દર્શન કરવાં છે.

મને ઘણીવાર એ જોઈને હસવું હજાર વાર આવે છે, હે પ્રભુ ! તારા બનાવેલા જ તને બનાવે છે. હવે એ રામ રહ્યા નથી, જેને એઠા બોર ખવરાવવા શબરી આતુર છે.

હવે ફ્લાવરવાઝમાં કાગળનાં ફૂલો મઘમઘે છે. સૂર્ય પણ દરરોજ ઊગી ઊગીને અનિષ્ઠોનું અંધકાર વધતાં થાકી ગયો છે. પૂનમને ચંદ્રગ્રહણ ભરખી જાય છે. માળી જ બગીચાના ફૂલોને મૂરઝાવી નાખે છે. છતાં પણ આપણે મક્કમ રીતે આગળ વધીએ, એજ જીવનનો ખરો શણગાર છે.

**ડો. એ. વી. પટેલ**
**તંત્રી ''મૈત્રી''**
**ડાયટ, સંતરામપુર**

# ધો-૪ના શિક્ષકો માટે - ભાષા-અધ્યાપનની કેટલીક વાતો...

ડૉ. એ. વી. પટેલ
ડાયટ, સંતરામપુર

ગુજરાતી આપણી માતૃભાષા છે. તેનું મહત્ત્વ માતાના દૂધ જેટલું છે. તે 'ગુર્જરગિરા'ના નામથી પણ ઓળખાય છે.

કોઈપણ ભાષા એ સમ્પ્રેષણનું એટલે કે વિચારોના આદાન-પ્રદાન માટેનું મહત્ત્વનું સાધન છે. શાળામાં શીખવાતા તમામ વિષયો માતૃભાષા દ્વારા જ બાળક શીખે છે. તેથી માતૃભાષાનું મહત્ત્વ અનેકગણું વધી જાય એ સાહજિક છે.

જે માતૃભાષા દ્વારા આપણે બાળકો સુધી પહોંચવું છે તે ભાષા (માધ્યમ) જ નબળી હશે તો બાળકો સુધી વિચારો પહોંચાડવામાં આપણે કેટલા સફળ પૂરવાર થઈ શકીશું ?

માટે જ જે ભાષા દ્વારા આપણે બાળકો સુધી પહોંચવું છે, વિચારોનું આદાન-પ્રદાન કરવું છે એ ભાષાને સમર્થ બનાવવી જ પડશે. ભાષાને સમર્થ બનાવવા આપણે આટલું તો ધ્યાનમાં રાખીએ જ - ભાષાનાં પાયાનાં ચાર અધ્યયન ક્ષેત્રો - શ્રવણ, કથન, વાચન, લેખનની ક્રમિકતા એ સંપૂર્ણ વૈજ્ઞાનિક રીતે ગોઠવાયેલી છે. બાળક જેવું સાંભળે છે તેવું જ બોલે છે... અને લખે છે. એટલું જ નહિ તમામ ક્ષેત્રો અને ક્ષમતાઓ એકબીજા સાથે આંતર સંબંધોથી જોડાયેલાં છે. અને યાદ રહે કે શ્રવણ અને વાંચન એ અર્થગ્રહણ માટેનાં ક્ષેત્રો છે, જ્યારે કથન અને લેખન એ અભિવ્યક્તિનાં ક્ષેત્રો છે,

વિચારોનું અર્થગ્રહણ અને અભિવ્યક્તિ જેટલાં અસરકારક તેટલી ભાષા તાકાતવાળી બને છે.

ધોરણ-૪ના ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં કુલ ૨૦ એકમો છે. જેમાં ૬ કાવ્યો છે, જ્યારે ૫ વાર્તા, ૩ નિબંધ, ૨ ચરિત્ર, ૧ વ્યક્તિ ચિત્ર, ૧ પત્ર, ૧ ચર્ચા અને ૧ વર્ણન સમાવવામાં આવેલા છે. તે ઉપરાંત શિક્ષક આવૃત્તિમાં ૪૪ પ્રવૃત્તિઓ, ૧૦ પૂરકગીતો અને ૫ પૂરક વાર્તાઓ આપેલ છે.

**એકમ ચિત્રનું પ્રયોજન :** પાઠ્ય પુસ્તકમાં સમાવિષ્ટ એકમચિત્રો ખાસ હેતુસર મૂકવામાં આવેલ છે. જેનો ઉપયોગ આ રીતે કરી શકાય -

→ બાળકોને ચિત્રનું ઝીણવટ ભર્યું અવલોકન કરવા પ્રેરવા.
→ બાળકો પાસે સરળ ભાષામાં ચિત્રની વિગતોનું વર્ણન કરાવવું.
→ ચિત્રમાંના ભાવોનું અર્થગ્રહણ કરાવવું.
→ ચિત્ર આધારે એકમસંબંધી પ્રશ્નોત્તરી કરવી.
→ સરળ ભાષામાં લેખિત સ્વરૂપે વર્ણન કરાવવું.
→ રંગ-પૂરણીના ચિત્રોમાં જરૂરી માર્ગદર્શન આપી રંગ-પૂરણી કરાવવી.
→ શક્ય હોય તેવાં ચિત્રો બાળકોને દોરવા આપવાં.

**ભૂમિકા :** ધો-૪ ગુજરાતીની શિક્ષક આવૃત્તિમાં એકમની શરૂઆતમાં ભૂમિકા આપેલી છે, તે માત્ર શિક્ષકો માટે જ છે તેને આપણે શિક્ષકો અવશ્ય વાંચીએ, વિચારીએ અને સમજીએ. ભૂમિકા જે તે પાઠનું સમગ્ર હાર્દ પ્રગટ કરે છે, તેમજ વધુ ભાર આપવા યોગ્ય બાબતોનો નિર્દેશ કરે છે.

**એકમની રજૂઆત :** શિક્ષક આવૃત્તિમાં આપેલ પાઠના વિકાસક્રમને અનુસરીએ. અને જરૂરી જણાય તો ઉચિત પૂરક સામગ્રી મૂકી શકીએ.

| ગદ્ય શિક્ષણ | પદ્ય શિક્ષણ |
|---|---|
| આદર્શ વાંચન/વાર્તાકથન | આદર્શકાવ્ય પઠન |
| બાળકોનું મુખવાંચન | શિક્ષક દ્વારા કાવ્યગાન |
| બાળકોનું મૂકવાંચન | બાળકોનું સમુહગાન |
| પ્રશ્નોતરી, શબ્દ ભંડોળ | વ્યવહારિક વ્યાકરણ |

ભાષા વિકાસ કરતી વખતે એકમ વિષય વસ્તુની ચર્ચારૂપે જે પ્રશ્નોત્તરી કરવામાં આવે છે તેનું સ્વરૂપ સરળ

અને પ્રશ્નોનું પ્રમાણ પુષ્કળ રાખવું. પ્રશ્નો એવા હોવા જોઈએ કે જેમાંથી એકમના અપરિચિત શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતો, સમાનાર્થી વિરોધી શબ્દો, ભાષા પ્રયોગ આ બધું સાહજિક પણે મેળવી શકાય.

વ્યાકરણ એ ભાષાનો પ્રાણ છે. તેના વિના ભાષાની બાંધણી ન થઈ શકે. વિવિધ ભાષા પ્રયોગો દ્વારા સરળ રીતે વ્યાકરણ શિક્ષણ કરાવવાનું છે. તેના વિવિધ અભ્યાસો શિક્ષણ આવૃત્તિમાં મૂકવામાં આવેલ છે. તેનો સૂપેરે ઉપયોગ કરીને તેમજ એવાં બીજાં ભાષાના સુસંગત અભ્યાસ ઊભા કરીને બાળકોને ભાષાના મહાવરા પૂરા પાડીએ.

ફક્ત સીધે-સીધા અર્થો આપી દેવાથી કશું જ ભાષા શિક્ષણ થતું નથી. શબ્દ કે શબ્દ સમૂહની સંકલ્પના સ્પષ્ટ કરવા માટે તેને અનુરૂપ નાનકડી ઘટના કે પ્રસંગનો ઉપયોગ કરી શકાય.

દા.ત. : 'જીવમાં જીવ આવવો' એટલે 'શાંતિ થવી' તે ઘટના કે પ્રસંગ દ્વારા બાળકોને સરળતાથી સમજાવી શકાય.

શિક્ષક આવૃત્તિમાં ક્યાંય સંજ્ઞા, વિશેષણ, વચન, લિંગ... જેવા શબ્દોનો ઉલ્લેખ કર્યા સિવાય માત્ર 'નમૂના મુજબ કરો' એવી સૂચનાથી વ્યાકરણ શિક્ષણના સ્વાધ્યાય આપવામાં આવ્યા છે તેનો પણ ઉપયોગ કરીએ.

**નોંધ : કાવ્ય શિક્ષણ માટે...**

→ કાવ્ય માણવા માટે છે. બાળકો કાવ્યનો રસાસ્વાદ માણે તે જરૂરી છે.
→ કાવ્યનું અવારનવાર ગાન કરાવીએ.
→ શક્ય હોયતો કાવ્યનો અભિનય કરાવવો. (નાટ્યીકરણ પણ કરાવી શકાય.)
→ શબ્દોને અલગ પાડીને એકએક શબ્દ સમજાવવાની જરૂર નથી.
→ ગદ્ય કાવ્યોને કંઠસ્થ કરાવીએ.
→ કાવ્યનું પઠન એવી રીતે કરીએ કે જેથી બાળકો કાવ્યનો ભાવ સહેલાઈથી પકડી શકે.

**ઉચ્ચારણ :**

અભિવ્યક્તિમાં ઉચ્ચારણની આગવી અગત્યતા છે. ઉચ્ચારણમાં દોષ થવાથી સાચા અર્થમાં અર્થગ્રહણ થઈ શકતું નથી અને વિચિત્ર અર્થભેદ થાય છે.

દા.ત. (કાવ્ય પંક્તિ) તમે મળવા તે ના'વો શા માટે ? તમે ના'વો તો નંદજીની આણ, મળવા આવો સુંદરવર શામળિયા.

'ળ' ની જગ્યાએ 'ર' બોલતાં -
તમે મરવા ને ના'વો શા માટે ?
તમે ના'વો તો નંદજીની આણ,
મરવા આવો સુંદરવર શામરિયા

આવી જ રીતે - શ - ષ - સ, ચ-સ, છ-સ ના અર્થ ભેદવાળા શબ્દો લઈ સુધારો કરી શકાય.

આપણે શિક્ષકોએ ઉચ્ચારણમાં ખૂબ કાળજી લેવી આવશ્યક છે. બાળકો આપણું સંપૂર્ણ અનુકરણ કરે છે તે ન ભૂલીએ. ઉચ્ચારણની નાની-નાની ભૂલોને ચલાવી ન લેતાં જરૂર જણાય ત્યાં ઉચ્ચારણ અભ્યાસ (સામૂહિક કે વ્યક્તિગત) કરાવીને પણ બાળકોના શુદ્ધ ઉચ્ચારણનું કામ થયું લેખાશે. ભાષા શિક્ષણમાં વાચનનું આગવું મહત્ત્વ છે. વચન જો ભૂલભરેલું હશે તો અર્થગ્રહણ ખોટું થવા સંભવ છે - જે ભાષાને ખૂબ જ હાનિકારક સાબિત થાય, માટે કોઈપણ પાઠનું વર્ગમાં વાચન કરતાં પહેલાં આપણે ચારથી પાંચ વાર વાચન કરી લેવું જરૂરી છે.

→ પુસ્તક અને આંખ વચ્ચે યોગ્ય અંતર રાખવું.
→ પુસ્તકને યોગ્ય રીતે પકડીને વાંચવું.
→ આરોહ અવરોહયુક્ત વાંચન કરવું.
→ વિરામ ચિન્હોને ધ્યાનમાં રાખીને વાંચવું.
→ શબ્દ કે વાક્યને તોડ્યા વિના વાંચવું.

**જુદી-જુદી જગ્યાએ સ્વરભાર મૂક્વાથી થતો અર્થભેદ :**

દા.ત. : (૧) હાથી પહાડ જેવડો છે.

'હાથી શબ્દ પર ભાર મૂકવાથી અર્થ એવો થાય કે - હાથી જ પહાડ જેવડો છે, બીજું પ્રાણી નહિ.

(૨) હાથી પહાડ જેવડો છે.

'પહાડ' શબ્દ પર ભાર મૂકવાથી એનો અર્થ થાય કે - હાથી પહાડ જેવડો છે, ડુંગળી જેવડો નહિ.

**મુખ વાંચન : (મુખર વાંચન - મોટેથી વાંચવું)**

→ બાળકોને મુખવાંચન કરાવતા પહેલાં શિક્ષકનું આદર્શવાંચન થાય તે જરૂરી છે.

→ શિક્ષકના આદર્શવાંચન પછી વર્ગના દરેક બાળકને થોડું થોડું મુખવાંચન કરાવવું, જરૂરી શિક્ષકે માર્ગદર્શક આપતા રહેવું.

→ એક બાળક મુખવાંચન કરતું હોય ત્યારે વર્ગનાં બધાં બાળકો ધ્યાન રાખે તે જોવું.

→ મુખવાંચન થયા પછી જ મૂકવાંચન આપવું.

મૂકવાંચન : મૂકવાચન એ અર્થગ્રહણ માટેનું વાંચન છે.

માત્ર કીકીનું જ સહેજ હલન ચલન, માથું હાલે નહિ એ રીતે હોઠ ફફડાવ્યા વિના કરાતું શાન્ત વાંચન. વાંચનની ઝડપ અને અર્થગ્રહણ બંને વધારે છે.

**લેખન :**

લેખન એ અભિવ્યક્તિ માટેનું મહત્ત્વનું કૌશલ્ય છે. આ કૌશલ્યની ખીલવણી માટે શિક્ષકે નીચે પ્રમાણેની બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

**વર્ણ મરોડ :**

દરેક અક્ષરના સાચા મરોડનો અભ્યાસ કરાવવો.

મરોડ સુધારવા માટે પ્રવૃત્તિઓ કરાવવી.

સતત સુલેખનનો મહાવરો કરાવવો.

શિક્ષકનું લખાણ મરોડદાર હોવું જોઈએ.

(પાયાના ધોરણોમાં જે વર્ગશિક્ષકના હસ્તાક્ષર સુંદર હોય છે તે વર્ગના બાળકોના હસ્તાક્ષર મોટે ભાગે સુંદર જોવા મળે છે.)

અક્ષર-અક્ષર વચ્ચે યોગ્ય અંતર રાખીને લેખન કરાવવાના સતત પ્રયત્ન કરીએ.

શબ્દ-શબ્દ વચ્ચે યોગ્ય અંતર રાખીને લખાવવાનો મહાવરો કરાવવો.

પ્રાથમિક કક્ષાએ પૂર્ણવિરામ, અલ્પવિરામ, પ્રશ્ન વિરામ, આશ્ચર્ય વિરામ જેવાં વિરામ ચિન્હોની સામાન્ય સમજ આપી યોગ્ય ઉપયોગ કરાવવો.

ઉપરોક્ત બાબતોનો અભ્યાસ અનુલેખન, શ્રુતલેખન અને સ્વતંત્ર લેખન વખતે કરાવી શકાય.

**અનુલેખન : જોઈ-જોઈને લખવું તે.**

બધા પ્રકારના (કક્ષા મુજબ) વિરામ ચિન્હો આવતા હોય તેવા ફકરાનું અનુલેખન કરાવવું.

અનુલેખન યોગ્ય રીતે તપાસી પૂરેપૂરું માર્ગદર્શન આપવું.

(વિદ્યાર્થીઓને પણ આપસમાં તપાસવા આપી શકાય)

પુનઃ અનુલેખન કરાવીને આપસમાં વાંચન કરાવી શકાય.

(ક્ષમતા ૩-૪-૧ હાથના લખાણનું વાચન)

**શ્રુતલેખન : સાંભળીને લખવું તે.**

(સાંભળવું, સમજવું, યાદ રાખવું, લખવું)

→ વર્ગમાં બાળકો જે પ્રકારના શબ્દો લખવામાં ભૂલો કરે છે તેવો ફકરો પસંદ કરવો.

→ ફકરો કા.પા.માં લખી સંભવિત ભૂલો વિશે નિર્દેશ કરવો.

→ કા.પા.માં લખેલો ફકરો ભૂંસી નાંખી તેજ ફકરાનું શ્રુતલેખન કરાવવું.

(નોંધ પૂરતા મહાવરા પછી સીધે-સીધો ફકરો પણ લખાવી શકાય.)

→ યોગ્ય ઝડપથી લેખન કરાવવું.

→ શબ્દો કે વાક્યો તોડીને લેખન કરાવવું નહિ.

→ પૂરું વાક્ય કે અર્થપૂર્ણ શબ્દ સમૂહ બોલીને લેખન કરાવવાનું રાખવું.

→ વાક્ય બેથી ત્રણ વાર બોલવું નહીં.

**સ્વતંત્ર લેખન : (પાંચથી દસ વાક્યો)**

→ જાણીતી બાબતોનું મૌખિક વર્ણન કરાવ્યા બાદ લેખિત વર્ણન કરાવવું. (જરૂર જણાયે શબ્દો કે મુદ્દા આપી શકાય.)

→ રજાચિઠ્ઠીનું લેખન કરાવવું.

**સ્વાધ્યાય :**

એકમના અંતે મૂકેલ સ્વાધ્યાયના પ્રશ્નોની ચર્ચા શિક્ષકે વર્ગખંડમાં કરવી અને પછી જ બાળકોને સ્વાધ્યાય લખવા આપવો. શિક્ષકની હાજરીમાં, શિક્ષકના માર્ગદર્શન તળે બાળકો સ્વાધ્યાયનું જાતે જ લેખન કરશે.

**પૂરક સામગ્રી**

→ ગીત અભિનય ગીત

→ શિક્ષક આવૃત્તિમાં આપેલ પૂરક ગીતો યોગ્યરાગ, તાલ અને લય સાથે ગવડાવવાં અને શક્ય હોય તો અભિનય કરાવવો.

→ આ ગીતોની કેસેટ ઉપલબ્ધ હોય તો અવશ્ય સંભળાવવી.

→ એકમને અનુરૂપ પૂરક ગીતો મેળવીને ગવડાવવો.

**વાર્તા :**

→ વાર્તા શિક્ષકને કંઠસ્થ હોવી જોઈએ.

→ વાર્તા યોગ્ય હાવભાવ સાથે કહેવી જોઈએ.

→ બાળકોની કક્ષાની અનુરૂપ વાર્તા હોવી જોઈએ.

→ ટૂંકા સરળ વાક્યો અને શબ્દો હોવા જોઈએ.

→ સાદી સરળ ભાષામાં વાર્તા કહેવાવી જોઈએ.

→ વાર્તાના અંતે બોધ અલગ રીતે કહેવાની જરૂર નથી.

→ ભય ઉપજાવે તેવી વાર્તા ન હોવી જોઈએ.

→ વર્ગનાં બધાં જ બાળકો સાંભળી શકે તેટલા ઊંચા અવાજમાં વાર્તા કહેવી જોઈએ.

**શબ્દકોશનો ક્રમ :**

**સ્વથી શરૂઆત**

→ અ અં આ ઈ ઈં ઈ ઈં ઉ ઉં ઊ ઊં ઋ એ એં ઐ ઐં ઓ ઓં ઔ ઔં

**સ્વર પછી વ્યંજનથી શરૂ થતા શબ્દો**

→ ક કં કા કાં કિ કિં કી કીં કુ કું કૂ કૂં કૃ કે કેં કૈ કૈં કો કોં કૌ કૌં ક્ય...., ક્...ક્લ...ક્વ...ક્ષ...

→ જ જં જા જં જિ જિં જી જીં જુ જું જૂ જૂં જે જેં જૈ જૈં જો જોં જો જૌ જૌં જ્ઞ... જય...જવ....

→ ત... ત્યોં.... ત્ય... ત્ર...

## વ્યક્તિત્વ લક્ષણો

ડૉ. એ. વી. પટેલ
ડાયટ, સંતરામપુર

(પ્રત્યેક અધિકારીને પોતાના કાર્યક્ષેત્રમાં આવતા કર્મચારીઓ સાથે કામ કરવાનું થાય છે. પ્રત્યેક વ્યક્તિને પોતાનું આગવું વ્યક્તિત્વ હોય છે. સામેની વ્યક્તિ પરસ્પરના વ્યવહારને સતત મુલવતી રહે છે. આ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. સમાજ પર જેના વ્યક્તિત્વની ગાઢ અસર પડે છે. તેવી વ્યક્તિ પાસેથી કેટલીક અપેક્ષાઓ સાહજિક રાખવામાં આવે છે. વ્યક્તિત્વને લગતા કેટલાક લક્ષણોની ચર્ચા સાધુ આદર્શજીવનદાસ (B.A.P.S. અમદાવાદ)ના નિબંધમાંથી અત્રે સાભાર સંકલિત કર્યા છે.)

यद्यदाचरति श्रेष्ठस्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥

સમાજ એક યા બીજા પ્રકારના નેતૃત્ત્વથી દોરવાતો હોય છે. આવી સ્થિતિમાં શ્રેષ્ઠ નેતાની જવાબદારી ખૂબ જ વધી જાય છે. The greatest truths are the simplest & many can be expressed in a single world "વિસ્ટન્ટ ચર્ચિલ." જગતનાં મહાન સત્યો હંમેશા સરળ હોય છે, પરંતુ 'નેતાના અનુભવની કચાશ તેને જટિલ બનાવે છે. ન સમજાય તેવા ભારેખમ શબ્દોનો આડંબર, શબ્દોની સાઠમારી અને શબ્દોની ભ્રમજાળનો ઉપયોગ પ્રવચનમાં કરતા રહે છે. હકીકતે તો આ અનુભુતિની કચાશને વાણીના રેશમથી ઢાંકી શ્રોતાને ફરજીયાત તાળીઓ પડાવતા હોય છે !!! સામાન્ય જનસમાજ નેતાઓના પ્રવચનોને અનુસરનારો અને એમના નેતૃત્ત્વથી તથા એમની ઉપરની શ્રદ્ધાથી પોતાનો વિકાસ થવામાં માનતો હોય છે, કારણ કે પ્રવચન કરનાર નેતાનું આચરણ જ અન્ય શિક્ષક / કર્મચારીને દીવાદાંડીરૂપ હોય છે, આદર્શ હોય છે. પ્રવચનની છટા મનોરંજન કરી શકે, મનોપરિવર્તન નહીં, આ નક્કર સત્યને સ્વીકારી વચનો / પ્રવચનો કરવાં જોઈએ વિશાળ શ્રોતાગણ તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, આ માટે કેટલાક મૂલ્યો અપનાવવાં, તેનું જતન કરવું, સંવર્ધન કરવું પડે, તો જ અન્યનો આદર્શ બની શકાય.

### ૨. પ્રજાનો નમ્ર સેવક

सेवाधर्मो परमगहनो योगिनाम् अपि अगम्य:

યોગીઓને પણ દુર્લભ એવો ફરજ પાલન / સેવાધર્મ નેતાના લોહીમાં વણાઈ જવો જોઈએ. રજૂઆત કરનાર, લાભાર્થી, અરજદારની નિયમોની જોગવાઈ મુજબની માંગણી સંતોષવામાં વિશેષ રૂચિ ધરાવનાર જ નેતા છે. તીતીક્ષા, અમાનિત્વ, પ્રમાણિકતા, સામેની વ્યક્તિના મનને પારખી તેની અપેક્ષા પૂર્ણ કરનાર જ ખરા અર્થમાં પ્રજાનો નમ્ર સેવક બની શકે છે.

### ૩. વિચારશીલ

ફ્રાન્સનો સાહિત્યસ્વામી 'રોમા રોલા' કહે છે "સતત મનનશીલ, વિચારશીલ જીવન જીવવું એ એક સાહસ છે." કોઈએ પરંપરા - પ્રણાલી - કેડી કંડારી હોય તેના પર જ ચાલનાર એક વર્ગ છે. પ્રતિદિન પરિવર્તન આવતાં રહે છે. ત્યારે જૂના પુરાણા વિચારો, પૂર્વગ્રહો, પક્ષપાતો, પૂર્વધારણાઓ, કુંઠીતતા - વિકાસમાં અવરોધક બને છે. પરિવર્તનની પ્રક્રિયા સાથે સતત વિચારતા રહેવું બહુજ અગત્યનું છે. રસ્કીનના શબ્દો આજે પણ આ બાબતને સમર્થન આપે છે. "વિચારશૂન્યતા એ આજના જમાનાની સૌથી મોટી સાર્વજનિક આપત્તિ છે." બિનજરૂરી ઘણુબધું વિચારી રાતભર ઉજાગરો વેઠનાર, બીજાને ઉજાગર ન કરી શકે. આજે જરૂર છે : સ્વચ્છ, સુંદર, તાજગીયુક્ત, લોકગ્રાહ્ય રીતે વિચારશીલ પ્રતિભા કે જે, લોકોત્તર બનીને સમગ્ર જિલ્લાને પ્રકાશિત કરે.. વિચારની ધ્રુવતા, સૂચનોના સુસવાટાથી ફરવી ન જોઈએ. લાલચની લગામ બીજે દોરી ન જવી જોઈએ. સામાન્યતઃ બૌદ્ધિકતા માપવા IQ Test અને નૈતિકતા માપવા MQ Test હોય છે. આ બંને ટેસ્ટ આપવાની તૈયારી રાખનાર વિચારશીલ વ્યક્તિત્વ છે. સ્વતંત્ર અને મૌલિક વિચારધારાથી જ અન્યના ચિતરેલા ચીલા પર ચાલ્યા વિના, પોતિકી મૌલિકતાના અનેરા ચાસ પાડી શકાય, જેમાં ઉત્તમ વિચારોનું વાવેતર થઈ શકે. A Problem well defined is half solved. વિચારશીલ જીવન, સમાજની સેવામાં ઉપકારક બની રહે.

### ૪. ગૃહ પ્રશંસક :

રંગ અંધાપો હોય તેવી વ્યક્તિને મેઘધનુષ્યના બધા રંગો દેખાતા નથી. અંધાપો એ કેવળ આંખની જ મર્યાદા છે. એવી ગેરસમજના મૂળમાં દર્શન એ માત્ર આંખનો જ વિષય છે, એવો વહેમ રહેલો જણાય છે. આંખો ખુલી હોય ત્યારે પણ આપણને સામેની વ્યક્તિના ગુણો દેખાતા નથી અને આંખો બંધ હોવા છતાં એનાં નાનામાં નાના દોષો સ્પષ્ટ દેખાય છે. કોઈકને મુલવતી વખતે આપણે કાંજીની દક્ષતા પ્રાપ્ત કરીએ છીએ પણ તેનીજ પ્રશંસા કરતી વખતે આપણી જીભને કાંટા વાગે છે ! ટીકા કરવામાં શૂરાપુરા હોઈએ છીએ. ખુશામત કરવામાં સ્વાર્થી હોઈએ છીએ. જે ઉદાર માણસ હોય તેજ ખેલદીલ રીતે જ્યાં કરવી જોઈએ ત્યાં સૌની પ્રશંસા કરે છે. કાર્યક્ષેત્રમાં આવતાં કર્મચારીમાં જે કાંઈ સારું જોવા મળે, જે કંઈ ગમે, તેની પ્રશંસા અવશ્ય કરવી જોઈએ. આ પ્રશંસા દ્વારા પ્રોત્સાહનના પીયુષનું સિંચન થાય છે. ધ્યેયની દિશામાં સદા શીઘ્ર અને અગ્ર ગતિ અપાય છે. નવા ગુણોનો આવિષ્કાર થઈ ગુણોની ગુણવત્તામાં વધારો થતો રહે છે.

સમકક્ષને એક કક્ષા પર જતા જોઈને ભડકી ઉઠતી ઈર્ષાની જવાળાઓથી આજની દુનિયા ગ્રસ્ત છે, ત્યારે બીજાની પ્રશંસા કરવાનું કાર્ય દુષ્કર બની જાય છે. ત્યારે અંતરમાં પડેલી મત્સરની મલીનતાને ખંખેરી અન્યની હૃદયથી પ્રશંસા કરવી જોઈએ અને તે પણ જાહેરમાં. નાનામાં નાની વ્યક્તિમાં પડેલા ગુણનો આદર કરી તેના ગુણના પ્રચારક - પ્રસારક બનવું પડે ત્યારે "જિલ્લા પરિવારના વડા" તરીકેનું બિરૂદ યથાર્થ બને.

### ૫. નિઃસ્પૃહી

ગીતાજીના પંદરમાં અધ્યાયને ભલે અક્ષરશઃ ન પાળી શકીએ તો પણ અનાસક્તિ, અનભિસ્નેહ એટલે કે નિઃસ્પૃહિતાને કેટલાક અંશે સ્વીકારી એ તો પણ બહુ મોટી સેવા થઈ શકે તેમ છે. કાર્યક્ષેત્ર વિશાળ છે, તેમાં સતત વિવિધ ઘટનાઓ ઘટતી રહે છે. એકાદ અણગમતો બનાવ આપણો આખો દિવસ બગાડી મુકે છે. એક કડવો શબ્દ જીવનને બેસ્વાદ બનાવી મુકે છે. શુભાશુભ, લાભાલાભ, જયપરાજયના દ્વંદ્વમાં ફસાઈ જવાય છે. ઘડી

ભર તો એવું લાગે કે, મારા પર કોનું રાજ ચાલે છે ? મારું પોતાનું કે ઘટેલ ઘટનાનું ?

આપણા સ્વરાજ્ય પર સૌથી મોટો પ્રહાર સંબંધોના વળગણ દ્વારા થાય છે. ફલસ્વરૂપે મૃદંગની માફક આપણે બંને બાજુથી થપાટ ખાવી પડે છે. સંબંધોના કારણે સુખની પજવણી ઝટ ધ્યાનમાં નથી આવતી, પણ ઘટેલ ઘટનાથી પેદા થયેલ દુ:ખની પજવણી ધ્યાને તરત આવે છે. વ્યક્તિ, પદાર્થ કે સ્થાનનું વડગણ ન હોય તો નિઃસ્પૃહી બની શકાય. તે પ્રકારની કાર્યપદ્ધતિ વિકસાવી શકીએ. આ પ્રકારનું વ્યક્તિત્વ અન્ય માટે અનુરાગ ઉપજાવી શકે. સર્વને સમ્યક પ્રકારે જોઈ શકીએ. દૃઢ મનોબળ વ્યક્ત કરી શકીએ.

**૬. નિખાલસ**

આજના અધિકારી માટે કહેવું હોય તો કહી શકાય કે તે 'પ્રોગ્રામ્ડ ઓફિસર' છે એ પોતાનું જીવન પોતાની ઈચ્છા પ્રમાણે જીવતો જ નથી. જેમ જેમ તેની પ્રતિષ્ઠાનું ક્ષેત્રફળ વધે તેમ તેમ તેના સ્વરાજ્યનું ઘનફળ ઘટે છે. જે કાંઈ થોડા લોકો (આજુબાજુ ફરનાર) પોતાને ઓળખે છે, તેની આગળ પોતે કેવો દેખાશે ? તેનો ભય સતત તેના વ્યક્તિત્વને ઘસતો રહે છે. પરિણામે સાવ હળવી કામગીરી પણ તેના માટે ભારેખમ બની રહે છે. તેવી પરિસ્થિતિમાં લેવાતાં નિર્ણયો કે જે બહુ મોટા સમુદાયને (આજુબાજુ ન ફરનાર) સ્પર્શે છે. તેની અસરો શિક્ષણ જગત અનુભવે છે. પરિણામે આક્રોશ, અસંતોષ, અન્યાય જન્મે છે. પરંતુ અધિકારી સભાનતાપૂર્વક નિર્ભયતા, નિર્દોષતા, નિખાલસતા કેળવી શકે તો કચેરીમાંથી પણ એકાદ પાત્ર તેની મદદમાં આવે છે. ભલે આખી ઓફિસમાં વિલંબની બોલબાલા હોય, ત્યાં કામના નિકાલની ધગશવાળો એક સામાન્ય કારકુન ધુપસળીમાંથી નિકળતી ધુમ્રસેરની માફક ઓફિસમાં સર્વત્ર વ્યાપી રહેતો જોવા મળશે. વિશ્વની ક્ષિતિજ આજે જ્યારે સુંવાળી ચામડીને ખરબચડી અંતરવાળી વ્યક્તિઓની દંભવલ્લભ સંસ્કૃતિ ઉદ્દીત થઈ રહી છે, ત્યારે પરિશુદ્ધ અને નિખાલસ વ્યક્તિત્વની અપેક્ષા અસ્થાને નથી.

**૭. સ્પષ્ટવક્તા**

કાર્યક્ષેત્રમાં આવતા કર્મચારીઓની રસીક અને પ્રેમાળ વૃત્તિઓને પોષવી જોઈએ, એ ખરું પણ તેના ઉપર અંકુશ પણ રાખવો પડે. નહિતર અનુસરણ કરનાર વર્ગ ઉચ્છૃંખલ બની જાય તેવી સંભાવના રહે. કર્મચારીઓની નાડ પારખવાની શક્તિ હોવી જોઈએ. જો તેઓ ગંતવ્યથી ફંટાઈને વિચલીત થતા હોય તો તેમને સ્પષ્ટપણે કહી, અવશ્ય રોકવા ટોકવા પડે. અત્યંત મેધાવી વ્યક્તિને પણ સ્પષ્ટપણે કહેવાનું કૌશલ્ય હોવું જોઈએ. કેટલીક વ્યક્તિ પ્રત્યેનો અનુરાગ, પક્ષપાત ઘણીવાર ફરજપાલનને અડચણ ઊભી કરે છે. જે ઉભયના જીવનને નિષ્કલંક બનાવવા નાનીશી અપેક્ષાને પણ સ્પષ્ટપણે જાહેરમાં મુકતા ખચકાટ ન થવો જોઈએ.

પ્રસંગોપાત "વ્યવહારુ અધિકારી"ની છાપ ધરાવનાર, अनुकुल: शतावर्त: (સો સો વાર અનુકુળ થનાર)નો ગેરલાભ ઉઠાવવાનો, કેટલાક પોતાનો અધિકાર માની બેસે છે. તેવા સમયે સ્પષ્ટતાથી તેને તેનું સ્થાન, તેની હેસિયત બતાવીને સમષ્ટીનું અહિત થતું રોકવું જોઈએ. કોઈપણ માણસ ક્યારેય પૂર્ણ હોતો નથી, દોષ વિનાનો માણસ એ ખીણ વિનાના શીખર જેવો છે. વ્યક્તિ પોતે જ ભોયતળીયું છે, ને પોતે જ અગાશી છે. દરેકમાં ક્ષતિઓ, અપેક્ષાઓ કે ખલતા હોવાની જ, પરંતુ એ વખતે જે તે વ્યક્તિને સ્પષ્ટપણે ધ્યાન દોરવાથી તેનું અને અન્યનું ભલું થાય છે. સ્પષ્ટવક્તાપણા પાછળ હકીકતે તો સમગ્ર કર્મચારી પ્રત્યે ઊંડી ચાહના જ હોય છે. તેમના પ્રત્યે અણગમો કર્યા વગર સ્પષ્ટ વચનો કહેતાં આવડવું જોઈએ. એક અપ્રતિમ આયોજક તરીકે નિરપેક્ષ્ય તાટસ્થ્ય આપોઆપ પ્રદર્શિત થાય છે. વ્યક્તિની વૃત્તિ કે પ્રવૃત્તિ, પ્રકૃતિ કે વિકૃતિને બહુ કાળ સુધી અવલોકીને તેના વિશે અભિપ્રાય આપવો જોઈએ, તો જ તે અભિપ્રાય બહુમૂલ્ય બને જ્યારે સારુ જોવા મળે ત્યારે કદર કરવી, અને જ્યાં ઉણપ દેખાય ત્યાં ટકોર કરવાથી સ્પષ્ટવક્તાનું મૂલ્યાંકન ક્યારેય એકાંગી બનતું નથી.

**૮. આત્મિય**

કોઈએ કહ્યું છે કે Love is nature's Second Sun પ્રેમ એ પ્રકૃતિનો બીજો સૂર્ય છે. એક સૂર્ય આકાશમાં

ઉગે છે. બીજો હૃદયાપ્રકાશમાં. તત્ત્વજ્ઞાનીઓ આ પ્રેમની ચર્ચા કરે છે. પ્રેમ એ ચર્ચાનો વિષય નથી. પ્રેમ એ નામ નથી, કે નથી વિશેષણ, પ્રેમ ક્રિયાપદ છે, પ્રેમ સમજણ છે, પ્રેમ એ વિચારની નહીં પણ આચારની ભાષા છે. પ્રેમનો અનુભવ હવા જેવો છે. હવાને ''હોવાપણું'' સિદ્ધ કરવું પડતું નથી. ઉત્તમ કક્ષાએ પ્રેમ સ્વમાંથી પ્રગટીને સર્વ તરફ જાય છે. સર્વને ઝીલવા માટે પણ સ્વ જોઈએ. આ સ્વમાંથી જ સ્વજનો થતાં હોય છે. પારકાને પણ પોતાના કરી લેવા આત્મીયતા અગત્યનું પરિબળ છે.

પોતાના કાર્યક્ષેત્રમાંના દરેકને સાચા સ્વજન ગણી, તેમના પ્રત્યેની મમતાના મહિમાનો સ્વીકાર કરી તેનો વ્યાપ વધારવો જોઈએ. સ્વજનોનું જીવન અણિશુદ્ધ કરવાની ઉત્કૃષ્ટ ખેવના થવી જોઈએ. તેમાંથી આત્મીયતા પ્રસ્થાપિત થાય. આત્મીયતા સાચી પણ હોય છે અને કાચી પણ હોય છે. તે સુખની અને સગવડની પણ હોય છે. ઘણીવાર આત્મીયતાના અજવાળામાં સૂર્યસ્નાન કરનારા આપણા આત્મીયો, આપણા અંધકારમાં આપણને પણ ખબર ન પડે એમ અલોપ થઈ જતા હોય છે. કર્મચારીઓ સાથે બાંધેલો નાતો તકવાદી કે તકલાદી બની જાય ત્યારે, આત્મીયતા વેવલાપણામાં રૂપાંતરીત ન થઈ જાય તેનું સતત ધ્યાન રાખવું ઘટે, તો જ સાચી આત્મીયતા કહેવાય. આ આત્મીયતા ક્યારેય વૃદ્ધ ન થાય. સાચી આત્મીયતા સ્મૃતિના ત્રાજવે તોળાય છે. મળતી વખતે વાતવાતમાં વાહ વાહ કરતાં, લળી લળીને નમતા ને લાગણીની લાપસી પીરસતા લોકો સાથે આત્મીયતા કેળવતા સભાન રહેવું તોજ આત્મીયતાનો નાતો અતૂટ અને સઘન બને, પરિણામલક્ષી બને, હિતકર બને. સાચી આત્મીયતામાં વય, લિંગ, સત્તા, પૈસા વગેરે કાંઈ આડું ન આવે. એવા આત્મીય અધિકારીને.. Loved beyound belief by disciples, comprising men of telents of station and of welth the poor, the ignorent, the rude, who would have sacrified Itself for their precptor.

**૯. નીતિ અને પ્રીતિના સમતોલક**

બુદ્ધની મધ્યમમાર્ગીય વિચારધારા પણ કેટલાક સંઘર્ષો ટાળે છે. નિયમોનું પાલન તો કરવાનું જ છે, સાથોસાથ નીતિની હિમાયત એટલી આત્યંતિક કક્ષાની ન હોવી જોઈએ કે જેથી કોઈનું વ્યક્તિત્વ કુંઠીત થઈ જાય. તે રીતે સહાનુભૂતિ - માનવતા - પ્રીતિ - નો પ્રવાહ એટલો પ્રબળ ન હોવો જોઈએ કે, જેથી કોઈનું વ્યક્તિત્વ ઉદંડ થઈ જાય. સામેની વ્યક્તિના સ્વભાવ સામે દુશ્મનની માફક તૂટી પડવાનું નથી, પરંતુ તેના સ્વભાવનું ઉર્ધ્વીકરણ કરવાનું છે. એના રોકડા, બરછટ જાડા, અને છીછરા સ્વભાવને ધીરે ધીરે પરિશુદ્ધ કરતા રહેવાનું છે. ક્યારેય બરછટ, વાઢકાપ કરવાની નથી. પત્થરફોડા જેવા નહીં પણ શિલ્પી જેવા બનવાનું છે. નમણી નાજુક જ્ઞાનહથોડી વડે, હળવા હાથે સામેના વ્યક્તિત્વના અણઘડ ખુણાઓને ભાંગવાનું કાર્ય કરી શ્રેયપ્રેય, નીતિ-પ્રીતિનું સમતોલન-સામંજસ્ય કરવાનું છે. વિદ્યાર્થી-શિક્ષકની કલ્પનાશક્તિનું સમાર્ઝન અને સંવર્ધન કરવાનું છે.

**૧૦. સ્વમૂલ્યાંકન**

નેતા / અધિકારીએ સતત જાગૃત રહેવું જોઈએ, જાગૃતિને વેકેશન ન હોય. ગફલત આજે નહિ તો કાલે, એની કિંમત ચૂકવવી જ પડે. જીવનની પ્રત્યેક પળ 'ચેત મછંદર ગોરખ આયા 'જેવો તકાદો કરનારી પળ હોય છે. આ તકાદો છે સ્વમૂલ્યાંકનનો, સતત જાગૃતિ રાખવાનો, જેનો પડઘો અનેકને તારે છે / ટાળે છે. આત્મપરીક્ષણ એ નેતાની જીવનરીતિ બનવી જોઈએ. તલવારની ધારે જેવા દુર્ગમ પથ પર લગીરેય ઘા ન પડે તે રીતે ચાલીને અન્ય માટે આદર્શ બનવાનું છે. આ પરિક્ષીત જીવન (Examined life) નું જીવંત પ્રસારણ ઝીલનાર એક વર્ગ છે, તે ન ભુલાવું જોઈએ. ક્ષણવાર પણ પ્રમાદી બન્યા, તો પ્રકૃતિ પરાસ્ત કરી જશે. એટલે જ નેતાએ સતત ઝઝૂમતા જ રહેવું પડે.

'સતી શૂર કો સહજ હૈ, દો ઘડી કા કામ,
નેતા બનના કઠિન હૈ, જીવનભર સંગ્રામ.

ચોવીસ કલાક ફરજપાલન માટે કાયદાકીય રીતે બંધાયેલાએ 'સ્વ'ની પરખ કરવી પડશે, જાતને ઢંઢોળવી પડશે, મૂલ્યાંકન કરતા રહેવું પડશે. જેમ ગણિત વિષયમાં ભલે ક્ષેત્રફળનું મહત્વ સમજાય છે. પરંતુ જિલ્લાના વહીવટની ભૂગોળમાં ઊંચાઈ કે ઊંડાણનું મહત્વ પણ સમજવું જરૂરી છે. માત્ર બહુ સસ્તા બહુ પહોળા થવાથી હવે ચાલશે નહીં.

# પ્રાથમિક શાળાઓમાં સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ

સંકલન : આર. એલ. વણકર
લેકચરર ડાયટ, સંતરામપુર

**૧. પ્રસ્તાવના :**

વિદ્યાર્થીના ઘડતર દ્વારા સમાજ-રાષ્ટ્ર વિકાસની પ્રક્રિયામાં બહુમૂલ્ય પ્રદાન અર્પી શકાય. શારીરિક, બૌદ્ધિક, આત્મિક વિકાસ સાધતા રહી, આનંદમય અને ખુમારીભર્યું જીવન માણે એ અપેક્ષા પ્રત્યેકની હોય એ સ્વાભાવિક છે. વિદ્યાર્થીના જીવનમાં સ્કાઉટ-ગાઈડની પ્રવૃત્તિથી ઉપરોક્ત અપેક્ષા પૂર્ણ શકે, તેમાં લેશમાત્ર શંકા નથી, ચારિત્ર્ય, સેવા, શિસ્ત, સાહસ અને વિશ્વબંધુત્વના ગુણો વિદ્યાર્થી-શિક્ષકમાં આ પ્રવૃત્તિ દ્વારા સાહજિક રીતે આવે. શાળાઓમાં ધોરણ ૫, ૬, ૭ના વિદ્યાર્થીઓને આ તાલીમ સ્વૈચ્છિક ધોરણે આપી આપણે સૌ રાષ્ટ્ર સેવા કરી શકીશું.

બાળકને ઉમદા નાગરિક બનાવતી સ્કાઉટિંગ ગાઈડિંગ પ્રવૃત્તિ એક પ્રકારની સ્વૈચ્છિક અને અનૌપચારિક શિક્ષણ યોજના છે. વિદ્યાર્થીના ઘડતર દ્વારા સમાજ - રાષ્ટ્ર વિકાસની પ્રક્રિયામાં બહુમૂલ્ય પ્રદાન અર્પી શકાય. શારીરિક, બૌદ્ધિક, આત્મિક વિકાસ સાધતા રહી, આનંદમય અને ખુમારીભર્યું જીવન માણે એ અપેક્ષા પ્રત્યેકની હોય, એ સ્વાભાવિક છે. વિદ્યાર્થીના જીવનમાં સ્કાઉટ-ગાઈડની પ્રવૃત્તિથી સ્વાસ્થ્ય અંગેની સામાન્ય જાગૃતિ અને સ્વાસ્થ્યપ્રદ ટેવો કેળવાય છે અને વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્યનું ધોરણ ઊંચું આવે છે. તેમજ ચારિત્ર્ય, સેવા શિસ્ત, સાહસ અને વિશ્વબંધુત્વના ગુણો સાહજિક રીતે આવે. શાળાઓમાં વિદ્યાર્થીઓને આ તાલીમ સ્વૈચ્છિક ધોરણે આપી, આપણે સૌ રાષ્ટ્ર સેવા કરી શકીશું.

**૨. હેતુઓ :**

૧. વિદ્યાર્થીના ચારિત્ર્યનું ઘડતર કરવું.
૨. વિવિધ કૌશલ્યો હસ્તગત કરાવવાં.
૩. બાળકોને શરીરથી દૃઢ બનાવવાનાં છે.
૪. બાળકોને મનથી જાગૃત બનાવવાનાં છે.
૫. બાળકોની નિતિ આચારમાં વ્યવહારમાં પ્રમાણિક બનાવવાનાં છે.
૬. વિદ્યાર્થીઓમાં શિષ્ટ ગુણોની ખીલવણી થાય છે.
૭. આરોગ્યની જાળવણી અને વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ કરવું.
૮. આંતરરાષ્ટ્રીય સમજ અને રાષ્ટ્ર સેવામાં યોગદાન આપવું.
૯. બાળકો ગમ્મત સાથે જ્ઞાન મેળવે છે.
૧૦. રમતાં - હસતાં ઉત્તમ કેળવણી પ્રાપ્ત કરે છે.
૧૧. પર્યાવરણમાં જાગૃત્તિ લાવી શકાય છે.
૧૨. બીજાઓને ઉપયોગી થવાની સેવાભાવના કેળવવી.

**આ પ્રવૃત્તિની વિશિષ્ટતાઓ :**

- ☞ માનવ-માનવ વચ્ચે સંવાદિતા
- ☞ ચારિત્ર્યની ખીલવણી
- ☞ યોજનાબદ્ધ પ્રવૃત્તિ
- ☞ સંસ્કારલક્ષી તાલીમ
- ☞ શારીરિક-માનસિક શક્તિનો રચનાત્મક ઉપયોગ
- ☞ નાગરિકતાનું પ્રાગટ્ય-ઘડતર
- ☞ વિશ્વબંધુત્વની ભાવના
- ☞ વિદ્યાર્થી-શિક્ષક ઉભયનું શ્રેષ્ઠ વ્યક્તિત્વ નિર્માણ
- ☞ બિનસાંપ્રદાયિક-કર્મયોગ કેન્દ્રસ્થાને
- ☞ શરીરની દઢતા, મનની જાગૃતિ, નૈતિક પ્રામાણિક આચરણની તાલીમ.

**વિશાળ દૃષ્ટિકોણ :**

- ☞ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિ
- ☞ સ્વૈચ્છિક બિનરાજકીય સંસ્થા
- ☞ ભારતનાં તમામ રાજ્યોમાં કાર્યરત
- ☞ ગુજરાતમાં અનેક વિદ્યાર્થીઓનું જોડાણ
- ☞ રાજ્ય સરકાર દ્વારા ખાસ સવલતો અને અનુદાન

**વિદ્યાર્થીઓને મળતા લાભો :**

- ☞ નાગરિકત્વની તાલીમ, શિસ્તબદ્ધ અને સાદગીપૂર્ણ જીવનશૈલી
- ☞ સમાજ સેવા દ્વારા આત્મવિશ્વાસ, આત્મશ્રદ્ધામાં વૃદ્ધિ

- ☞ કેમ્પ દરમિયાન કુદરતને ખોળે કરવાની તક
- ☞ પ્રવાસ, પર્યટન હાઈકિંગ અને ટ્રેકિંગનો લાભ

**પ્રવૃત્તિનો પ્રારંભ :**

- ☞ શાળાના માર્ગદર્શનથી ટ્રીપો / સ્પોન્સર ગ્રૂપની રચના થાય.
- ☞ પ્રારંભમાં ઓછામાં ઓછા ૧૨ (બાર) વિદ્યાર્થી જોઈએ.
- ☞ રજિસ્ટ્રેશન માટે જિલ્લા મંત્રીનો સંપર્ક કરવો.
- ☞ વિદ્યાર્થી દીઠ ફી રૂ. ૫ હોય છે.
- ☞ શાળાનો ગણવેશ પણ સ્વીકાર્ય છે.
- ☞ ધોરણ ૫, ૬, ૭ ના વિદ્યાર્થી વધુ અનુકૂળ રહે.
- ☞ કુમાર-કન્યાના અલગ ગ્રૂપ બનાવી શકાય.
- ☞ શિક્ષકને પૂર્વ તાલીમ અપાય છે.
- ☞ શિક્ષકોને માનદ વેતન-પ્રોત્સાહન અપાય છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ પ્રત્યેક જિલ્લામાં સી.આર.સી. કક્ષાએ એક-એક ગ્રૂપથી પ્રારંભ થાય તેવી અપેક્ષા સહ.

**૨. હેતુઓ :**

૧. સ્કાઉટ ગાઈડની સ્થાપના વિષે જાણકારી મેળવે.
૨. સ્કાઉટિંગની વિવિધ પ્રવૃત્તિથી પરીચિત થાય.
૩. સ્કાઉટ ગાઈડના વિભાગોની માહિતી મેળવે.
૪. સ્કાઉટ ગાઈડના અભ્યાસક્રમ વિષે માહિતીગાર થાય.
૫. શિક્ષકો માટેની તાલીમ તેમજ તે માટેના સમયગાળાની જાણકારી પ્રાપ્ત કરે.
૬. બાળકો માટેની તાલીમના વિષયોની માહિતી મેળવે.
૭. સ્કાઉટ ગાઈડની પ્રતિજ્ઞાથી પરિચિત થાય છે.
૮. સ્કાઉટ ગાઈડના નિયમો (હેતુથી)થી પરિચિત થાયછે.
૯. સ્કાઉટ ગાઈડનો મુદ્રાલેખ જાણે.
૧૦. સ્કાઉટ ગાઈડના ગણવેશ વિશે માહિતી મેળવે.
૧૧. સ્કાઉટ ગાઈડ રાજ્યસંઘ, તાલીમ સંસ્થા અને જિલ્લા સંઘના સરનામાંઓ મેળવે છે.
૧૨. સ્કાઉટ ગાઈડ અંગે શાળાકક્ષાની પ્રવૃત્તિથી માહિતગાર થાય.
૧૩. સ્કાઉટ ગાઈડ શરૂ કરવા માટે પોતાની ભૂમિકા સમજી શકે.
૧૪. સ્કાઉટ ગાઈડ પાસેથી કઈ કઈ અપેક્ષા રાખવામાં આવે છે, તેનાથી પરિચિત થાય છે.

**૩. વિષય વસ્તુ :**

૩.૧. સ્કાઉટિંગ આરંભ અને વિકાસ :

શિસ્ત, ચારિત્ર્ય ઘડતર, આરોગ્ય જાળવણી, કૌશલ્ય વિકાસ વફાદારી સાથે સેવાભાવના તેમજ આદર્શ નાગરિકત્વ અને વિશ્વબંધુત્વની સર્વાંગી વિકાસની કેળવણી આપતી સ્વૈચ્છિક આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિ એટલે સ્કાઉટિંગ.

આ પ્રવૃત્તિના આદ્યસ્થાપક રોબર્ટ સ્ટિફન્સન સ્મિથ બેટન પોવેલ હતા. જેઓ ટૂંકમાં બેટન પોવેલ (બી.પી.) તરીકે જાણીતા. તેમનો જન્મ ૨૨-૨-૧૮૫૭ના રોજ ઈંગ્લેન્ડમાં થયો હતો. નાનપણથી તેઓ સાહસિક પ્રવૃત્તિઓ અને પ્રવાસ - પર્યટનના શોખીન હતા. યુવાનવયે તેઓ અંગ્રેજ લશ્કરમાં જોડાયા. તેમાં તેઓ પોતાની કાર્યકુશળતાથી ઘણા આગળ વધ્યા.

દક્ષિણ આફ્રિકામાં બોઅર યુદ્ધ દરમ્યાન ઈ.સ. ૧૮૯૯માં મેફકિંગ નામનું નામ દુશ્મનોએ ઘેરી લીધું અને બી.પી. સહિત સૌ ઘેરાઈ ગયા. તે સમયે બી.પી. એ સ્થાનિક આદિવાસી કિશોરવયના છોકરાઓને સંદેશવાહક અને ભોમિયા તરીકે કેટલીક ટૂંકા ગાળાની તાલીમ આપી. લશ્કરની અવેજીમાં તેમની પાસે કામ લીધું આ અખતરો સફળ થયો. અને અંગ્રેજ સૈન્ય મદદે આવી ગયું અને ઘેરો હટાવી દેવાયો.

ત્યાર બાદ અંગ્રેજ સરકારે તેમની કાર્યદક્ષતાને બિરદાવી અને તેમનું બહુમાન કર્યું. આ અંગેના લેખો તેમણે ઈંગ્લેન્ડના વર્તમાન પત્રમાં લખ્યા. કેટલાક મિત્રોની સલાહસૂચના પ્રમાણે અંગ્રેજ કિશોરોને બહાદુર, સાહસિક અને સેવાભાવી ઉમદા નાગરિકો બનાવવા માટે કેટલીક તાલીમ આપવાનું આયોજન કર્યું. તે મુજબ તેમણે ઈ.સ. ૧૯૦૭માં બ્રાઉન સી નામનાં ટાપુ પર કેટલાંક છોકરાઓને સ્કાઉટ તરીકેની તાલીમ આપવાનું પદ્ધતિસર કામ શરૂ થયું આ અંગેનાં પુસ્તકો 'સ્કાઉટિંગ ફોર બોયઝ', 'એઈડ્ઝ ટુ સ્કાઉટ માસ્ટરશીપ'

વગેરે પણ તેમણે લખ્યાં. જોત જોતામાં આ પ્રવૃત્તિ સમગ્ર ઈંગ્લેન્ડમાં અને અન્ય દેશોમાં પણ ફેલાઈ.

બેટન પોવેલ તેમની બહેન કુ. ઈગ્રેસની મદદથી બહેનો માટે ગાઈડ પ્રવૃત્તિ પણ શરૂ કરાવી. સમય જતાં શ્રી બી. પી.નાં લગ્ન કું. ઓવેલ સાથે થયા ત્યારબાદ આ દંપતિને વિશ્વની સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિના વડા-ચીફ બનાવવામાં આવ્યું.

ભારતમાં આ પ્રવૃત્તિ શરૂ કરવામાં ડૉ. એની બેસન્ટ, પંડિત મદનમોહન માલવિયાજી, પંડિત હૃદયનાથ કુંઝરું, શ્રી રામ બાજપેયી વગેરે મહાનુભાવોએ આગેવાની લીધી. આઝાદી અગાઉ આ પ્રવૃત્તિ ભારતમાં જુદી જુદી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી હતી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ બધી સંસ્થાઓનું એકત્રીકરણ થવું અને આજે ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ સંસ્થા દ્વારા સમગ્ર ભારતમાં આ પ્રવૃત્તિ ચાલીરહી છે.

**૩.૨ સ્કાઉટ ગાઈડના વિભાગો :**

| ક્રમ | વય મર્યાદા | ભાઈઓ | બહેન |
|---|---|---|---|
| ૧ | ૩ થી ૬ વર્ષ | બની | બની |
| ૨ | ૬ થી ૧૦ વર્ષ | કબ (બટુક) | બુલબુલ |
| ૩ | ૧૧ થી ૧૮ વર્ષ | સ્કાઉટ (બાલવીર) | ગાઈડ (વીરબાળા) |
| ૪ | ૧૯ તી ૩૫ વર્ષ | રોવર (યુવકવીર) | રેન્જર (વીરાંગના) |

દરેક વિભાગની તાલીમનું કામ અલગ-અલગ શિક્ષક ભાઈ-બહેનો કરી શકે છે. અને તે માટે તેમણે આંતરરાષ્ટ્રીય સંઘ દ્વારા માન્ય થયેલી તાલીમ મેળવવી પડે છે. તાલીમની વ્યવસ્થા, રાજ્ય સંઘના તાલીમી કમિશનરો મારફતે થાય છે.

| ૩.૩ કબ-પ્રવેશ | બુલ-બુલ-પ્રવેશ |
|---|---|
| પ્રથમ ચરણ → ૧ માસ, | કોમલ પંખ → ૧ માસ |
| દ્વિતીય ચરણ → ૩ માસ, | રજત શંખ → ૩ માસ |
| તૃતીય ચરણ → ૬ માસ, | સુવર્ણ પંખ → ૬ માસ |
| ચતુર્થ ચરણ → ૯ માસ, | હીરક પંખ → ૯ માસ |
| **૩.૪ સ્કાઉટ-પ્રવેશ** | **ગાઈડ-પ્રવેશ** |
| પ્રથમ સોપાન → ૬ માસ, | કોમલ સોપાન → ૬ માસ |
| દ્વિતીય સોપાન → ૯ માસ, | રજત સોપાન → ૯ માસ |
| તૃતીય સોપાન → ૧ માસ, | સુવર્ણ સોપાન → ૧ માસ |

રાજ્ય પુરસ્કાર (રાજ્યપાલ દ્વારા રાજ્ય પુરસ્કાર ૬ માસ દ્વારા) → ૬ માસ

રાષ્ટ્રપતિ સ્કાઉટ (રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રપતિ ગાઈડ ૧ વર્ષ દ્વારા) ૧ → વર્ષ

ઉપર્યુક્ત દરેક વિભાગમાં અલગ-અલગ કસોટીઓ રાખવામાં આવેલી છે. તે માટે તાલીમ આપનાર શિક્ષક ભાઈ-બહેનો માટે પણ તાલીમના પગથિયાં પોતપોતાના વિભાગમાં અલગ-અલગ હોય છે.

૩.૫ શિક્ષકો માટેની તાલીમ :

૧. પરિચય કોર્સ (ફક્ત ભાઈઓના વિભાગમાં) - ૩ દિવસ
૨. પ્રાથમિક સ્કાઉટ - માસ્ટર્સ / ગાઈડ કેપ્ટન્શ કોર્સ - ૧૦ દિવસ
૩. પ્રિ-હિમાલય વુડબેઝ સ્કાઉટ કોર્સ / એડવાન્સ ગાઈડ કોર્સ - ૯ દિવસ
૪. હિમાલય વુડબેજ સ્કાઉટ / ગાઈડ કોર્સ ભાગ-૧, ૨, ૩

એક શિક્ષક એક જ વિભાગની પોતાની ટુકડી (ટ્રુપ-કંપની)ને તાલીમ આપી શકે. દરેક ટુકડીમાં છોકરા-છોકરીઓની સંખ્યા ઓછામાં ઓછી ૨૪ અને વધુમાં વધુ ૩૨ની હોવી જોઈએ. છોકરાઓને તાલીમ, શિક્ષક ભાઈઓ દ્વારા અપાય છે. જ્યારે બહેનોને તાલીમ, શિક્ષિકા બહેનો દ્વારા આપવામાં આવે છે.

૩.૬ બાળકો માટે તાલીમના વિષયો :

બાળકોને અભ્યાસક્રમનાં ભાગરૂપે વિવિધ વિષયોની તાલીમ, આપવામાં આવે છે. જેવી કે પ્રતિજ્ઞા, નિયમો, ધ્વજવંદન, સ્કાઉટ-ગાઈડ ચંદ્રક, વંદન, રાષ્ટ્રધ્વજ, ગીતો, અભિનય ગીતો, રમતો, દોરીની ગાંઠો તથા તેના ઉપયોગો વ્હીસલ સંજ્ઞાઓ, ભૂમિચિહ્નો દરરોજ એક ભલું કાર્ય (સેવાકાર્ય) કરવું, દિશાકોણ, હોકાયંત્રનો ઉપયોગ, પ્રકૃતિનો અભ્યાસ, પર્યાવરણની જાળવણી, આરોગ્ય શિબિર, જીવન, હાઈકિંગ સિગ્નલીંગ, પાયોનિયરીંગ (બાંધકામ), તરવું, અંદાજ

કાઢવો, નકશો વાંચવો, રસોઈ બનાવવી, પ્રાથમિક સારવાર, સમાજ-સેવા શિબિરમાં ભાગ લેવો, સાહસિક પ્રવાસ કરવો વગેરે...

૩.૭ સ્કાઉટ ગાઈડ પ્રતિજ્ઞા (The promise)

"હું મારા આત્મગૌરવથી પ્રતિજ્ઞા લઉં છું કે ઈશ્વર અને સ્વદેશ તરફની મારી ફરજો બજાવવા, હરહંમેશ બીજાઓને સહાય કરવા અને સ્કાઉટ / ગાઈડ નિયમોનું પાલન કરવા હું મારાથી બનતું બધું કરીશ."

૩.૮ સ્કાઉટ ગાઈડના નિયમો : (The Laws)

૧. સ્કાઉટ / ગાઈડ વિશ્વાસપાત્ર છે.
૨. સ્કાઉટ / ગાઈડ વફાદાર છે.
૩. સ્કાઉટ / ગાઈડ સૌના મિત્ર છે. અને બીજા સ્કાઉટ / ગાઈડના તે ભાઈ-બહેન છે.
૪. સ્કાઉટ / ગાઈડ વિનયશીલ છે.
૫. સ્કાઉટ / ગાઈડ પ્રાણીઓના મિત્ર છે. અને પ્રકૃતિને ચાહે છે.
૬. સ્કાઉટ / ગાઈડ શિસ્તાધીન છે અને જાહેર મિલકતનું રક્ષણ કરવામાં સહાય કરે છે.
૭. સ્કાઉટ / ગાઈડ મિતવ્યયી (કરકસરી) છે.
૮. સ્કાઉટ / ગાઈડ હિંમતવાન છે.
૯. સ્કાઉટ / ગાઈડ વિચાર, વાણી અને વર્તનમાં શુદ્ધ છે.

૩.૯ સ્કાઉટ / ગાઈડ મુદ્રાલેખ :

કબ - બુલ બુલ → કોશિષ કરી
સ્કાઉટ - ગાઈડ → થા તૈયાર
રોવર - રેંજર → સેવા

શરીરે દૃઢ, મનથી જાગ્રત અને નીતિ-આચાર વ્યવહારમાં પ્રામાણિક રહી બીજાની સેવા કરવા તૈયાર રહેવું.

૩.૧૦ સ્કાઉટ ગાઈડ માટેનો અભ્યાસક્રમ :

૩.૧૦.૧ પ્રવેશનો અભ્યાસ :

૧. પ્રવૃત્તિની માહિતી-સ્કાઉટિંગનો ઇતિહાસ
૨. સ્કાઉટ ગાઈડ-નિયમ અને પ્રતિજ્ઞા
૩. મુદ્રાલેખ, સ્કાઉટ ગાઈડ સાઈન, ડાબો હાથ મિલાવવો, વંદનનું રહસ્ય.
૪. દરરોજ ભલું કામ કરવું. ડાયરી બનાવવી.
૫. યુનિફોર્મની માહિતી.
૬. સ્કાઉટ ગાઈડ ધ્વજ વિશ્વસ્કાઉટ ધ્વજ, રાષ્ટ્રધ્વજની માહિતી મેળવે.
૭. રાષ્ટ્રગીત ગાતાં આવડવું જોઈએ.

૩.૧૦.૨ પ્રથમ સોપાનનો અભ્યાસક્રમ :

૧. દળની માહિતી, ધ્વજ, ગર્જના, પેટ્રોલ કોર્નર
૨. આરોગ્યના નિયમો, બી.પી.ની છ કસરતો, અથવા આસન.
૩. સ્કાઉટ ગાઈડ પ્રાર્થના અને ઝંડાગીત
૪. ભૂમિસંકેતો અને વ્હિસલ સંજ્ઞા
૫. દોરીના છેડે વીંટ મારવી અને ગાંઠો વાળવી.
૬. ગાંઠનો ઉપયોગ - રીફનોટ, શીટ બેન્ડ, કલોવહીચ, શીપ સેન્ક બોલાઈન, અને ફિસરમેન નોટ.
૭. ટ્રુપની વાઈડ ગેઈમમાં ભાગ લેવો.
૮. મ્યુનિસિપાલિટીના વિસ્તારમાં ભૌગોલિક અથવા સાંસ્કૃતિક અથવા ઐતિહાસિક માહિતી મેળવી તેની લોગબુક બનાવવી.
૯. તાત્કાલિક સારવાર પેટીની માહિતી અને તાત્કાલિક સારવાર આપવી (First Aid Box)
૧૦. બે દળ મિટિંગમાં જવું અથવા દળ સાથે દિવસની હાઈકમાં જવું.
૧૧. ઘરમાં ઉપયોગી થાય તેવું ગેઝેટસ અથવા હસ્ત ઉદ્યોગનો નમૂનો બનાવો.
૧૨. જાહેર જગ્યાની સફાઈ અથવા મચ્છર થતા હોય તેવી જગ્યાની એક માસ સફાઈ કરી, દેખરેખ રાખવી.
૧૩. નીચે પૈકી બે કામગીરી કરવી.
    (I) દળનાયકની રાહબરી હેઠળ પ્રકૃતિ અભ્યાસ હાથ ધરવો.
    (II) સ્કાઉટ નિયમ અને પ્રતિજ્ઞા વિશે સ્કાઉટ માસ્ટર સાથે ચર્ચા કરવી.
    (III) ગ્રામ પંચાયત કે મ્યુનિસિપાલિટી ઑફિસનાં મુખ્ય કાર્યો જાણવાં અને નોંધ તૈયાર કરવી.

૩.૧૦.૩ દ્વિતીય સોપાનનો અભ્યાસક્રમ :

૧. પાયોનીયરીંગ ટીંબરટીચ, રાઉન્ડટર્ન એન્ડ ટુરાફ હીચીઝ અંગેની આકડા આહારનું નાડણ, સીધું અથવા ગોળ નાડણ, ચોરસાનાડણ અને કેમ્પનાં ઓજારોનો ઉપયોગ.
૨. અગ્નિ-નીચેનામાંથી ગમે તે ત્રણ કરો.
   (I) લાકડાંનો ઉપયોગ કરી, વધારેમાં વધારે બે દિવાસળીની સળીનો ઉપયોગ કરી અગ્નિ સળગાવો.
   (II) આગથી બચવાના ઉપાયો.
   (III) ડોલ પસાર મેથડ.
   (IV) સૂકા ઘાસની આગને હોલવવી.
   (V) ગેસ લીકેજ થાય ત્યારે લેવાની સાવચેતી.
૩. રસોઈ બનાવવી. લાકડાનાં ઉપયોગથી ચૂલા ઉપર બે વાનગી બનાવો.
૪. દિશાજ્ઞાન, હોકાયંત્ર, સોળ બિંદુઓનું જ્ઞાન ઉત્તર દિશા શોધવાની રીતો - બેરીંગ લેવું.
૫. ફર્સ્ટ એઈડ - પાટા ખપાચિયાં, સ્ટ્રેચરનો ઉપયોગ જણાવી અને લાઈફ લાઈન નાખવી.
૬. સ્કાઉટ માસ્ટરનો સારો અભિપ્રાય - ઘર અને શાળામાં સારું વર્તન કરવા બદલ.
૭. અંદાજ-ઊંચાઈ, પહોળાઈ
૮. ટ્રુપ સાથે રાત્રિની રમતમાં ભાગ લેવો.
૯. સ્કાઉટિંગ સ્કીલનો ઉપયોગ થાય તેવી સમાજસેવા, સ્કાઉટમાં જણાવે તે કરવી.
૧૦. સર્વધર્મ પ્રાર્થના સભામાં હાજરી આપવી.
૧૧. નીચેનામાંથી એક પ્રાવીણ્ય ચંદ્રક મેળવવો કુક, ડિબેટર, ફ્રેન્ડ ટુ એનિમલ, ગાર્ડનર, હેન્ડીમેન.
૧૨. નીચેનામાંથી કોઈ બે કામ કરો.
   (I) સંસ્કૃતિની માહિતી મેળવી લોગબુક બનાવવી.
   (II) આચાર્યની પરવાનગીથી શાળામાં ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવો.
   (III) સામાજિક સેવા શિબિરમાં સેવા આપો.
   (IV) મેળા કે જ્ઞાતિ સંમેલનમાં સેવા આપો.
   (V) પોતાના વિસ્તારમાં પ્રદૂષણ વિશે મા-બાપ અને પડોશી સાથે ચર્ચા કરી રિપોર્ટ તૈયાર કરવો.

૩.૧૦.૪ તૃતિય સોપાનનો અભ્યાસક્રમ :

૧. કૅમ્પ ક્રાફટ, ગાંઠોના, પ્રકાર તંબું ઊભો કરવો.
૨. તરવું - અને સલામતીના નિયમો અને પ્રાવીણ્યચંદ્રક મેળવવા.
૩. અંદાજ - ઊંચાઈ, વજન
૪. ફસ્ટ એઈડ (પ્રાથમિક સારવાર)
૫. મેપિંગ - નકશાકામ
૬. કેમ્પિંગ રાત્રે કેમ્પમાં રહેવું.
૭. સાઈકલ હાઈક અથવા પગપાળા હાઈક
૮. રસોઈ (ચૂલા પર રાંધવું)
૯. દળ સાથે સાહસયાત્રમાં ભાગ લેવો.
૧૦. પ્રાવીણ્ય ચંદ્રક મેળવે. (અ) વિભાગ સિવિલ ડિફેન્સ, પાયોનિયર, કોમ્યુનીટીવર્કર, કન્ઝર્વેશન (બ) વિભાગ - સિટીઝન, ડીબેચર, સ્કોલર, નેચરાલિસ્ટ.
૧૧. નીચેનામાંથી કોઈ બે કામ પૂરાં કરો.
   (I) તમારા ગ્રુપમાં નેશનલ ઈન્ટિગ્રેશનની ચર્ચા કરો.
   (II) ટ્રુપના કૅમ્પ ફાયર વિશે ચર્ચા કરો અથવા વાર્તા કહો.
   (III) ઐતિહાસિક અથવા ઔદ્યોગિક સ્થળે તમારા દળને લઈ જઈને માહિતી આપો.

તૃતિય સોપાનનો ચંદ્રક મેળવ્યા પછી જો કોઈ પણ સ્કાઉટ ગાઈડ છ પ્રાવીણ્ય ચંદ્રકો મેળવે તો તે ભૂરી દોરી (બ્લૂ કાર્ડ) પહેરી શકે.

૩.૧૦.૫ રાજ્ય પુરસ્કાર માટેના અભ્યાસક્રમ :

આ ચંદ્રક આપવાની આખરી સત્તા રાજ્યના મુખ્ય કમિશ્નરની છે.

૧. તૃતિય સોપાન સુધીનો અભ્યાસક્રમ પૂરો કરેલો હોવો જોઈએ.
૨. તેની ઉંમર ૧૩ વર્ષ પૂરાં થયેલી હોવી જોઈએ.
૩. નીચેનામાંથી કોઈ પણ પ્રાવીણ્ય ચંદ્રકો મેળવો.

એડલ્ટ બીટ્રસી, ઈકોલોજિસ્ટ, લેપ્રેસી કન્ટ્રોલ, કોમ્યુનિટીવર્કર, સેનિટેશન પ્રમોટર, સોઈલ કન્ઝર્વેટર

રાજ્ય પુરસ્કાર મેળવનાર ૧૦ પ્રા.ચંદ્રકો મેળવી લીલી દોરી (ગ્રીન કાર્ડ) પહેરી શકે.

૩.૧૦.૬ રાષ્ટ્રપતિ સ્કાઉટનો અભ્યાસક્રમ :

આ ચંદ્રક આપવાની આખરી સત્તા નેશનલ કમિશ્નરની છે.

૧. સ્કાઉટ ગાઈડની ઉંમર ૧૦ વર્ષની હોવી જોઈએ.
૨. તેણે રાજ્ય પુરસ્કાર મેળવેલો હોવો જોઈએ.
૩. કેમ્પિંગ-ત્રણ રાત્રિ કેમ્પમાં રહેવું. ઓજારોનો ઉપયોગ કરી જાણો.
૪. એમ્બ્યુલન્સ ચંદ્રક મેળવે.
૫. એક પ્રાવીણ્ય ચંદ્રક મેળવે.
૬. ૩૬ કલાકની સમાજ સેવા બે મહિના સુધીના સમયમાં કરવી.
૭. હાઈક રિપોર્ટ તૈયાર કરીને આપવો. પગપાળા ૨૦ કિ.મી.ના હાઈક અથવા નાઈટ હાઈક
૮. સમાજ સેવાના કામમાં મદદ કરવી, જેવાં કે આરોગ્ય, પ્રદૂષણ નિવારણ, પ્રૌઢ શિક્ષણ, નાની બચત યોજના વગેરે.
૯. પંદર દિવસ બાળકોને રમતો રમાડવી, તેની લોગબુક બનાવવી.

રાષ્ટ્રપતિ સ્કાઉટ થયા પછી ૧૮ પ્રાવીણ્ય ચંદ્રકો મેળવે તે સોનેરી દોરી (ગોલ્ડન કાર્ડ) પહેરી શકે.

૩.૧૧ સ્કાઉટ-ગાઈડ ગણવેશ :

| સ્કાઉટ (ભાઈઓ) | ગાઈડ (બહેનો) |
|---|---|
| - રાખોડી રંગનું શર્ટ જેમાં ખભા પટ્ટી હોય. | - સફેદ પંજાબી કૂરતો |
| - ઢાંકણવાળાં ખીસ્સાવાળું શર્ટ | - બાંય અને કોલર બુશર્ટ |
| - સ્કાર્ફ | - ઢાંકણવાળાં ખીસ્સાવાળુ શર્ટ |
| - વોગલ | - ઘેરા વાદળી રંગનો દુપટ્ટો |
| - નેવી બ્લ્યુબેરી કેપ | - ચામડાનો પટ્ટો |
| - નેવી બ્લ્યુ પહોળા કમ્મર પટ્ટાવાળી ચડ્ડી | - કાળી રિબન |
| - બકલવાળો ખાખી પાટીનો અથવા બ્રાઉન ચામડાનો પટ્ટો | - સ્કાર્ફ |
| - કાળાં આખાં મોજા | - વોગલ |
| - નાયલોન પટ્ટો | - ચંદ્રક |
| - કાળા કેનવાસના કે | - સફેદ મોજાં |
| - ચામડાના બૂટ | - કાળા કે બ્રાઉન |
| | - ચામડાના કે કેનવાસના |
| | - બૂટ. |

૩.૧૨ શિક્ષકો માટે ગણવેશ :

ભાઈઓ :

સ્કાઉટ જેવા જ પણ તેઓ ચડ્ડીને બદલે નેવી બ્લ્યુ રંગનું પેન્ટ અને ટૂંકાં કાળાં મોજાં પહેરે.

બહેન :

ઘેરા વાદળી રંગની સાડી, જેમાં કોઈ પણ જાતની ડિઝાઈન કે કિનાર ન હોવી જોઈએ. સફેદ બ્લાઉઝ જેના કોલર અને બાંય બુશર્ટ ટાઈપ હોવા જોઈએ. ચામડાનો કમર પટ્ટો તેમજ ગાઈડ જેવો અન્ય ગણવેશ રહેશે.

૩.૧૩ રાજ્ય સંઘ કાર્યાલય સરનામું :

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ, સરકારી પોલિટેકનિક કંપાઉન્ડ બેરેક નં. ૩, આંબાવાડી, અમદાવાદ-૧૫. ફોન : ૬૩૦૪૬૫૦ (૦૭૯)

૩.૧૪ તાલીમ સંસ્થાનું સરનામું :

૧. ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ, ડ્રાઈવ ઈન સીનેમા સામે, હવેલી બંગલોઝ પાસે, ટી.વી. ટાવર, થલતેજ, અમદાવાદ.
૨. ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ બોરીયાવી, આણંદ.
૩. ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ, લૂણીસીકૂઈ મેદાન સામે, નવસારી.

૩.૧૫ જિલ્લા સ્કાઉટ / ગાઈડ સંઘ :

જે મંત્રી બને તે જ્યાં રહેતા હોય ત્યાંનું સરનામું હોય છે. તે સ્થળ નક્કી ન હોઈ સરનામું આપ્યું નથી.

વિશેષ માર્ગદર્શન નીચેનાં સરનામે મળી રહેશે.

- શ્રી વિરેન્દ્રભાઈ ભટ્ટ
  ગીજુભાઈકુમાર મંદિર, દક્ષિણામૂર્તિ કેમ્પસ, વાઘાવાડી રોડ, ભાવનગર.
- અશોક અગ્રવાલ
  ઘેવર કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, શાહીબાગ, અમદાવાદ. ફોન : ૨૮૬૯૭૩૫
- ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ
  ગવર્નમેન્ટ પોલિટેક્નિક કમ્પાઉન્ડ, બેરેક નં. ૩, પહેલા માળે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૪૪૪૬૫૦
- શાલીભદ્ર સ્ટેશન
  શાંતિ સોસાયટી, બોમ્બે ગેરેજ પાછળ, અમદાવાદ. ફોન : ૫૬૨૧૭૪૮

**શાળા કક્ષાની પ્રવૃત્તિ :**

- વર્ષમાં ઓછામાં ઓછી ૩૦ મિટિંગનું આયોજન કરવું, દરેક અઠવાડિયામાં મંગળવાર, ગુરુવાર અને શનિવાર અથવા શાળાની સુવિધા પ્રમાણે શિક્ષણ આપવાનું કાર્ય ગોઠવવું.
- બે (૨) હાઈક - એક રાત્રિ શિબિરનું આયોજન પેકફલોક માટે કરવું.
- સ્કાઉટ ગાઈડમાં બે હાઈક, બે એક રાત્રિ શિબિર તથા પાંચ દિવસના વાર્ષિક શિબિરનું આયોજન કરવું.
- વર્ષમાં ત્રણ વાર ૩૬ કલાકનું સેવાકાર્ય, ૨૪૦ કલાક સેવા કાર્ય સ્કાઉટ્ ગાઈડ માટે ગોઠવવું.
- વૃક્ષારોપણ,
- સફાઈ કાર્ય
- સ્વચ્છતા સપ્તાહ
- પર્યાવરણ બચાવકાર્ય
- સામાજિક કાર્યો
- સ્વતંત્રતા દિવસ ઉજવણી
- ગાંધી જયંતિ, ઉજવણી
- સ્કાઉટઝ સ્થાપના દિન ઉજવણી
- ગણતંત્ર દિવસ ઉજવણી
- શિક્ષક દિન ઉજવણી
- ઓપવર્ગ તથા સેમિનારમાં શિક્ષકોએ ભાગ લેવો.
- જિલ્લા કક્ષાની રેલી તથા રાજ્યરેલીમાં ભાગ લેવો.
- ધ્વજ વંદન વિધિ શીખવવી.
- અભિનય તથા જ્ઞાનેન્દ્રિયના પ્રશિક્ષણના ખેલ કરાવવા ગીત, ગર્જના, રાષ્ટ્રગીત કરાવવાં.
- દોડધામ અંગેની રમત, સ્પર્ધાત્મક રમત વગેરે રમાડવી.
- આચાર્યો તથા સંચાલકો દ્વારા સ્કાઉટ ગાઈડના વિકાસમાં નીચે પ્રમાણે મદદ કરવી.

૧. શાળાની પ્રમુખ પ્રવૃત્તિ તરીકે સ્વીકાર કરવો.

૨. પ્રવૃત્તિમાં ગ્રુપ લીડર તરીકે જવાબદારી સંભાળવી તેમને માર્ગદર્શન આપવું.

૩. પ્રવૃત્તિનાં સંચાલનમાં રાજ્ય સરકારના આદેશ પ્રમાણે આર્થિક સહાય કરવી.

૪. પ્રવૃત્તિમાં કરેલાં કાર્યોની પ્રશંસા કરવી તથા પ્રોત્સાહિત કરવી.

૫. સ્કાઉટર/ગાઈડને તેમની કૌટુમ્બિક મુશ્કેલીઓમાં પરિસ્થિતિ અનુસાર સહાય કરવી.

૬. સ્કાઉટ / ગાઈડને શિષ્યવૃત્તિ મેળવવામાં તથા શાળા પ્રવેશ મેળવવામાં મદદ કરવી.

૭. પ્રવૃત્તિનાં સંચાલન માટે સાહિત્ય તથા શૈક્ષણિક સાધનો, શિબિરનાં સાધનો વસાવવા.

૮. સત્રનાં આરંભમાં ગ્રુપનો વાર્ષિક કાર્યક્રમ તથા બજેટ નક્કી કરવું તથા તેની મંજૂરી આપવી.

૯. વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા શાળાના નિરીક્ષણ વખતે પ્રવૃત્તિની જાણ કરવી.

૧૦. શાળામાં સંભવ હોય તો સ્કાઉટ ગાઈડર રૂમની વ્યવસ્થા આપવી.

૧૧. શાળાનાં દરવાજા ઉપર સ્કાઉટ ગાઈડ સેનાનું બોર્ડ મૂકવું.

૧૨. સમય સમય પર પરિપત્ર પ્રમાણે પ્રવૃત્તિ કરવા સ્કાઉટર ગાઈડરને પ્રોત્સાહિત કરવા.

૧૩. રાજ્યસંઘનું બાલવીર માસિક, વર્ષે લાયબ્રેરીના ખર્ચે મંગાવવું.

૧૪. સંભવ હોય તો નેશનલ મેગેઝીન મંગાવવા લવાજમ ભરવું.

૧૫. અમદાવાદમાં આવવાનું થાય તો રાજ્યસંઘની મુલાકાત લેવી તથા જિલ્લા સંઘનો સંપર્ક સાધવો.

૧૬. સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિની ટુકડી અલગ-અલગ રાખવી.

૧૭. દરેક ટુકડીમાં વધુમાં વધુ ૩૨ની સંખ્યા અને ઓછામાં ઓછી ૨૪ની સંખ્યા રહેશે.

૧૮. જિલ્લા સ્કાઉટ સંઘમાંથી નોંધણી માટેનાં ત્રણ ફોર્મ મંગાવવાં. તે ભરી જિલ્લા સ્કાઉટ સંઘમાં મોકલવાં.

૧૯. જિલ્લા સાથે દર વર્ષે રજિસ્ટ્રેશન કરાવવું.

વૈયક્તિક ફી દરેક સ્કાઉટ કે ગાઈડની ૫-૦૦ રૂ. લેખે.
શિક્ષક કે શિક્ષિકાની ફી (પ્રવૃત્તિ માટે) ૧૦-૦૦ રૂ. લેખે.

શાળાની ફી (પ્રાથમિક વિભાગ) ૨૦-૦૦ રૂ. લેખે.

ઉપરોક્ત ફોર્મ નકલ-૩માં ભરવું, બાળકોની ઉંમર, જાતિ પ્રમાણે લીસ્ટ બનાવી ફી સાથે જિલ્લા સંઘમાં જમા કરાવવી.

૨૦. શાળા સમય બાદ - સપ્તાહમાં ૩ તાસ ગોઠવવા.

૨૧. સ્કાઉટ ગાઈડનો ગણવેશ અનુકૂળતા મુજબ કરાવવો.

૨૨. પ્રવૃત્તિ શાળાનો કોઈ પણ કર્મચારી ચલાવી શકે છે. પણ તાલીમ લીધેલી ન હોય તો પ્રવૃત્તિ શરૂ કર્યા બાદ તાલીમ લઈ લેવી.

૨૩. બાળકોનું હાજરીપત્રક રાખી, તાસ વખતે હાજરી પૂરવી અને માસ આખરે આચાર્યશ્રીની સહી લેવી.

૨૪. સ્કાઉટ ગાઈડની તાલીમ શિક્ષકે મેળવેલી હોય તો, તાલીમમાં મોકલવાની જરૂર નથી.

**૫. ક્ષેત્ર કાર્ય :**

કબ, બુલબુલ, સ્કાઉટ ગાઈડ અને રોવર રેજર દ્વારા વ્યક્તિગત, કૌટુમ્બિક અને સામાજિક જીવનમાં નીચે પ્રમાણે ક્ષેત્રમાં કાર્ય કરી શકાય છે. કારણ કે જન સમુદાયમાં સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિનો દેખાવ થઈ શકે છે. અને વધારે બાળકો આ પ્રવૃત્તિમાં જોડાઈ શકે.

**(૧) વ્યક્તિગત :**

આનંદિત રહેવું, શિસ્તબદ્ધ જીવન જીવવું, આજ્ઞાંકિત થવું, સમયમાં નિયમિત રહેવું, સ્વચ્છતા જાળવવી, આરોગ્યમય રહેવું, સેવાભાવનાવાળા બનવું બીજાને મદદ કરવી તથા શિક્ષણમાં અગ્રસ્થાને રહેવું.

**(૨) ઘરમાં :**

વહેલા ઊઠવું, માતા-પિતાને પ્રણામ કરવાં, નિયમિત શૌચાદિસ્નાન આદિ કરવું. ઈશ્વરપ્રાર્થના કરવી, વ્યાયામ કરવો, જરૂરિયાત પ્રમાણે માતા-પિતાને ઘરનાં કામમાં મદદ કરવી. દરરોજ નિયમિત જરૂરી શિક્ષણ મેળવવાના કામમાં મદદ કરવી.

**(૩) મહોલ્લામાં તથા વિદ્યાલયમાં :**

વિદ્યાલય તથા બગીચાની સ્વચ્છતા રાખવી, ફર્નિચરનું રિપેરિંગ કરવું. અન્ય સામાનની સંભાળ રાખવી. વિદ્યાલયમાં આયોજિત સમારંભ કાર્યક્રમમાં વ્યવસ્થા જાળવવી. વિદ્યાલયમાં શિસ્ત પાલનમાં મદદ કરવી. પોતાનાં કાર્ય સમયસર કરવાં, નિયમિત શાળામાં જવું. શાળાના નિયમોનું પાલન કરવું. ગુરુજનોનું સન્માન કરવું, ભણવામાં આગળ રહેવું. આપણા વ્યક્તિગત વ્યવહારથી અન્ય વિદ્યાર્થીઓ સામે ઉદાહરણ પ્રસ્તુત કરવું.

**(૪) સમાજમાં :**

ઉપરોક્ત બાબતો દળદાર કાર્ય કરવાથી થઈ શકે છે. તથા દળવાર કામની વહેંચણી કરીને તથા કામ બદલીને વ્યવસ્થા કરવી. સમાજમાં પ્રત્યેક કબપેક, બુલબુલ ફલોક, સ્કાઉટ ટ્રુપ, ગાઈડ કંપની, રોવર ક્રમ-રેજર ટીમ દ્વારા એક સ્થાયી, સમાજસેવક સેવાયોજના બનાવી, વર્ષભર સમાજ સેવાનું કાર્ય કરવું, ને કાર્યોમાં વડાપ્રધાન શિલ્ડ પ્રતિયોગ્યતા, વિવિધ મેળામાં સેવાકાર્ય, નેત્ર ઓપરેશન કૅમ્પમાં સેવા સ્વચ્છતા અભિયાન, તથા સાર્વજનિક સ્થળોની સફાઈ, બગીચાની સંભાળ, વગેરે કાર્ય વર્ષમાં બે વખત યુનિફોર્મમાં કરવું. તેનાથી સમાજમાં સારો પ્રભાવ પડી શકે છે.

**(૫) રાષ્ટ્ર માટે :**

પ્રત્યેક ગ્રુપને રાષ્ટ્રીય વિકાસ યોજનાઓ જેવી કે નાની બચત યોજના, પ્રૌઢશિક્ષણ, કૃષિકાર્ય, બાગાયત, પર્યાવરણ, રેલ સંકટમાં મદદ, વન સંરક્ષણ, વૃક્ષારોપણ, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, વગેરે કાર્ય માટે આયોજન કરીને કાર્ય કરવું.

**(૬) મૂલ્યાંકન :**

૧. સ્કાઉટ ગાઈડમાં જોડાનારને કયા લાભો થાય છે ?

૨. સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિ કઈ રીતે અસ્તિત્વમાં આવી ?

૩. સ્કાઉટ ગાઈડના સ્થાપક કોણ હતા ?

૪. સ્કાઉટ ગાઈડના વિભાગો કયા કયા છે ?

૫. સ્કાઉટ ગાઈડ મુદ્રાલેખ જણાવો.

૬. સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ માટે શાળામાં આચાર્ય

કક્ષાએ કેવી રીતે વિકાસમાં મદદ થઈ શકશો ?

૭. કબ-બુલબુલ, સ્કાઉટ ગાઈડમાં જોડાનાર પાસેથી કઈ કઈ અપેક્ષા રાખવામાં આવે છે. ?

**૭. ઉપસંહાર :**

સાચા નાગરિકત્ત્વની તાલીમ, જીવનમાં સાદાઈના પાઠ શીખે, શિસ્તબદ્ધ રીતે રહેતાં શીખે, જીવનમાં ખડતલપણાનું અને સ્વાશ્રયનું મૂલ્ય સમજે, સમાજ સેવાની તાલીમથી સાચું જીવનદર્શન પામે વગેરે જેવા લાભો પ્રવૃત્તિઓ દ્વારા જોવા મળે છે. પ્રકરણમાં સ્કાઉટ એટલે શું ? પ્રવૃત્તિની સ્થાપના પ્રવૃત્તિ કરવા માટે ઉંમર પ્રમાણે વિવિધ વિભાગો અને તેનો માસવાર અભ્યાસક્રમ, શિક્ષકો માટેની તાલીમ અને તેનો સમયગાળો, સ્કાઉટ ગાઈડના નિયમો, મુદ્રાલેખ, ગણવેશ અને સરનામાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઉપરાંત, આચાર્યો તરીકે શાળામાં કેવી કેવી પ્રવૃત્તિ હાથ ધરી શકાય તથા આચાર્યો તરીકે કેવી રીતે પ્રવૃત્તિમાં મદદરૂપ થઈ શકીએ. તેમજ સ્કાઉટ ગાઈડની પાસે કેવી અપેક્ષાઓ રાખવામાં આવે છે તેની વાત આપણે આ મોડ્યુલ દ્વારા જણાવવામાં આવી.

આમ, ઉમદા વ્યક્તિત્વવાળી વ્યક્તિ બનાવવાની તાલીમ એટલે સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિ છે.

**૮. સંદર્ભ સાહિત્ય :**


૧. ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ વાર્ષિક અહેવાલ, ૨૦૦૦-૨૦૦૧.

૨. સ્કાઉટિંગ પ્રવૃત્તિ માહિતી પત્રિકા.

૩. ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ-ગાઈડ સંઘનું મુખ પત્ર - ''બાલવીર.''


# ''નિઃસ્વાર્થીપણાનો નઝારો''


આચાર્ય
દુધાપુરા, પ્રા. શાળા
તા. ઘોઘંબા જિ. પંચમહાલ


વર્તમાનયુગ પર એક આછી નજર નાંખીએ તો માનવજીવન છળ, કપટ, સ્વાર્થ, હિંસા, અનૈતિકતા, ભ્રષ્ટતાથી ભરપૂર તરબોળ દેખાશે. બધાયને થશે, એમાં નવાઈ પણ શી ? પણ મારે માનવમાં રહેલા આ લક્ષણો પર જરાય ટીકા કે ટિપ્પણી નથી કરવી, મારે તો વાત કરવી છે - બાળહૃદયમાં બિરાજમાન એક પ્રામાણિક વ્યક્તિત્વની કે આટલા વર્ષની આયુનાં બાળક જેવું જો નિઃસ્વાર્થી મન હૃદય ઈશ્વર દરેક વ્યક્તિને અર્પે તો કેવું સારું ?''

કહેવાય છે કે

***''મૂળની સાથે મેળ હોય તો મળવું લાગે મીઠું
દિલનો દરિયો આંખે ઉછળે, તો લાગે કાંઈક દીઠું !''***

આ પ્રસંગ-ઘટના ઘોઘંબા તાલુકાના એક નાનકડા ગામ દુધાપુરાની છે જેમાં એક પ્રામાણિક બાળક કે જે ધો. ૭માં અભ્યાસ કરે છે, અને એક મધ્યમ કુટુંબમાં ઉછરતો બાળક છે. એક દિવસ આ ગામના એક કોન્ટ્રાક્ટર ભાઈના પુત્રનો મોબાઈલ કે જેની કિંમત દસ હજારની આસપાસ છે. તેના બેધ્યાનપણાને લીધે તેનો મોબાઈલ ક્યાંક પડી જાય છે. આમ, તે પોતાનો મોબાઈલ ખોઈ બેસે છે, તે મોબાઈલની શોધખોળ ચાલુ કરે છે પણ તેમાં નિષ્ફળ જાય છે, આ વાત ગામમાં ચર્ચાય છે એ જ અરસામાં આ મોબાઈલ ધો-૭માં અભ્યાસ કરતા બાળક ચાવડા રોહિતને મળે છે, જે દુધાપુરા પ્રા. શાળામાં અભ્યાસ કરે છે, તે પોતાને મળેલ મોબાઈલથી ખુશ છે તે એ વસ્તુ પણ જાણે છે કે આ મોબાઈલ લાવવા માટે ખૂબ રૂપિયા જોઈએ, અને વેચે તો પણ ઘણા રૂપિયા કમાઈ શકાય, તે ધારત તો તે મોબાઈલને સંતાડી પોતાને ઘરે લઈ જઈને તેનાં વાલીને આપત અને તેનું પોતાને યોગ્ય લાગત તેમ કરત, પણ આ બાળકે આમ ન કરતા તે મોબાઈલને પોતાની શાળાના આચાર્યસાહેબને સોંપતાં પોતાને કેવી રીતે મળ્યો તે વાત જણાવે છે અને ત્યાં જ આજુબાજુના વર્તુળમાંથી મોબાઈલ કોનો ખોવાયો છે. અને કોને મળ્યો જેવી ચર્ચા થાય છે.

ત્યારબાદ જેની વસ્તુ ખોવાઈ છે, તે વ્યક્તિને બોલાવવામાં આવે છે. અને શાળાના આચાર્ય શિક્ષકો તે વ્યક્તિને તેનો મોબાઈલ બતાવી તેને સુપ્રત કરે છે. ત્યારે તે વ્યક્તિની ખુશીનો પાર નથી હોતો, અને જેને તેનો મોબાઈલ મળ્યો અને પોતાની સચ્ચાઈ અને નિઃસ્વાર્થીપણાને લીધે જે છોકરાંએ તેનો મોબાઈલ મેળવી આપ્યો, તેને બોલાવી ખુશ થઈ તે જ ઘડીએ રૂા. ૫૦૦નું રોકડ ઈનામ આપે છે. આ સામાન્ય લાગતો કિસ્સો ખરેખર આપણને વિચારવામાં વિવશ કરી દે તેવો છે, માનો કે એક અશક્ત વ્યક્તિ કે જેનાથી વ્યવસ્થિત ચાલી પણ ન શકાય તે જ વ્યક્તિ રસ્તા પરથી પસાર થતી હોય અને જો માત્ર રૂા. ૧૦ની નોટ ત્યાં પડી હશે, અને પવનથી ચકરાવા લેતી હશે, તોપણ પ્રયત્નપૂર્વક તેને મેળવી તે રૂા. ૧૦ની નોટને પોતાના ખિસ્સામાં મુકશે, એ આજુબાજુ કોઈનેય નહિ પૂછે કે આ રૂા. ૧૦ની નોટ કોની છે ? જ્યારે આ નાનકડો બાળક એ તો એવા પછાત એરિયામાં ઉછેર છે, કે જ્યાં એનો ૧ રૂપિયો બરાબર આપણા ૧૦૦ રૂપિયા હશે, નરી ગરીબાઈ કે જ્યાં આવો પ્રસંગ એટલે એક સોનેરી તક ! છતાં કોઈપણ પ્રકારના સ્વાર્થ વિના પોતાની જાતને આ રીતે પ્રામાણિક રાખવી અને એ પણ આ વિસ્તારનું બાળક અરે ! જે સંસ્કારનગરીઓ દેખાય છે, ત્યાં તો પોતાના નજીવા સ્વાર્થ માટે માણસ બીજાને નુકશાન પહોંચાડતા પણ વિચાર નથી કરતો, ત્યાં આ બાળકનું ઉદાહરણ આવા વ્યક્તિઓને ખરેખર એમના છોભીલાપણાનો નિર્દેશ કરી બતાવે છે, અને પ્રામાણિકપણે નિઃસ્વાર્થી જીવન જીવવાનો એક આદર્શ પૂરો પાડે છે - અંતે એટલું જ કહિશ કે :

***"સર ઝૂક જાયે, વહ મંદિર હોતા હૈ***
***નદી મીલે વહી સમુંદર હોતા હૈ***
***જીવન કે ઈસ સફર મે બહોત જંગ હૈ***
***જો શરાફત સે (નેકીસે) જીએ વહી સફલ હોતા હૈ !"***



આ પ્રસંગ દરેક શાળાના બાળકો જાણે અને દરેક બાળક રોહિત બનવા પ્રયત્ન કરે તો કંઈ અંશે તો દુરાચાર દૂર થઈ સદ્‌ગુણ સ્થપાતા સંસ્કારનું સિંચન થશે, અને આમ ટિપે ટિપે સરોવર ભરાય તેમ એક પછી, આમ દરેક બાળક રોહિત બને તો ક્યાંય અવગુણનું નામ નિશાન જોવા મળે નહિ માટે જ-

"જિંદગી એવી એવી ના જીવો કે
કોઈ ફરિયાદ કરી જાય,
જિંદગી એવી જીવી જાણો કે
લોકો ફરી "યાદ" કરીજાય."

## ૧ ની કરામત

શ્રી દિલીપસિંહ જી. ઠાકોર
આ. શિ. મોટી કાટડી પ્રા. શાળા
તા. ગોધરા, જિ. પંચમહાલ

૧ એ સૌથી નાની પ્રાકૃતિક સંખ્યા છે.
૧ એ ગુણાકાર વિશેની તટસ્થ સંખ્યા છે.
૧ એ અવિભાજ્ય કે વિભાજ્ય સંખ્યા નથી.
૧ એ વિશિષ્ટ સંખ્યા છે.
૧ એ દરેક સંખ્યાનો અવયવ છે.
૧ એ એકવચન ધરાવતી સંખ્યા છે.
૧ વડે કોઈપણ સંખ્યાને નિઃશેષ ભાગી શકાય છે.
૧ ને કોઈપણ સંખ્યા વડે ગુણતાં ગુણાકાર તે જ સંખ્યા રહે છે.
૧ માં કોઈપણ સંખ્યા ઉમેરતાં તે સંખ્યાની પછીની તરતની સંખ્યા મળે છે.
૧ ને કોઈપણ સંખ્યામાંથી બાદ કરતાં તે સંખ્યાની પહેલાંની તરતની સંખ્યા મળે છે.
૧ વડે કોઈપણ સંખ્યાને ભાગતાં તે સંખ્યાનું ભાગફળ તે સંખ્યા (ભાજ્ય) જેટલું જ રહે છે.
૧ ના અવયવી દરેક સંખ્યા છે.
૧ સે એકી સંખ્યા છે.
૧ થી સંખ્યાની ગણતરી થાય છે.

# મારા 'અસાધારણ અર્થાત્' માંની અમર સુવાસ

શ્રી કૌશિકકુમાર ડી. પટેલ
P.T.C. B.Sc. (Inter)
રામપુરા (કાં) પ્રા. શાળા

(અનુસંધાન અંક-૩ માહે સપ્ટે-૦૭ થી ચાલુ)

ખેર, અહીં એ વાત કદાચ હેરાન કરી દે છે કે રવીન્દ્રનાથે આવી શાળાઓમાં લાંબો અભ્યાસ કર્યો ન હતો એથી જ એ આવું બધું કરી શક્યા હતા. હા, ખરેખરી જો તેમણે આવી શાળાઓમાં લાંબો અભ્યાસ કર્યો હોત તો તેઓ ચોક્કસ આવું કશું કરી શકતા જ નહિ અને એ ચાર દિવાલોના ત્રાસદાયક ચોકઠાઓમાં કદાચ એક મહાન કવિ હૃદય કચડાઈ જતુ અને જગતને આજે એક મહાન કવિથી વંચિત રહેવું પડતું.)

હા, શાળાની ચાર દિવાલોથી મુક્ત થયા પછી રવીન્દ્રનાથ સાચી કેળવણી મેળવી શક્યા હતા. વળી, એ જાણીને તમને આશ્ચર્ય થશે કે પદ્ય રચનાઓની શરૂઆત તો રવીન્દ્રનાથે આઠ વર્ષની વયથી કરી દીધી હતી.

પિતા દેવેન્દ્રનાથ કોઈ કારણસર વીરભૂમિ જતાં હતાં એ સમયે માર્ગમાં આવતા એક વિશાળ ઉજ્જળ મેદાનમાં તેમણે સપ્તવર્ણીના બે ઘટાદાર વૃક્ષો જોયા. દૂરથી જ તેમને જણાયું કે આ વૃક્ષોમાં કંઈક સદ્‌ભુત બની રહ્યું છે. અને હા, એ સાચુ જ હતું.

હા, અખિલાઈ અને ભવ્યતાનું સ્વરૂપ ધારણ કરીને પૂર બહારમાં નિખરી ઉઠેલી એ વૃક્ષોની અસાધારણ શોભાથી આકર્ષાઇને એ સમયે પંખીઓ પોતાના મધુર કલરવનું અદ્‌ભુત સંગીત એ વૃક્ષોમાં ઠાલવી રહ્યા હતા. અને આ સદ્‌ભુતતાનું અમૃતપાન કરવા માટે પર્ણોને વીંધીને આવી રહેલા પ્રકાશ કિરણો આ અજબ સૌંદર્યને ઉઘાડીને દર્શન કરાવી રહ્યા હતા. એથી, દેવેન્દ્રનાથ આ વૃક્ષો તરફ આકર્ષાયા. અને એમણે તેની નીચે જઈ થોડીવાર વિરામ કર્યો. કુદરતની આ અદ્‌ભુતતાની વચ્ચે તેમને અજબ શાંતિનો અહેસાસ થયો. આત્મચિંતન અને ધ્યાન કરવા માટે તેમને આ જગ્યા યોગ્ય લાગી તેથી, તેમણે આ જગ્યા વેચાતી લઈને ત્યાં એક નાની બંગલી બાંધી જે આગળ જતાં 'શાંતિ નિકેતન'ના નામથી ઓળખાઈ.

આ સ્થળે રવીન્દ્રનાથ પહેલીવાર આવ્યા ત્યારે તેમની ઉંમર અગિયાર વર્ષની હતી. પછી અહીંના તેમના નિવાસ દરમ્યાન પ્રકૃતિના આ વિશાળ સામ્રાજ્યએ તેમના સર્જનશીલ મનને ભરપૂર સમૃદ્ધિથી ભરી દીધું. વળી, સપ્તવર્ણીના એ બે અદ્‌ભુત વૃક્ષોએ તેમને એ સમજાવ્યું કે એ ત્રણેયની અપેક્ષા હોય છે. અર્થાત્ મનુષ્યને પ્રાથમિકતા મનને ખીલવતુ ફૂલ, ભૂખ ભાંગતુ ફળ અને આરામ આપતી છાયા જ જોઈતી હોય છે.

ખેર, વૃક્ષોએ આપેલા આ ઈશારા પરથી રવીન્દ્રનાથ ઘણુંબધું પામી ગયા અને એ પછી એમને એ સમજતાં વાર ન લાગી કે વિદ્યાર્થીના મનના ઉંડાણમાં પણ આવી જ ઇચ્છા હોય છે. તેથી આ ઇચ્છાને સ્થાન અપાય તો જ શિક્ષણનો કંઈક અર્થ સરે, એવુ એમને લાગ્યું. વળી, તેમને અહીં એ પણ સમજાઈ ગયું કે જેમ વૃક્ષ પરથી કાચા તૂટી પડેલા ફળો જમીન પર રહીને પાકી શકતા નથી પણ સડી જ જાય છે. તેવી જ રીતે બાળકને તેના વિકાસના નામે નિર્દોષ બાળપણથી દૂર લઈ જતાં શિક્ષણના અભિગમો પણ કેવળ જીવનનો વિકાસ નહિ પણ. વિનાશ જ નોતરી શકે છે અને બાળકને જીવંત બનાવવાના બદલે મૂઢ જ બનાવી શકે છે. તેમને આવી શિક્ષણ પ્રણાલિકાઓ પ્રત્યે નફરત થઈ અને એવી કોઈ શિક્ષણ પ્રણાલિક છે જેનો સમગ્ર શ્રમ, સમગ્ર દોર અને સમગ્ર ઉપક્રમ જીવન પર જ કેન્દ્રિત હોય તેમજ જેના વડે બાળકના હાથ અને આંખની દક્ષતા વધે, અને યોગ્ય રીતે વસ્તુ પરિચય મેળવી શકે. તેને જ શિક્ષણજગતમાં સ્થાન આપવા માટેના પ્રયત્નો આદર્યા.

ઈ.સ. ૧૯૦૧માં તેમણે ચાર દિવાલોથી મુક્ત એવા પ્રકૃત્તિના વિશાળ સામ્રાજ્યમાં વૃક્ષોની શીતળ છાય નીચે, કુદરતી સ્વભાવને જ ગુરૂ બનાવીને ચાલનારી અને સર્જન તથા આનંદની દિશા તરફ દોરી જનારા

વિચારોના આધારવાળી ''શાંતિ નિકેતન'' નામે શાળા શરૂ કરી. તેમના બે પુત્રો રવીન્દ્ર અને શમીન્દ્ર એ જ તેમના પહેલાં બે વિદ્યાર્થીઓ હતા. (જો કે આ સમયગાળામાં તેમના બંગાળી ગીતો અને નાટકો સારી એવી પ્રસિદ્ધિ પામ્યા હતા.)

શાળાની શરૂઆતમાં તેમને ઘણી કઠિન પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો. જેમાં પ્રથમ તો એ કે તેઓ પોતે વધારે ભણેલા ન હતા, એટલે તેમની પાસે બાળકોને મુકવા કોઈ તૈયાર ન હતું. બીજુ એ કે બાળકોને જે રીતે શીખવવું જોઈએ એવું તેમને લાગતું હતું એ મુજબના યોગ્ય પુસ્તકો તેમની પાસે ન હતા. વળી, શાળામાં તેમણે જમવાનું અને રહેવાનું વગેરે વિના મૂલ્ય રાખ્યું હતું. તેથી આ બધો ખર્ચ કાઢવાની જરૂરી રકમ પણ તેમની પાસે ન હતી આ તો ઠીક પરંતુ રવીન્દ્રનાથના આ શિક્ષણ પ્રયોગ ઉપર બ્રિટીશ રાજ્યકર્તાઓ પણ ખૂબ જ નારાજ થયા હતા. તેમને આ શિક્ષણ પ્રયોગમાં અંગ્રેજરૂપી રાજદ્રોહી પેઢીના નિર્માણ કરવાનું કાવતરુ દેખાતું હતું. એટલે રવીન્દ્રનાથની આ શાળામાં કોઈએ પોતાના બાળકો મોકલવા નહિ એવો છૂપો આદેશ તેમણે કર્યો હતો તેમજ એક કલ્પના વિલાસ કવિએ બાળકોને નાચતા ગાતા કરીને તેમને બગાડી નાખવાનો ઉમદ્વ્યય શરૂ કર્યો છે એવી ટીકાઓ પણ વહેતી મૂકી હતી. જે મોટો અવરોધ હતો.

આ ઉપરાંત શાળા સ્થાપના પછીના થોડા સમયબાદ તેમની પત્ની મૃણાલિની દેવી મૃત્યુ પામ્યા. વળી, તે જ વર્ષમાં તેમની બેલા નામની મોટી પુત્રીનું અવસાન થયું. આટલું ઓછું હોય અમ એક-બે વર્ષ પછી તેમનો પુત્ર શમીન્દ્ર કોલેરાનો ભોગ બન્યો. તેમજ તેમની સાથે કામ કરી રહેલો સતીશચન્દ્ર નામનો અત્યંત યુવાન સહકારી પણ મૃત્યુ પામ્યો.

મિત્રો ! નિયતિના આ ભયંકર આઘાતો તેમજ બ્રિટીશ સરકારની ખોટી હેરાનગતિઓ અને લોકોની ઠટ્ટી મશ્કરીઓની વચ્ચે રહીને આનંદમય શિક્ષણ આપવું એ કેટલુ દુષ્કર હોઈ શકે એની સહજ કલ્પનામાત્ર જ આપણને તો ધ્રુજાવી જાય છે તો પછી રવીન્દ્રનાથ વીતકકથાઓ ૧ની વચ્ચે આકાર પામતી શિક્ષણ ભાવના કેટલી પ્રબળ હશે જે અટલ રહી, ચિરંજીવી બની એ સમજવું ઘણું કઠિન છે.

હા, આ બધા દુઃખોને તેમણે શાંતિથી પચાવી લીધા અને પોતે ઉપાડેલું કાર્ય તેમણે ચાલુ જ રાખ્યું. ધીમે-ધીમે તેમને વિદ્વાન અને રસિક સહકાર્યકરો મળી ગયા જેથી તેમની શાળાને પણ વેગ મળ્યો તેમના આ સહકાર્યપણે એ જ તેમને 'ગુરૂદેવ' તરીકે સંબોધવાની શરૂઆત કરી જે આગળ જતા તેમની એક કાયમની ઓળખ બની ગઈ.

બાળકોના પાઠ્યપુસ્તકોને રવીન્દ્રનાથે જે રીતે સાંકળી લીધા હતા. તેની કલ્પના કરી શકાય એમ નથી. તેઓ એવું માનતા હતા કે બાળકોના મનમાં સહજ રીતે જે રમતુ હોય એ જ તેમના પાઠ્યપુસ્તકમાં હોવું જોઈએ નહિતર બાળકો મનથી ગેરહાજર રહે. અને જો આવું બને તો શિક્ષણની યાત્રા ફળદાયી નીવડી શકે નહિ. એટલે કે પાઠ્યપુસ્તક તો બાળક માટે એક રમકડાં જેવુ જ હોવું જોઈએ જેથી તેનું વાંચન બાળકો માટે મઝા બની શકે.

આ સઘળીય બાબતોનો વિચાર કરીને બધી દૃષ્ટિએ નિરાળી પદ્ધતિથી તેમણે શાળા ઊભી કરી હતી. શરૂ-શરૂમાં તો મા-બાપોને એવું લાગ્યું કે રવીન્દ્રનાથ બાળકોને બગાડી રહ્યા છે. પણ પછી ધીમે-ધીમે તેમને મળેલા નોબલ પ્રાઈઝને લીધે તેમની ખ્યાતિ વધવા માંડી અને માબાપોને રવીન્દ્રનાથની શાળા પ્રત્યે આકર્ષણ પેદા થયું અને તેઓ પણ તેમાં રસ દાખવતાં થયા.

પોતાના શિક્ષણ કાર્યમાં રવીન્દ્રનાથ પોતાનો પાઠ ઉત્તમ જ હોવો જોઈએ એવો આગ્રહ રાખતા અને એથી તેઓ વર્ગમાં શીખવવા જતાં પહેલા જરૂરી નોંધ કરીને ખૂબ તૈયારી કરતા હતા. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને મુક્ત મનના કરવાનો જ હતો. કારણ કે તેમને એ ખબર હતી કે જ્યાં સુધી બાળકના મનમાં ચિંતા, ધાક કે કોઈ ભાર હોય ત્યાં સુધી તેનો વિકાસ અસંભવિત જ છે.

ખેર, ચિંતની ખૂબ ઊંચાઈએ પહોંચીને રવીન્દ્રનાથને મુક્તિનો માર્ગ ગીતો અને સંગીતમાં જ દેખાયો હતો. એથી જ તેઓ બાળકોને મુક્ત મનના કરવા માટે ગીત અને સંગીતના આનંદપ્રવાહમાં તરબોળ કરી દેતા હતા.

ખરેખર, રવીન્દ્રનાથે બાળકોને ધરતી અને આકાશ વૈભવને જોવાની અને માણવાની દૃષ્ટિ આપી હતી. અને ચાર દિવાલોની મર્યાદામાં સપડાઈ ગયેલા શિક્ષણને વિરાટની વચ્ચે ખેંચી લાવીને વિદ્યાર્થીઓ માટે ઐશ્વર્યના અનેક ખંડ ઉઘાડા કરી નાખ્યા હતા. હા, મિત્રો ! જે શાળાને ભીંતો જ ન હોય અને અભ્યાસક્રમનો શું ક્યાંય કોઈ અંત હોઈ શકે ખરો ?

સાચે જ ! રવીન્દ્રનાથે શિક્ષણના એક પર્યાય તરીકે વિરાટની ઓળખ આપી દીધી હતી અને તેની સાથે જ જીવન અને શિક્ષણની વચ્ચે જે પ્રથ્ય કથા ઊભી થયેલી હતી, જે દિવાલ ચણાય રહેલી હતી, તેને તોડી નાખીને શિક્ષણને જીવનની ખૂબ નજીક લઈ જવામાં રવીન્દ્રનાથ ખૂબ સફળ નીવડ્યા હતા.

હા, ! આ જગતમાં જેમને પણ ધન્યતા મળેલી છે. તેમને એ જીવનના આદર કરવાને કારણે મળેલી છે અને જો આપણે જિંદગીની આ નક્કરતાને ભુલી જઈએ કે અવગણના કરતા રહીએ તો પછી આપણા જીવનનો કોઈ અર્થ સરતો નથી. વળી, સ્વામી વિવેકાનંદ કહેતા કે- “હાથ જોડીને, તમાસા થઈને બેસી ના રહો. કાંઈક કરો... જોઈએ તો કાંઈક ઊંધુ કરો પણ જે કરો એ વિરાટ ભૂમિકા ઉપર કરો. આપણે આપણા સત્વને ભુલાવવું નથી. આત્મવ્યામોહમાં પડવાનું નથી, આપણી શક્તિઓ અમર્યાદિત છે. આપણા મર્યાદિત સાધનો દ્વારા એમનો ઉપયોગ કરીને જીવન રચના કરવાની છે.”

હા, વિદ્વાનોએ સાચુ જ કહ્યુ છે કે બાળકોને આપવા લાયક જો કોઈ ભેટો હોય તો તે મુખ્યત્વે બે જ છે અને તે એ છે મૂળ અને પાંખ.

મૂળ કે જેથી તેને આધાર મળી શકે, તેનામાં અચલતા અને અટલતા પેદા થઈ શકે. અને પાંખ કે જેથી તે વિરાટમાં જઈ શકે અને અચરજનો ખોળો ખૂંદતાં-ખૂંદતા તેનામાં સભાનતા પૂર્વકના સંસ્કારો અંકિત થાય. બસ ! કંઈક આવા કંપનોને રમતા મૂકીને મારી કલમને હું વિરામ આપું છું.

**મજાક-મજાકમાં**

આ લેખ વાંચી એક મિત્રએ મને પૂછ્યું કે

“તમારી આ સ્વતંત્ર વિચારધારાની વાતથી જગતને શો ફાયદો થાય ?”

મેં કહ્યું - “એટલું ચોક્કસ છે કે આ ટ્રાફિકની સમસ્યા તો ઉકલી જ જાય પણ ભરતી મેળા સામે જોખમ જરૂર ઊભું થાય.”

# વિશ્વની અજાયબીઓ

સંકલન : હરિશ આર. પટેલ
આ.શિ. વિરણીયા (ઉ.) પ્રા. શાળા
તા. લુણાવાડા જિ. પંચમહાલ

**પ્રાચીન અજાયબીઓ :**

(૧) પિરામીડ (ઇજિપ્ત)
(૨) એલેકઝાંડ્રિયાની દીવાદાંડી, (ઇજિપ્ત)
(૩) ઝૂલતા બગીચા. (બેબિલોન)
(૪) જ્યૂપીટરનું પૂતળું (ગ્રીસ)
(૫) માઉસોલસની કબર (તુર્કી)
(૬) દેવી ડાયેનાનું દેવળ. (તુર્કસ્તાન)
(૭) રોડ્ઝના કોલોસસની વિશાળમૂર્તિ (ભૂમધ્ય સમુદ્રની પૂર્વમાં)

**મધ્યકાલીન અજાયબીઓ**

(૧) કોલોઝિયમ (સભાગૃહ) (રોમ)
(૨) ચીનની મહાન દિવાલ (ચીન)
(૩) ચિનાઈ માટીનો ટાવર (ચીન)
(૪) સેન્ટ સોફિયાનું ચર્ચ (ઈસ્તંબૂલે)
(૫) પિઝાનો ઢળતો મિનારો (ઈટાલી)
(૬) આગ્રાનો તાજમહાલ (ભારત)
(૭) મડદાં દાટવાનાં ભોંયરાં (રોમ)

**અર્વાચીન અજાયબીઓ**

(૧) એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ (ન્યુયોર્ક-અમેરિકા)
(૨) પનામા નહેર (મધ્ય અમેરિકા)
(૩) ભૂગર્ભ રેલ્વે (લંડન-ઈગ્લેન્ડ)
(૪) ઝૂલતો પુલ (સાન ફ્રાન્સિસ્કો-ઉ. અમેરિકા)
(૫) આસ્વાન બંધ (ઈજિપ્ત)

(૬) વોશિંગ્ટન સ્મારક (વોશિગ્ટન-અમેરિકા)
(૭) એફિલ ટાવર (પેરિસ-ફ્રાંસ)
(૮) ચેનલ ટનલ (ઈંગ્લેન્ડ અને ફ્રાંસને જોડતી ટનલ)
(૯) સ્વાતંત્ર્ય દેવીનું પૂતળું (ન્યુયોર્ક-અમેરિકા)

### તા. ૭-૭-૨૦૦૭ની વિશ્વની અજાયબીઓ

(૧) તાજમહાલ (આગ્રા-ભારત)
(૨) ચીનની મહાન દિવાલ (ચીન)
(૩) રોમનો કોલોઝિયમ (સભાગૃહ) (રોમ)
(૪) જોર્ડનનું પ્રાચીન શહેર પેટ્રા.
(૫) બ્રાઝીલની ક્રાઈસ્ટ ધ રીડીમરની પ્રતિમા.
(૬) મેક્સીકોનાં ચીકહેન ઈત્ઝા
(૭) પેરુના માચુ પીછું

### બોલો, પણ કેવું ?

(૧) સાચું બોલો
(૨) પ્રિય બોલો.
(૩) ધીમે બોલો.
(૪) ઓછું બોલો.
(૫) સાદુ બોલો.
(૬) મીઠું બોલો.
(૭) પ્રેમભાવથી બોલો
(૮) બોલવા જેવું જ બોલો.
(૯) ગુસ્સામાં ન બોલો.
(૧૦) ઊંચા અવાજે ન બોલો.
(૧૧) વાત કરતી વ્યક્તિ વચ્ચે ન બોલો.
(૧૨) કડવું ન બોલો.
(૧૩) બીજાને ગમે એવું બોલો.
(૧૪) બીજા સમજે એવું બોલો.
(૧૫) વિચારીને બોલો.

### ક કંઈક કહે છે

ક - કર્મ કર્યે જાઓ.
ખ - ખોટી ટેવથી બચો.
ગ - ગમ ન કરો.
ઘ - ઘમંડી ન બનો.
ચ - ચિંતા ન કરો, ચિંતન કરો.
છ - છોડમાં રણછોડ છે.
જ - જળ એ જ જીવન છે.
ઝ - ઝાઝા હાથ રળિયામણા.
ટ - ટપક સિંચાઈ અપનાવો.
ઠ - ઠેર ઠેર ગંદકી ન કરો.
ડ - ડરપોક નહિ નિડર બનો.
ઢ - ઢગલાની જેમ પડ્યા ન રહો.
ણ - પાણી-વાણી વિચારીને વાપરો.
ત - તારું-મારું છોડો.
થ - થડ જેવા સહનશીલ બનો.
દ - દરેક અભણને ભણાવો.
ધ - ધીરજનાં ફળ મીઠાં.
ન - નમે તે સૌને ગમે.
પ - પારકી આશા સદા નિરાશા.
ફ - ફળની આશા નકામી.
બ - બાળક એ ભગવાનનું સ્વરૂપ છે.
ભ - ભણે તે ગણે.
મ - મન હોય તો માળવે જવાય.
ય - યોગાસન કરો, તંદુરસ્ત રહો.
ર - રામ રાખે તેને કોણ ચાખે.
લ - લોકો સાથે હળીમળીને રહો.
વ - વિદ્યા વાપરતાં વધે છે.
શ - શરમાય એ કરમાય.
ષ - ષડયંત્ર ન રચો.
સ - સત્કર્મ કરો.
હ - હરિ, હંમેશાં બીજાને મદદ કરો.
ળ - ળની જેમ સાથી બનો. હળ, નળ, જળ, મળ.
ક્ષ - ક્ષમા વિરનું આભૂષણ છે.
જ્ઞ - જ્ઞાની બનો, જ્ઞાન વહેંચો.

### કેળવણી

→ તમારો મિજાજ ગુમાવ્યા વગર અથવા તમારો આત્મવિશ્વાસ ગુમાવ્યા વગર કશું પણ સાંભળવાની તૈયારી એટલે કેળવણી.
→ માણસને સ્વતંત્ર નિર્ણય લેતાં શીખવે એ કેળવણી.
→ સારાં-નરસાં, સત્ય-અસત્ય, સુંદર-બેડોળ, યોગ્ય-અયોગ્યનો ખ્યાલ અપાવે તે કેળવણી.
→ સારા જીવનનું આયોજન કરાવે તે કેળવણી.

→ ચારિત્ર્ય ઘડતર એટલે કેળવણી.
→ માનવતા પાંગરે તો કેળવણી.
→ માણસને નાગરિક બનાવે એ કેળવણી.
→ મેળવેલો રોટલો મીઠાસથી ખાવાની આવડત એટલે કેળવણી.
→ ફરજનું ભાન કરાવે તે કેળવણી.
→ કેળવે તે કેળવણી.
→ મુશ્કેલીઓનો સામનો કરતાં શીખવે તે કેળવણી.
→ અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી પ્રકાશ ફેલાવે તે કેળવણી.
→ રોટલો કેમ રળવો તે નહિ પણ દરેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો એ શીખવે તે કેળવણી.
→ જીવનની વાસ્તવિકતાનું ભાન કરાવે તે કેળવણી.
→ સુખ પેદા કરતાં શીખવે એ કેળવણી.
→ અપરાધી ને પણ ચાહતાં શીખવે એ કેળવણી.
→ સાદગીભર્યું જીવન જીવતાં શીખવે એ કેળવણી.

**પ્રયોગ**

હેતુ : દુનિયાની પ્રયોગશાળામાં લાગણી નામનું તત્વ બનાવવું.

સાધનો : મનુષ્ય દેહરૂપી ચંબુ, મીઠી વાણી રૂપી પ્લાસ્ટર ઑફ પેરિસ, ભરોસારૂપી થીસલ ગળણી, અરમાનોના ટુકડા, ગુસ્સારૂપી બર્નર.

પદાર્થો : અમીદૃષ્ટિનું પ્રવાહી, પ્રેમ-વિશ્વાસ અને ભાવનાનું ત્રિરંગી મિશ્રણ, ઉદ્દીપક તરીકે અશ્રુબિંદુઓ.

પદ્ધતિ : સૌ પ્રથમ મનુષ્ય દેહરૂપી ચંબુ લો. તેમાં અમીદૃષ્ટિનું પ્રવાહી રેડો. ત્યારબાદ ચંબુને બધી બાજુથી પેક કરો અને ઉપર મધ જેવી મીઠી વાણીરૂપી 'પ્લાસ્ટર ઑફ પેરિસ' લગાડી હવાચુસ્ત કરો. એ પછી ઉપરથી ભરોસારૂપી થીસલ ગળણી વાટે તેમાં અરમાનોના ટુકડાને એક પછી એક નાખતા જાઓ.

ચંબુને પ્રેમ, ભાવના અને વિશ્વાસના ત્રિરંગી મિશ્રણ વડે બનેલા કેરોસીનથી ભરેલા કૃત્રિમ ગુસ્સાના બર્નર વડે ગરમ કરો. થોડા આંસુઓને પણ થીસલ ગળણી વાટે અંદર રેડો, જે ઉદ્દીપક તરીકે કાર્ય કરી પ્રક્રિયાને ઝડપી બનાવશે.

ત્યારબાદ જિંદગીના ૧/૫ ભાગના સમય સુધી આ ઘન, પ્રવાહી કે વાયુ બનાવવાના સતત પ્રયત્નો કરો. જો વિસ્ફોટ થાય તો સમજવું કે ચંબુમાં તૈયાર થયેલું લાગણી નામનું તત્વ ઉછળીને બહાર આવી ગયું, પરંતુ...

જો લાગણીનું તત્વ ના બને તો સમજવું કે ઈન્સાનના જીવનરૂપી વાતાવરણમાં સ્વાર્થરૂપી ભેજનું પ્રમાણ વધુ હતું.

## ''ગ્લોબલ વૉર્મિંગ''

પંચાલ ભાવનાબેન
આ.શિ. ગ્લીબીલી પ્રા.શાળા
તા. ઘોઘંબા

પૃથ્વી ફરે છે ગોળ, પણ ફરતી રહે છે નિયમમાં સાગર તરફ દૃષ્ટિ કરો તો, ભરતી પણ ચઢે છે સૂરજ પણ ઉગવા તણા નથી કરતો કોઈ વાયદા માનવી જ તોડી રહ્યો છે. કુદરતના આ કાયદા.

ધરતી જીવસૃષ્ટિ વડે ધબકતી થયાનું કારણ જ એ છે કે કરોડો વર્ષ અગાઉ વાતાવરણમાં $CO_2$ નું સંતુલન બહુ સચોટ રીતે સ્થાપનાર કુદરતે એ બેલેન્સને કદી ખોરવ્યુ નથી હવે તે સંતુલન તોડવાનું કામ માનવજાત કરી રહી છે. પર્યાવરણ સમતુલાનો પ્રશ્ન આજે વિશ્વ સમસ્યા છે આ સમસ્યા પર આજે દુનિયાભરના બધા વૈજ્ઞાનિકો ચિંતિત છે. Global warming "In Convinient truth" ના કારણે પૃથ્વી પરની જીવસૃષ્ટિ વિનાશના સ્તરે પહોંચી રહી છે.

**Global warming ''In convinent truth'' (આજની નરી વાસ્તવિક્તા)**

દિવસે દિવસે પરિસ્થિતિ બદલાય છે. વાતાવરણમાં ફેરફાર થતો રહે છે.

ઋતુઓમાં અનિયમિતતા રહે.

વાવાઝોડા, પુર, વધુ વરસાદ, દુષ્કાળ જેવી

સ્થિતિઓ પેદા થાય.

શહેરોમાં વધતી વસ્તી ગામડા ખાલી.

દરિયાઈ જીવો પર થતી અસરો.

વનસ્પતિ પર થતી અસર.

**Global warmingમાં ભાગ ભજવતા પરિબળો :**

ગ્લોબલ વોર્મિંગ પેદા કરવામાં ૬૪% ફાળો એકલા કાર્બન ડાયોકસાઈડ ($C0_2$)નો છે. આ સિવાયના હેલો અને કાર્બન તેમા ભાગ ભજવે છે.

| | | |
|---|---|---|
| (૧) હેલો કાર્બન | : | ૫ ટકા |
| (૨) ક્લોરો ફલોરો કાર્બન | : | ૬ ટકા |
| (૩) નાઈટ્સ ઓકસાઈડ | : | ૬ ટકા |
| (૪) મિથેન | : | ૧૯ ટકા |
| (૫) કાર્બન ડાયોકસાઈડ | : | ૬૪ ટકા |

**કાર્બન ડાયોક્સાઈડનો ઇતિહાસ :**

ભવિષ્યમાં ગ્લોબલ વોર્મિંગ શી આફતો સર્જે તેનો પૂરેપૂરો અંદાજ મેળવતા પહેલા જો ભૂતકાળ તરફ સહેજ નજર કરીએ તો પર્યાવરણ પોતાનું સંતુલન કેવી રીતે જાળવે છે તે જાણી શકાય.

આજથી લગભગ ૩૦૦ કરોડ વર્ષ અગાઉ વાતાવરણમાં $CO_2$ ૦.૦૩% ને બદલે ૭૦% હતો એટલે કે આજના $CO_2$ ના પ્રમાણ કરતા ૨૩,૦૦૦ ગણો વધારે હતો ૩૦ કરોડ વર્ષ પછી અત્યંત પ્રાથમિક વનસ્પતિ તરીકે એવા સૂક્ષ્મજીવો પેદા થયા કે જેઓ પ્રકાશસંશ્લેષણ માટે $CO_2$ વાપરી ઓક્સિજન મુક્ત કરતા હતા આ જાતના સજીવોએ ૮૦ કરોડ વર્ષમાં $CO_2$ની માત્રા આસ્તે આસ્તે વધારીને ૧૫% સુધી પહોંચાડી દીધી જે આંકડો બીજી વનસ્પતિ દ્વારા વધીને છેવટે ૨૧% થવાનો હતો આ રીતે અબજો ટન કાર્બન વેલા, છોડ અને વૃક્ષોએ આત્મસત્ કરી લીધો આનાથી ક્યાય વધારે જથ્થા વડે કાર્બાનેટ ખડકો બન્યા જેમા $CO_2$ હંમેશ માટે કેદ રહેવાનો હતો.

**ક્યા કેટલો કાર્બનડાયોક્સાઈડનો જથ્થો પુરાવો**

| | જથ્થો (અબજ ટન) | ટકાવારી |
|---|---|---|
| • કાર્બાનેટ જેવા ખડકો | ૧,૮૦,૦૦,૦૦૦ | ૯૯.૭૫ |
| • મહાસાગરો | ૩૨,૦૦૦ | ૦.૧૭ |
| • કોલસો, પેટ્રોલિયમ, નેચરલ ગેસ | ૯,૧૦૦ | ૦.૦૫ |
| • મરેલા સેન્દ્રિય જીવો | ૩,૪૦૦ | ૦.૦૧૮ |
| • વાતાવરણ | ૬૪૦ | ૦.૦૦૩ |
| • વનસ્પતિ | ૪૧૦ | ૦.૦૦૨ |
| • સમુદ્રના પ્લેન્કટન (તરલ જીવો) | | ૯૦.૦૦૦૦૫ |

આ રીતે કુદરતમાં ગ્રીનહાઉસ વાયુનું પ્રમાણ ૭૦% થી ઘટીને ૦.૦૦૩% થયુ જે જીવસૃષ્ટિને અનુકૂળ જણાતું તાપમાન સ્થાપવા માટે અને સતત જાળવવા માટે આદર્શ હતું.

દુર્ભાગ્યે ૧૭૫૦ના અરસા પછી ઔદ્યોગિક ક્રાંતિના નામે માનવજાતે હસ્તક્ષેપ શરૂ કરી દીધો ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થયા પછીના લગભગ ૨૫૦ વર્ષ દરમ્યાન માનવજાતે પહેલા વાર્ષિક હજારો ત્યારબાદ લાખો પછી કરોડો અને છેવટે અબજો ટનના હિસાબે $CO_2$ વાતાવરણમાં ખડકી દીધો.

**માનવજાતની સુવિધા તથા મોજશોખથી ક્યા કેટલો $CO_2$ છૂટો પડ્યો તે વિગત :**

| | |
|---|---|
| - દિવસમાં છ કલાક વપરાતુ એક | ૨૨૩૦ કિલો |
| - ટનનું એરકન્ડિશનર બાર મહિને | $CO_2$ |
| - દિવસના કલાક લેખે બાર મહિને પિક્ચર ટ્યબવાળુ ટેલિવિઝન | ૧૯૦ કિલો |
| - ઈલેક્ટ્રીક સ્ટોરેજ ગીઝર | ૩૨૦૦ કિલો |
| - વીજળીનો ૬૦ વોટનો બલ્બ | ૯૬ કિલો |
| - એર કુલર | ૨૭૨ કિલો |
| - વિડિયો પ્લેયર | ૬૪ કિલો |
| - રેફ્રિજરેટર | ૯૪૦ કિલો |

આ ઉપરાંત રોજના દુનિયાભરના ૧૮,૨૦૦ જેવા વિમાનો, મોટરકારો, થર્મલ પાવર સ્ટેશનો અને કેટલાય ટન $CO_2$ છૂટો પાડ્યો.

આમ આર્થિક પ્રગતિના નામે માનવજાતે અપનાવી લીધેલી આધુનિક જીવન પ્રણાલિકાને કારણે ગ્લોબલ વોર્મિંગમાં નિરંતર થતો વધારો અટકે તેમ નથી.

**Global warming થી સર્જાતિ પરિસ્થિતિ :**

ગ્લોબલ વોમિંગને લીધે વાતાવરણમાં ગરમીનું પ્રમાણ બધે વ્યાપક થાય. એટલે હવાના ઠંડા અને ગરમ પ્રવાહો વડે આજે વ્યવસ્થિત ચાલતું ઋતુચક્ર ખોરવાતા વેરાન પ્રદેશોમાં વરસાદ પડશે અને ખેતીલાયક કેટલાય પ્રદેશો અનાવૃષ્ટિના ભોગ બનશે. ઉત્ક્રાંતિમાં જે તે હવામાનના પર્યાવરણને અનુકૂળ બનેલા, અમુક પ્રાણી-પંખીઓનું અસ્તિત્વ સદંતર નાબૂદ થશે.

ઉચ્ચવાસ કાઢતા પ્રાણી પંખીઓ, જ્વાળામુખી પર્વતો, કોહવાતા લાકડા વગેરે દ્વારા જે કાર્બન ડાયોકસાઈડ વાતાવરણમાં ભળે તેનો વાર્ષિક ૧૦ કરોડ ટન જેટલો ચોખ્ખો જથ્થો મહાસાગરમાં પંચનો રહ્યો છે અને સાગર તળિયે કાર્બોનેટ ખડકોમાં કેદ થતો રહ્યો છે. માનવ જાતની ઔદ્યોગિક પ્રકૃતિને કારણે આજે વાર્ષિક ૨ અબજ ટન $CO_2$ સમુદ્રમાં પચે છે જેને સમુદ્રો ન્યાય આપી શકતા નથી પરિણામે ઓગળેલા $CO_2$ સોફ્ટ ડ્રિન્ક જેવો કાર્બોનિક એસિડ પેદા કરે છે અને તે મંદ તેજાબ સમુદ્ર સૃષ્ટિને તારાજ કરે છે નજીકના ભલે નહિ તો દૂરના ભવિષ્યમાં મહાસાગરો નિર્જીવ બનવાના છે.

પૃથ્વીનું સરેરાશ તાપમાન હદ ઉપરાંત વધ્યા પછી હિમપ્રદેશોનો તમામ બરફ ઓગળી જાય ત્યારે સાગર સપાટી $CO_2$ મીટર ૨૩૦ ફૂટ જેટલી વધશે. આમાં મુખ્ય ફાળો પાણીના વધેલા પુરવઠાનો નહિ પરંતુ પાણીના વધેલા તાપમાનનો હશે. પાણીની ધનતા ૪° સેલ્સિયશના તાપમાને મહત્તમ હોય પણ ત્યારબાદ જેટલુ ગરમ થાય તેટલુ વધુ વિસ્તરણ પામે અને સપાટી વધવા લાગે સપાટી વધતા માલદીવ, બાગ્લાદેશ તેનો ૨૨૦૦૦ ચો.કિ.મી. પ્રદેશ ગુમાવે ગુજરાત ઉપરાંત ભારતના દરિયા કિનારાનો પ્રદેશ ડૂબી જાય. પેગ્વિન પક્ષીનું અસ્તિત્વ નાબૂદ થઈ જાય.

**Global warming રોકવાના ઉપાયો :**

વાતાવરણનો શક્ય તેટલો કાર્બનડાયોકસાઈડ એક જગ્યાએ ભેગો કરી સલામત જગ્યાએ કારાવાસમાં પૂરી દેવો.

સૂર્યના કિરણોને અમુક માત્રામાં અધવચ્ચે રોકી દેવા. આના માટે ૦.૦૦૦૦૦૧ મી.લી. જાડા એલ્યુમિનિયમ તારની ગૂંથણી કરી ફાટવાળો રિફ્લેક્ટર અરીસો બનાવી તેને ૧૫,૦૦,૦૦૦ કિલોમીટર છેટે લેગરેન્જ પોઈન્ટ કહેવાતા સ્થાને ગોઠવી દેવો જોઈએ.

હાથવગો ઈલાજ : દુનિયા ભરના જેટલા પણ મકાનો છે. તેમના છાપરાને સફેદ ચુના વડે રંગી દેવા કારણકે આનાથી તાપમાનમાં જો ૧° જેટલો ઘટાડો થાય તો તે નાનો ન કહેવાય. દર દસ વર્ષે ૦.૧૩° સે જેટલું તાપમાન વધી રહ્યું છે.

કોઈપણ વ્યક્તિને સહજ રીતે સ્ફુરે એવો ઉપાય છે. નવા જંગલો ઉગાડવાનો છે. પ્રથમ નજરે તે આકર્ષક પણ લાગે, કેમકે પૃથ્વીનો આશરે ૪૧૦ અબજ ટન જેટલો કાર્બન ભૂમિ પરના વૃક્ષ-વેલાએ કેદ પકડી રાખ્યો છે એ વાતને ધ્યાનમાં લેતા નવા જંગલો વાતાવરણના બીજા અબજો ટન કાર્બન શોષી લે. આ કાર્ય જ છેવટે મહત્વનું છે. અગાઉ વર્ણવેલા ઉપાયો વધુ કાર્બનનો વાતાવરણમાં પ્રવેશ થતો રોકી શકે પરંતુ ગ્લોબલ વોમિંગ નોતરી લાવનારો જે કાર્બનનો જથ્થો અત્યારે વાતાવરણમાં છે તેનો નિકાલ વનસ્પતિ દ્વારા કુદરતી (પ્રકાશસંશ્લેષણ) રીતે જ થઈ શકે.

આ ભરપૂર સ્ટોરેજ ગ્લોબલ વોમિંગના ઉપાય તરીકે નવા જંગલો ઉગાડવાના સૂચનને આકર્ષક બનાવે છે.

છેલ્લે જહોન માર્ફિન નામના સંશોધકની વાત કે જેણે ૧૯૮૦ના દસકામાં ગ્લોબલ વોર્મિગના નિરાકરણ માટે સમુદ્રમાં લોહકણોનો છંટકાવ કરવાનું સૂચવ્યું હતું તેણે કહ્યું હતું, ‘‘મને અડધુ જહાજ ભરીને લોખંડનો પાવડર આપો હું તમને હિમયુગ પાછો આપીશ.’’

કારણ આપતા જણાવ્યું કે ‘‘દરિયામાં પ્લેન્કટન તરીકે ઓળખાતા તરલ જીવો છે તેમને પ્રકાશસંશ્લેષણ માટે $CO_2$ જોઈએ પરંતુ તેમની આબાદી ઝાઝી નથી તેમને વિકસવા માટે લોહતત્ત્વ મળી રહે તે જરૂરી છે. આથી જો લોહકણો સમુદ્રમાં પાવડર તરીકે ઉડાડે તો પ્લેન્કટનનો રાફડો ઉગી નીકળે.

# શબ્દ કસોટી એક નવતર પ્રયોગ

સંકલન શ્રી એસ. એચ. પટેલ
સિ.લે. ડાયટ, સંતરામપુર

ધોરણ-૭ વિજ્ઞાનના ''એકમ ૧૯ પ્રાણીઓમાં અનુકૂલન''નું વર્ગશિક્ષણ કાર્ય પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓની એકમ કસોટી લીધી હતી. કસોટીના પ્રશ્નપત્રો ઘેર બેસીને તપાસી રહ્યો હતો. મારી પત્ની દૈનિક સમાચાર પત્રમાં આવેલ 'શબ્દ-કસોટી' પૂરી રહી હતી. અચાનક મારી નજર 'શબ્દ કસોટી' પર ગઈ, અને. મનમાં એક વિચાર સ્ફૂર્યો. જો 'એકમ કસોટી' 'શબ્દ-કસોટી' (શબ્દકોઠા) રૂપે લેવામાં આવે તો ! મેં પ્રશ્નપત્રો તપાસવાનું બંધ કર્યું, અને પત્નીને કહી પાડોશમાં રહેતી અને સાતમાં ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનું વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક મંગાવ્યું.

પાઠ્ય-પુસ્તકમાંથી 'પ્રાણીઓમાં અનુકૂલન' એકમ કાઢી પાઠમાં જે શબ્દો જવાબ રૂપે આવતા હોય તેવા પ્રશ્નો બનાવ્યા અને શબ્દો અલગ કાગળમાં લખ્યા. આ શબ્દોને આડી અને ઊભી હરોળમાં બંધ બેસે તે રીતે કોઠામાં લખ્યા. ચોકઠામાં ક્રમ આપી તેની આડી અને ઊભી ચાવીઓ રચી. થોડા સમયની મહેનત બાદ 'શબ્દ-કસોટી' એકમ કસોટી રૂપે તૈયાર થઈ ગઈ.

બીજા દિવસે શાળામાં શિક્ષણકાર્ય દરમિયાન કા.પા. પર આડા અને ઊભા ચોકઠા દોરી કોઠો રચ્યો. ચોકઠામાં ક્રમ આપ્યા. આ જોઈ તરત જ એક વિદ્યાર્થી બોલી ઊઠ્યો કે, 'સાહેબ, આવા કોઠા છાપામાં રોજ આવે છે. મેં તરત જ તેમને કહ્યું કે, આજે આપણે એવો જ કોઠો પૂરવાનો છે. મેં પૂછ્યું કે, તમારામાંથી કોણ છાપામાં આવતા આવા કોઠા પૂરે છે ? એક પણ વિદ્યાર્થીની આગળી ઊંચી ન થઈ. કોઠાની બાજુમાં કા.પા. પર આડી અને ઊભી ચાવીઓ લખી. 'શબ્દ-કસોટી' (શબ્દ-કોઠો) પૂરતી વખતે આડી-ઊભી ચાવીઓનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજ આપી. આડી-ઊભી ચાવીઓના અંતે કૌંસમાં જે અંક લખેલો છે તે ચાવીના પ્રશ્ન) જવાબમાં આવતા શબ્દના અક્ષરની સંખ્યા બતાવે છે તે જણાવ્યું આડી-ઊભી ચાવીમાં 'શબ્દ' કઈ રીતે બંધ બેસે તે ઉદાહરણ આપી સમજાવ્યું.

વિદ્યાર્થીઓને વર્ગમાં અલગ-અલગ બેસાડ્યાં અને દરેક વિદ્યાર્થીને એક કોરો કાગળ આપ્યો. તેના ઉપર તેમનું નામ લખવા કહ્યું.કોરા કાગળમાં કા.પા. પર રહેલો કોઠો દોરી તેમાં ક્રમ આપવા જણાવ્યું. તે પછી મેં જે સૂચના આપી હતી તે મુજબ કોઠો પૂરવા કહ્યું.

વિદ્યાર્થીઓ કોઠો પૂરતા હતા તે દરમિયાન તેઓ વિચાર કરતા હતાં તેવું અવલોકન પરથી જણાયું. કોઠો ભરાઈ ગયા પછી દરેક વિદ્યાર્થી પાસેથી 'શબ્દ-કસોટી'ના કાગળ લઈ લીધા. પછી કા.પા. પર દોરેલો કોઠો એક-એક વિદ્યાર્થી દ્વારા એક-એક ચાવી પૂરાવી પૂર્ણ કર્યો.

શાળાએથી ઘેર આવીને અગાઉ લીધેલી આજ એકમની કસોટીના પ્રશ્નપત્રો તપાસવાના બાકી હતા તે પૂર્ણ કર્યા. અને ત્યારબાદ 'શબ્દ-કસોટી' રૂપે જે એકમ-કસોટી લીધી હતી તે શબ્દ-કસોટીઓ તપાસી. બંને કસોટીઓની સરખામણી કરતાં જણાયું કે મોટાભાગના વિદ્યાર્થીઓએ પ્રશ્નપત્રો કરતાં 'શબ્દ-કસોટીમાં' વધુ ગુણ મેળવ્યા છે. તેથી મેં નક્કી કર્યું કે હવે પછી કોઈપણ વિષયની 'એકમ-કસોટી' આવી 'શબ્દ-કસોટીઓ' દ્વારા લેવી.

'શબ્દ-કસોટી' દ્વારા વિદ્યાર્થીઓની વિચારશક્તિનો વિકાસ થાય છે. ગમ્મત સાથે જ્ઞાનની ચકાસણી થાય છે. વિદ્યાર્થીઓને ખ્યાલ પણ નથી આવતો કે તેમની 'એકમ-કસોટી' લેવાઈ રહી છે. આ 'શબ્દ કસોટી' લીધા પછી વિદ્યાર્થીઓ દૈનિક સમાચારપત્રમાં આવતી 'શબ્દ-કસોટી' પૂરતા થયા છે. તેથી તેમના 'શબ્દ ભંડોળમાં વધારો થાય છે.

ગુજરાતી, હિન્દી વિષયોમાં સમાનાર્થી, વિરોધી શબ્દો, શબ્દસમૂહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગો (વ્યાકરણ) દ્વારા; અંગ્રેજી વિષયમાં સ્પેલીંગ દ્વારા; વિજ્ઞાન-સમાજવિદ્યા-શારીરિક શિક્ષણ વિષયોમાં એક શબ્દમાં જવાબ આળતા હોય તેવા પ્રશ્નો દ્વારા આવી 'શબ્દ-કસોટીઓ' બનાવી 'એકમ મૂલ્યાંકન' રસપ્રદ બનાવી શકાય છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 ઑ | ક્સિ | જ | 2 ન | X | 3 | | 4 | |
| ક્ટો | X | X | | X | | X | | 5 |
| પ | X | X | 6 | | | 7 | | |
| 8 સ | | 9 | | X | | X | | |
| X | X | | X | 10 | | | 11 | |
| 12 | | | 13 | X | X | X | X | X |
| 14 | X | 15 | 16 | | | 17 | | 18 |
| 19 | | X | | X | X | | X | |
| | X | 20 | | | 21 | X | 22 | |
| | 23 | | | 24 | | | | |
| 25 | | | X | X | | X | X | X |

## આડી ચાવીઓ

(૧) માછલી પાણીમાં ઓગળેલો....વાયુ શ્વાસમાં લે છે. (૪)

(૩) એક સરિસૃપ પ્રાણી (૪)

(૬) એક પક્ષી (૩)

(૭) પક્ષીઓના શરીરની રચના....જેવી હોય છે. (૩)

(૮) એક જલજ નિવાસસ્થાન (૪)

(૧૦) માછલી ......... દ્વારા પાણીમાં ઓગળેલો પ્રાણવાયુ મેળવે છે (૩)

(૧૧) વધુ .......... વાવો, વધુ વરસાદ લાવો. (૨)

(૧૨) વૃક્ષારોહી પ્રાણીઓ લાંબી, ચીકણી, ............ આકારની જીભ ધરાવે છે. (૩)

(૧૫) વૃક્ષારોહી પ્રાણીઓ લાંબી, પાતળી, ચાબૂક જેવી ......... ધરાવે છે. (૩૦

(૧૭) ચાર્લ્સ ડાર્વિને ........... નામની ચકલીઓની ચાંચમાં વિવિધતા જોઈ (૨)

(૧૯) એક પક્ષી (૨)

(૨૨) .... લાગે ત્યારે પ્રાણીઓ ખોરાકની શોધમાં નીકળે છે (૨)

(૨૩) ઉભયજીવી પ્રાણીઓને ....... પ્રાણીઓ પણ કહે છે (૩)

(૨૪) એક ઉભયજીવી પ્રાણી (૫)

(૨૫) વધુ હવા શરીરમાં ભરી શકાય તે હેતુથી પક્ષીઓ હવા ભરવાની......કોથળીઓ ધરાવે છે (૨)

## ઊભી ચાવીઓ

(૧) લાંબાં, પાતળાં આઠ ઉપાંગો ધરાવતું એક જળચર પ્રાણી (૪)

(૨) દરવાસી પ્રાણીઓનાં શરીરનો આકાર....... હોય છે (૪)

(૩) એક આરોહી વનસ્પતિ (૫)

(૪) એક વનસ્પતિ (૪)

(૫) માછલી.... દ્વારા પ્રચલન કરે છે (૪)

(૯) સૌથી મોટું જળચર પ્રાણી (૩)

(૧૩) એક વનવાસી પ્રાણી (૨)

(૧૪) એક વૃક્ષારોહી સજીવ (૫)

(૧૬) એક દરવાસી પ્રાણી (૪)

(૧૭) માછલીને અંગ્રેજીમાં .... કહેવાય (ઉચ્ચાર) (૨)

(૧૮) એક રણનિવાસી પ્રાણી, (જંગલી-ગધેડો) (૪)

(૨૦) આકાશમાં ઊડતાં પક્ષીઓ .... પ્રાણીઓથી ઓળખાય છે (૩)

(૨૧) એક છોડ (૩) (૨૨) એક સ્થળચર પ્રાણી (૨)

## હિંદની જનેતા...

ઓ હિંદની જનેતા
હું બાળ છું. તમારો
હું હાથ જોડી માતા.
નમન કરું સ્વીકારો ઓ હિંદની....
અંગ્રેજો આવી માતા
ખોળો ખૂંધ્યો તમારો ઓ હિંદની..
અંગ્રેજો દુઃખ દેતા
લઈ આસરો તમારો ઓ હિંદની...
પંદર ઓગસ્ટે માતા
નવળો હું બાળ તારો ઓ હિંદની...
પુત્ર કપૂત થાતાં
દેખ્યો ન ભેદ તારો. ઓ હિંદની..
તું કાજ દેહ દેતા
સપૂતમાં તમારાં ઓ હિંદની...

તાવિયાડ હેમુભાઈ કલજીભાઈ
આ.શિ. ઉપલા ફ. ચીચાણી પ્રા.શા. તા. સંતરામપુર, જિ. પંચમહાલ

# શિક્ષક પોતાની 'આચાર્ય' તરીકે હેસિયત પાછી મેળવે

બિહારની મારી યાત્રા દરમ્યાન કહલગાંવ નામના ગામે મેં 'આચાર્યકુળ' ની સ્થાપના કરેલી. કહલગાંવ એક પ્રાચીન સ્થાન છે. કહોલ નામના એક મુનિ થઈ ગયા. ઉપનિષદમાં યાજ્ઞવલ્કયની સભામાં ચર્ચા માટે જે વિદ્વાનો આવ્યા હતા, એમનામાં એક હતા, કહોલ મુનિ. બૃહદારણ્યક ઉપનિષદમાં બ્રહ્મચર્ચમાં એમણે ભાગ લીધેલો. મારી ઈચ્છા છે કે શિક્ષકોની એક સ્વતંત્ર સત્તા ઊભી થાય. તેને માટે આ આચાર્યકુળના સંગઠનની કલ્પના છે.

'કુળ' શબ્દ પરિવારવાચક છે, અને બધા આચાર્યોનો એક પરિવાર બનાવો જોઈએ. જ્ઞાનની ઉપાસના કરવી, ચિત્તશુદ્ધિ માટે પ્રયત્ન કરવો, વિદ્યાર્થીઓ માટે વાત્સલ્ય-ભાવના રાખીને એમના વિકાસ માટે સતત કોશિશ કરતા રહેવી, આખા સમાજ સામે જે સમસ્યાઓ આવતી હોય છે તેના ઉપર તટસ્થ ભાવે ચિંતન કરીને સર્વસંમતિનો નિર્ણય સમાજ સામે મૂક્વો અને સમાજને આ રીતે માર્ગદર્શન આપતા રહેવું, ઈત્યાદિ કામો આપણે કરવાનાં છે. તે આ શિક્ષકોનો પરિવાર કરતો રહે.

શિક્ષકોનો પરિવાર એ મારો પોતાનો જ પરિવાર છે. મારું આખું જીવન જ શિક્ષણકાર્યમાં વીત્યું છે અને વીતી રહ્યું છે. ક્યારેક આત્મ-શિક્ષણ ચાલ્યું, ક્યારેક વિદ્યાર્થીઓનું શિક્ષણ. એટલે હું શિક્ષકોના આ પરિવારનો જ છું.

ગાંધીજીને એક વાર કૉર્ટમાં પૂછવામાં આવેલું કે "તમારો ધંધો શો છે ? " તો એમણે કહી દીધું : "કાંતવાનો અને વણવાનો." મને જો પૂછવામાં આવે કે "તમારો ધંધો શો છે ?" તો હું કહું કે,"મારો ધંધો શિક્ષકનો છે."

મેં કોઈ કામ કર્યું હોય તો તે શિક્ષકનું ને વિદ્યાર્થીનું જ. જે શિક્ષક હોય છે, તે વિદ્યાર્થી પણ હોય છે. શિક્ષક ને વિદ્યાર્થી બંને એક જ છે. હું હંમેશાં શિક્ષક ને વિદ્યાર્થી જ રહ્યો છું. જીવનભર મેં અધ્યયન-અધ્યાપનનું કામ જ કર્યું છે. એવો એક પણ દિવસ નથી ગયો, જ્યારે મેં કોઈ નવું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય અને જૂનાનું ચિંતન કર્યું ન હોય. ચિંતનનો સમય ન મળે, તો મારું ચિત્ત જળ વિનાની માછલીની માફક તડપે છે. માટે જીવનભર મારું શિક્ષણકાર્ય જ ચાલ્યું છે અને હું શિક્ષકોના પરિવારનો જ છું.

આપણું આ 'આચાર્યકુળ' પોતાના કોઈ હક કે અધિકાર મેળવવા માટે નથી, આ તો પોતાના કર્તવ્ય પ્રત્યે જાગૃતિ માટે અને કર્તવ્ય બજાવવાનો પ્રયત્ન કરવા માટે છે. આના દ્વારા આપણો શિક્ષકસમાજ પોતાની વાસ્તવિક હેસિયત પ્રાપ્ત કરશે, જે આજે તે ગુમાવી બેઠો છે.

શિક્ષકોએ પોતાની વાસ્તવિક ને યથાર્થ હેસિયત જાણવી જોઈએ. દરેક શિક્ષેક 'કોઽહમ્'- હું કોણ છું ? - નો જવાબ મેળવી લેવો જોઈએ. શિક્ષકને એવી અનુભુતિ હોવી જોઈએ કે હું સૌથી પહેલાં શિક્ષક છું. અને શિક્ષકનું કામ શ્રેષ્ઠ કામ છે. દેશની સર્વશ્રેષ્ઠ સંપત્તિ સમાન બાળકો મારા હાથમાં સોંપવામાં આવે છે. એ બાળકોને જે કાંઈ સંસ્કાર, વિદ્યા, માર્ગદર્શન મળશે, તે મારા મારફત મળશે. આનાથી વધારે મહત્ત્વનું બીજું કોઈ કામ હોઈ નહીં શકે. શિક્ષકે પોતાની આવી હેસિયત જાણવી જોઈએ. એની હેસિયત એ ગુરુની હેસિયત છે.

આપણે ત્યાં પ્રાચીન કાળથી ગુરુનું ભારે ગૌરવ કરવામાં આવ્યું છે. પતંજલિએ પરમાત્માએ ગુરુ રૂપે જોયા છે. 'સ એષ પૂર્વેષામપિ ગુરુઃ' - આપણા જે પ્રાચીન જ્ઞાનીઓ થઈ ગયા, એમનો એ ગુરુ છે. કોઈ ધર્મગ્રંથમાં કે માનસશાસ્ત્રીય ગ્રંથમાં પરમાત્માને ગુરુ રૂપે નથી દેખાડ્યા. પિતા રૂપે, માતા રૂપે એ આવે છે. પરંતુ પતંજલિએ યોગશાસ્ત્રમાં પરમાત્માને ગુરુ રૂપે જોયા. પરમાત્મા પરમ ગુરુ છે. એ આપણને સહુને શિક્ષણ આપે છે. એવી જ રીતે એનું અનુકરણ કરીને આપણે શીખવું-શીખવવાનું છે.

વેદમાં એક જગ્યાએ શિક્ષકને 'ગાતુવિદ્' કહ્યો છે. 'ગાતુ' એટલે ગમન માર્ગ અને 'ગાતુવિદ્' એટલે ગમન-માર્ગને ખોળનારો, જેને અંગ્રેજીમાં 'પથ

ફાઈન્ડર' કહે છે. શિક્ષક માટે વેદનો આ વિશેષ શબ્દ છે. વેદ શિક્ષકને અત્યંત શક્તિશાળી માર્ગદર્શકના રૂપમાં જુએ છે. એની સ્વતંત્ર બુદ્ધિપ્રભાની ગતિમાં કોઈ અવરોધ નથી. જાણે મુક્ત ગગનવિહારી હંસ. ગરુડ ને બાજની માફક આક્રમણકારી વિહાર કરનારો એ હશે. શિક્ષક ક્યારેય મનથી દુર્બળ નહીં હોય. અને માર્ગ શોધીને એ શું કરે એવી અપેક્ષા છે ? તે પણ વેદમાં કહ્યું છે. તે માર્ગદર્શક પાસે અપેક્ષા છે કે એ અજ્ઞાન, ભૂખ અને બીમારી, તે ત્રણેયના નિરસનનો માર્ગ દેખાડે.

આપણે ત્યાં શિક્ષકનું આટલું બધું ગૌરવ કરવામાં આવ્યું છે ! સંસ્કૃતમાં શિક્ષકને 'આચાર્ય' કહે છે. શબ્દ પોતે જ બોલે છે. આચાર્યનો અર્થ બતાવ્યો છે - 'અચિનોતિ અર્થાન્ અચિરતિ. આચારં કારયતિ.' જે બધા વિષયોનું અધ્યયન કરે છે, જાતે આચરણ કરે છે અને બીજાઓ પાસે આચરણ કરાવે છે, તેનું નામ આચાર્ય. આપણા દેશના મોટા મોટા જ્ઞાની 'આચાર્ય' કહેવાયા. જેમ કે શંકરાચાર્ય. હિન્દુસ્તાનમાં આચાર્ય શબ્દ માટે જે આદર છે, તે બીજે ક્યાંય જોવા મળતો નથી. અહીં કહ્યું, 'આચાર્ય દેવો ભવ'. આવા અનેક આચાર્યો આપણે ત્યાં થઈ ગયા, જેમણે સમાજને ઘાટ આપ્યો, સમાજનું ઘડતર કર્યું એમણે માત્ર પુસ્તકો જ ન લખ્યાં, માત્ર વિદ્યાર્થીઓને જ ન ભણાવ્યા, એમણે સમાજને તૈયાર કર્યો.

રાજાઓ તો અનેક આવ્યા અને ગયા.પણ ભારતને બનાવ્યો સંતો, ફકીરો અને આચાર્યોએ જ. પ્રાચીન કાળથી આજ સુધી આપણે ત્યાં આચાર્યોની પરંપરા ચાલી આવી છે. એ આચાર્યોનું જ અનુશાસન આપણે ત્યાં ચાલ્યું. સત્તાવાળાઓનું હોય છે શાસન અને આચાર્યોનું હોય છે, અનુશાસન. જો શાસનના માર્ગદર્શનમાં દુનિયા રહેશે ચાલશે, તો દુનિયામાં શાંતિ રહેશે. આવા આચાર્યોના અનુશાસનમાં દુનિયાએ અને શાસને સુદ્ધાં ચાલવાનું છે. તેનો વિરોધ જો શાસન કરશે, તો તેની સામે સત્યાગ્રહ કરવાનો પ્રસંગ આવશે. આપણે ત્યાં આચાર્યોનું આટલું બધું ગૌરવ છે ! આપણા શિક્ષકોના પરિવાર સામે 'આચાર્ય' નો આવો આદર્શ છે. આચાર્યોની આવી સ્વતંત્ર શક્તિ ખીલે, સમાજમાં એમની સ્વતંત્ર સત્તા ઊભી થાય. તે માટે આચાર્યકુળની કલ્પના છે.

જો કે આજે ભારતમાં વિદ્વજનોની શક્તિ સાવ ક્ષીણ થઈ ગઈ છે. આજે શિક્ષકોનો ધર્મસ્થ નીચે ઊતરી ગયો છે. સૌથી શ્રેષ્ઠ શક્તિ જ્ઞાન-શક્તિ મનાતી. તેને બદલે આજે જ્ઞાન-શક્તિ નોકરની હેસિયતમાં આવી ગઈ છે. એટલે આચાર્યે એ પોતાની હેસિયત ફરીથી પ્રાપ્ત કરવી પડશે. તે માટેનો સીધો-સાદો અને સરળ ઉપાય છે- પોતાની જાતને ઓળખવી. જેને પોતાને ઓળખ્યો, તે નવો માણસ બની ગયો.દૃષ્ટિ આવી તો સૃષ્ટિ બદલાઈ ગઈ. બસ, નિશ્ચયનું બળ જોઈએ.

આચાર્ય કોણ છે ? આચાર્યનાં ત્રણ લક્ષણ છે- તે શીલવાન છે, પ્રજ્ઞાવાન છે, કરુણાવાન છે. શીલવાન સાધુ હોય છે, પ્રજ્ઞાવાન જ્ઞાની હોય છે, કરુણાવાન મા હોય છે. આચાર્ય સાધુ, જ્ઞાની અને મા ત્રણેય હોય છે. માટે શિક્ષકમાં સૌથી પહેલાં તો વિદ્યાર્થીઓ માટે પ્રેમ જોઈએ, વાત્સલ્ય જોઈએ, અનુરાગ જોઈએ. શિક્ષકને માટે 'શિષ્યદેવો ભવ' -- શિષ્ય જ એનો દેવ છે. બાળકો એને માટે પ્રભુની મૂર્તિ છે.

તુલસીદાસજી કેવા પ્રેમથી કહે છે ! 'જાગિયે રઘુનાથ કુંવર, પછી બન બોલે !'' બાળકોને ઉઠાડવાનાં હોય, તો આટલા પ્રેમથી ઉઠાડો. આજે કેટલાં છાત્રાલયોમાં આવો પ્રેમ પ્રગટ થતો હશે ? તેને બદલે મોટે ભાગે તો -'અરે, ઊઠો છો કે નહીં ? ઘંટ નથી સાંભળ્યો ?' નરી નકર્કશતા અને કઠોરતા જોવા મળે છે. 'નાક સાફ કર્યુ ? નોકેથી તો લીંટ નીતરે છે !-- એમ નહીં, નાનું બાળક હશે, તો શિક્ષક જાતે માની જેમ તેનું નાક સાફ કરી દેશે. 'ચાલ્યો જા, તારા ઘરે !..... આવો વર્તાવ વિદ્યાર્થીઓ સાથે શિક્ષક ક્યારેય નહીં કરે. યાદ રાખજો, ,સોટી વાગશે તો વિદ્યા ભાગશે. વિદ્યાર્થીઓને જોઈને તો શિક્ષકની આંખમાંથી પ્રેમ નીતરવો જોઈએ અને તેના દિલમાં વાત્સલ્યનો પાનો ચઢવો જોઈએ.

શિક્ષકમાં બીજો ગુણ એ જોઈએ કે તે નિત્ય નિરંતર અધ્યયનશીલ હોય. રોજ તેનું નવું- નવું અધ્યયન ચાલતું જ રહે અને તેના પોતાના જ્ઞાનમાં કાયમ વૃદ્ધિ થતી રહે. શિક્ષકે 'સચ્ચિદાનંદ' બનવાનું છે. આજે સમાજમાં

આત્મજ્ઞાન, વિજ્ઞાન અને સાહિત્ય, એવી ત્રિવિધ શક્તિ પડી છે. વિજ્ઞાનનો સંબંધ 'સત્' સાથે છે. આપણું શરીર, આ દશ્ય જગત, પિંડ, બ્રહ્માંડ આદિ સમસ્ત સૃષ્ટિ વિજ્ઞાનના ક્ષેત્રમાં આવી જાય છે. તેનું પૃથક્કરણ કરીને તેનો તાગ લેવાનું કામ વિજ્ઞાનનું છે. આત્મજ્ઞાનનો સંબંધ 'ચિત્' સાથે છે. એ ચૈતન્યની ખોજ કરવા માગે છે. માણસ બધું જાણે છે, પણ પોતાને જ નથી જાણતો. તે જાણવાનું કામ આત્મજ્ઞાનનું છે. વિજ્ઞાનનો ઉપયોગ કેમ કરવો, તેનો વિવેક આત્મજ્ઞાન શીખવશે. આ રીતે વિજ્ઞાનનો પ્રવેશ 'સત્'માં અને આત્મજ્ઞાનનો ચૈતન્યમાં, 'ચિત્' સાહિત્ય આ બંનેમાં જે આનંદનો અંશ છે, તેને પ્રસ્તુત કરે છે. સત્‌ની અને ચિત્-શક્તિની ખોજ થાય, પરંતુ તેનાથી માનવજીવનમાં આનંદ પ્રગટ ન થતો હોય, તો તેનો શો ઉપયોગ ? આમ, આ ત્રણેય શક્તિ છે, તેનું ઊંડું અધ્યયન કરીને તેને વધારતા રહેવાનું કામ શિક્ષકનું છે. માટે શિક્ષકે 'સચ્ચિદાનંદ બનવાનું છે.

શિક્ષક પોતે શિક્ષક પણ છે અને પોતે છે અને પોતે વિદ્યાર્થી પણ છે. તે જેમ કાયમ વિદ્યાર્થીને શીખવતો રહે છે, તેમ પોતાને પણ શીખવતો રહે છે. શિક્ષક પોતે એક વિદ્યાર્થી છે. તેનું પોતાનું પણ શિક્ષણ નિરંતર ચાલતું રહેવું જોઈએ. જેનું પોતાનું શિક્ષણ ચાલતું રહેતું હશે, એ જ બીજાનું શિક્ષણ કરી શકશે.

મેં જોયું તો આપણે ત્યાંની ચૌદેય મુખ્ય ભાષાઓમાં ક્યાંય 'શીખવવા' માટે કોઈ શબ્દ નથી, માત્ર 'શીખવા' માટે જ શબ્દ છે. જેમ અંગ્રેજીમાં 'ટીચ' શબ્દ છે, એવા અર્થનો કોઈ શબ્દ આપણી ભાષાઓમાં નથી. આપણે શીખી શકીએ છીએ, અને બીજાને શીખવામાં મદદ કરી શકીએ છીએ, પણ 'ટીચ' નથી કરી શકતા. 'ટીચવું' એવું કોઈ ક્રિયાપદ જ આપણી ભાષાઓમાં નથી ! અંગ્રેજીમાં એક શબ્દ 'લર્ન' છે અને બીજો શબ્દ 'ટીચ' છે. એટલે કે 'લર્ન' એક સ્વતંત્ર ક્રિયા છે અને 'ટીચ' બીજી સ્વતંત્ર ક્રિયા છે. જ્યારે આપણે ત્યાં 'શીખવું' ઉપરથી જ 'શીખવવું' બને છે. કર્તરી અને કર્મણી જે શીખે છે, શીખતો રહે છે, તે જ શીખવી શકે છે. માટે શિક્ષક સ્વયં શિક્ષક પણ છે. અને સ્વયં વિદ્યાર્થી પણ છે. તેનું પોતાનું અધ્યયન નિરંતર ચાલતું રહેવું જોઈએ.

આમ, શિક્ષકની જ્ઞાનની ઉપાસના સતત ચાલતી રહેવી જોઈએ. પોતાના વિદ્યાથી માટે તો એ જ્ઞાન-સમુદ્ર જ બની રહે. શિક્ષકમાં વાત્સલ્ય હોય અને જ્ઞાન ન હોય, તો તે માતૃવત્ બની શકશે પણ ગુરુ નહીં બની શકે. અને જો પ્રેમ-વાત્સલ્ય નહીં હોય, પણ જ્ઞાન ઘણું હશે, તો તે વિચારક ને તત્ત્વજ્ઞાની બની શકશે, સારો શિક્ષક નહીં. એટલે શિક્ષકમાં બંને જોઈએ.

અને શિક્ષકને જ્ઞાનની શક્તિ ઉપર અવિચળ વિશ્વાસ હોવો જોઈએ. તેને એવો ભરોસો હોવો જોઈએ કે જ્ઞાનથી, વિચારથી વિદ્યાર્થીને કોઈ પણ વસ્તુ સમજવી શકાશે.એટલે તે સમયાંતરે કોઈ પણ ચીજનો આશરો લીધા વિના હંમેશા સમજાવતો રહેશે, સમજાવતો જ રહેશે તે પોતાની મોટપ વિદ્યાથીઓ પર લાદવાનો પ્રયત્ન કદી નહીં કરે. કેટલા શિક્ષક વિદ્યાર્થીને કહેતા હશે કે બેટા, મારાથી ક્યારેય ડરવું નહીં, મારી વાત તારી સમજમાં આવે, તારા ગળે ઊતરે, તો જ માનવી શિક્ષકમાં સ્વતંત્રતાની આવી વૃત્તિ બરાબર પચેલી હોવી જોઈએ. જેમ મારા ઉપર કોઈની સત્તા ન ચાલે, તેમ મારી પણ કોઈના ઉપર ન ચાલવી જોઈએ.

શિક્ષક વિદ્યાર્થીનો ઉત્તમ સલાહકાર બનવો જોઈએ. કોઈ પણ મુસિબતમાં વિદ્યાર્થી તેને પોતાનો આપ્તજન માનીને તેની સલાહ ને માર્ગદર્શન ઈચ્છે અને લઈ શકે, એવું થવું જોઈએ. વિદ્યાર્થી સાથે શિક્ષકનો આત્મીય નાતો બંધાવો જોઈએ, નિકટનો સંપર્ક રહેવો જોઈએ. શિક્ષક વિદ્યાર્થી-પરાયણ હોય, વિદ્યાર્થી શિક્ષક-પરાયણ હોય, બંને જ્ઞાન-પરાયણ હોય અને બંનેનું જ્ઞાન સેવા-પરાયણ બની રહે, એવી શિક્ષણની યોજના હોવી જોઈએ.

હું તો કહીશ કે શિક્ષક મેઘ નહીં, માળી બનશે. વાદળું તો વરસી જશે, વરસાદ તો પડી જશે, જેને જેટલું પાણી લેવું હશે તેટલું લેશે, બાકીનું વહી જશે. મેઘનું વરસી જવું એક વાત છે અને છોડને પાણી આપીને તેને માવજત કરવી બીજી વાત છે. મેઘનું કામ અલગ છે. માળીનું કામ અલગ છે. માળી તો જોશે કે ક્યા છોડને કેટલું પાણી જોઈએ. પાણી નકામું જતું રહે, તે પણ તેને નહી ગમે. શિક્ષક માળીની માફક વિદ્યાર્થીઓની વ્યક્તિગત કાળજી રાખશે, માવજત કરશે.

શિક્ષક નવી અને જૂની પેઢીને જોડનારો સેતુ બનશે. નવી પેઢીના જોશનો અને જૂની પેઢીના હોશનો સમન્વય થવો જોઈએ. અને આ કામ શિક્ષકો કરી શકે. એમનો બંને સાથે જીવંત સંપર્ક છે. તેઓ બંનેને જોડી

શકે. બંને વચ્ચેની કડી તેઓ બની શકે. તેઓ ઉભયાન્વયી અવ્યય જેવા છે.

આ રીતે શિક્ષકે માત્ર વિદ્યાલય સુધી જ સીમિત રહેવાનું નથી, પણ સમાજની રચનામાં ને સંચાલનમાંયે પોતાની ઉચિત ભૂમિકા ભજવતા રહેવાની છે. હા, એ રાજકારણના પચડાથી દૂર રહેશે. એ સત્તાના અને પક્ષાપક્ષીના રાજકારણમાં નહીં પડે. એની પોતાની સ્વતંત્ર શક્તિ ખીલવવા માટેયે આ જરૂરી છે. નહીં તો એ જનતાનો તટસ્થ માર્ગદર્શક નહીં બની શકે. પરંતુ જનતા સાથેનો અને જનતાના પ્રશ્નો સાથેનો એનો સંપર્ક તો જીવંત રહેવો જોઈએ. તો જ એ સમાજની ગતિવિધિ ઉપર પ્રભાવ પાડી શકશે. સમાજને બદલવાનું અને ઘડવાનું કામ શિક્ષક નહીં કરે તો કોણ કરશે ?

ખરું જોતાં, દુનિયામાં જેટલી ક્રાંતિઓ થઈ છે, તે બધી શિક્ષકોએ કરી છે. એ રાજકારણમાં પડીને કોઈનો અનુગામી હરગિઝ નહીં બને, પરંતુ શાંતિમય ક્રાંતિનો અગ્રદૂત તો તેણે જ બનવાનું છે. સમાજના પરિવર્તન માટે વિચારક્રાંતિનું જે કામ કરવાનું છે, તે કાંઈ રાજકારણીઓ અને વહીવટદારો નહીં કરી શકે. તે કરવાની જવાબદારી શિક્ષકોની જ છે, સમાજના વિચારવાન માણસોની જ છે, આચાર્યોની જ છે. વિચારની ક્રાંતિમાં તેઓ અગ્રગામી હશે, આગળ પડતા હશે. એમના ઉપર કોઈના અનુગામી નહીં, બ્લેક અગ્રગામી બનવાની જવાબદારી છે.

આથી જ શિક્ષકને વેદમાં જેમ 'ગાતુવિદ્' એટલે કે માર્ગખોજક કહ્યો છે, તેમ વેદમાં એને 'પથિકૃદ્ વિચક્ષણઃ' પણ કહ્યો છે. 'પથિકૃદ્' એટલે કે રસ્તો શોધનારો ને બતાવનારો કોણ બનશે ? જે 'વિચક્ષણ' હશે એ જ 'પથિકૃદ' બની શકશે. વિચક્ષણ એટલે ચક્ષણ કરનારો, ચારે તરફ જોનારો,વિઝનવાળો દૂર દષ્ટિવાળો, દૂરદેશી. આવો માણસ રસ્તો શોધે છે અને નવો રસ્તો બનાવે છે તથા પછી સહુને તે રસ્તે ચાલવા કહે છે. તો શિક્ષકોનું કામ શિક્ષણ દ્વારા સમસ્ત સમાજની નવરચના કરવાનું, સમાજમાં પરિવર્તન લાવવાનું પણ છે. તો જ શિક્ષણકાર્ય સાર્થક થશે.

એક એક શિક્ષક સમાજના નવનિર્માણનું કામ ઉપાડી લે તો કેવી ક્રાંતિ થઈ શકે! ગામડાંઓમાં શિક્ષકનું પોતાનું એક સ્થાન હોય છે. શિક્ષક આખા ગામનો સેવક બને, મિત્ર ને માર્ગદર્શક બને, ગામની શાળા સેવાનું અને નવા વિચારોને ફેલાવવાનું તથા નવા નવા પ્રયોગો કરવાનું કેન્દ્ર બને, તો શિક્ષકોની આ મોટી ફોજ ગામગામને ગોકુળિયું બનાવવામાં કેટલી બધી મદદ કરી શકે ! ગામમાં સફાઈ કરાવી છે, ગામમાં ઉત્સવો ઊજવવા છે, ગામમાં વૃક્ષો વાવવાં છે, ગામમાં કાંઈક શ્રમકાર્ય કરવું છે, ગામલોકોને દુનિયાભરના સારા-સારા વિચારોનો પરિચય કરાવવો છે, તો તે બધામાં શિક્ષકો આગેવાની લે અને વિદ્યાલય ગામનું કેન્દ્રસ્થાન બને.

આવી રીતે શાંતિમય ક્રાંતિના અગ્રદૂત શિક્ષકો બની શકે તથા આ બધી પ્રવૃત્તિઓ દ્વારા ગામના વિદ્યાર્થીઓને પણ સાચું ને સાર્થક શિક્ષક મળે, જીવનનું શિક્ષણ મળે, સમાજોપયોગી શિક્ષણ મળે. શિક્ષક એક વેતન-ભોગી અ ને કોરું શિક્ષણ અપનારો જીવ ન રહેતાં ખરા અર્થમાં 'આચાર્ય' બને. આજનો શિક્ષક પોતાની આવી આચાર્ય તરીકેની હેસિયત પાછી મેળવે. આ માટે જ તો આચાર્યકુળની રચના છે.

## શિક્ષણનું માધ્યમ વિદ્યાર્થીની માતૃભાષા જ હોઈ શકે

ડૉ.એ.વી.પટેલ.
ડાયટ, સંતરામપુર

શિક્ષણની બાબતમાં એક પ્રશ્ન ભારતમાં ભારે વિચિત્ર પુછાય છે. મને લાગે છે કે આવો પ્રશ્ન દુનિયા આખીમાં બીજે ક્યાંય નહીં પુછાતો હોય. આપણે ત્યાં હજીયે પુછાય છે કે શિક્ષણનું માધ્યમ શું હોય ? શિક્ષણ માતૃભાષા દ્વારા અપાય કે અંગ્રેજી માધ્યમ દ્વારા ?

મને આ સવાલ જ વિચિત્ર લાગે છે ! આમાં વળી પૂછવાનું શું છે ? આમાં બે મત હોય જ શી રીતે, તે મારી સમજમાં નથી આવતું. ગધેડાના બચ્ચાને પૂછવામાં આવે કે તેને ગધેડાની ભાષામાં જ્ઞાન આપવું જોઈએ કે સિંહની ભાષામાં, તો એ શું કહેશે ? એ કહેશે કે સિંહની ભાષા ગમે તેટલી સારી હોય, મને તો ગધેડાની ભાષા જ સમજાશે, સિંહની નહીં, એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષા જ છે અને તેના દ્વારા જ શિક્ષણ અપાય. આમાં શંકાને

કોઈ સ્થાન નથી. દુનિયામાં એવો બીજો કોઈ દેશ નથી કે જ્યાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા નહીં અને બીજી કોઈ ભાષા હોય ! જરા ફ્રાન્સમાં કે જર્મનીમાં કે રશિયામાં જઈને કહો તો ખરા કે તમને તમારી માતૃભાષા દ્વારા નહી અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ અપાશે ! તમને સાવ મૂર્ખ ગણીને તમારી વાતને હસી કાઢશે !

હું તો ત્યાં સુધી કહીશ કે નાનાં બાળકોને શિક્ષણ એમની પોતાની માતૃભાષામાં આપવાને બદલે પારકી ભાષામાં આપશો, તો એ બાળકો નિર્વીર્ય બનશે, નિર્બોધ બનશે, એમની ગ્રહણશક્તિ બુઠ્ઠી બનતી જશે. તમારે પ્રયોગ કરવો હોય તો ઈંગ્લૅન્ડમાં જઈને કરી જુઓ ! ત્યાંનાં બાળકોને બધું શિક્ષણ હિંદી કન્નડ કે મરાઠી માધ્યમ દ્વારા આપી જુઓ ! ત્યારે તમને ખબર પડશે કે એ બિચારાં બાળકોની બુદ્ધિ પર કેટલો બોજ પડે છે ! એમનાં શરીર ને પ્રાણ જીર્ણ-શીર્ણ થતાં જશે.

કૃષ્ણે સાંદીપનિના આશ્રમમાં રહીને વિદ્યા પ્રાપ્ત કરી. પછી ઘરે પાછા ફરતા હતા, ત્યારે ગુરુએ કહ્યું, વર માંગો ! કૃષ્ણે માંગ્યું - 'માતૃ હસ્તેન ભોજનમ્'. એટલે કે મરતાં સુધી મને માતાના હાથનું ભોજન મળે.

હું વિચાર કરું છું કે તે બાળકોની શી વલે થતી હશે, જેમને ક્યારેય માના હાથનું ભોજન ખાવાનું ભાગ્ય સાંપડતું નથી ! ક્યાંક હોટલમાં ખાય છે કે ક્યાંય ભોજનાલયમાં. માના ભોજનમાં માત્ર રોટલો જ નથી હોતો, પ્રેમ પણ હોય છે. એટલા વાસ્તે જ કૃષ્ણે 'માતૃહસ્તેન ભોજનમ્' એવો વર માંગ્યો. એવી જ રીતે હું એવું માંગું કે,'માતમખેન શિક્ષણમ્' એટલે કે માતાને મુખથી શિક્ષણ મળે. અને એ જ વાત માતૃભાષાને લાગુ પડે છે. બાળકને પોતાની માતૃભાષામાં જ શિક્ષણ મળવું જોઈએ. શિક્ષણનું માધ્યમ તો માતૃભાષા જ હોય. માતૃભાષા દ્વારા જ પહેલેથી છેવટ સુધી બધું શિક્ષણ આપવું જોઈએ. શિક્ષણ માટે અંગ્રેજી માધ્યમની વાત કરવી, એ સો ટકા મૂર્ખામી છે.

મારું તો માનવું છે કે પહેલેથી લઈને છેલ્લે સુધી શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવું જોઈએ. હા, વિજ્ઞાનની પરિભાષા બાબતમાં આપણી ભાષાઓમાં થોડી ઘણી મુશ્કેલી જરૂર પડે, પણ પરિભાષા તો જેમ ખેડાણ થતું જાય તમ તેમ ધીરે ધીરે ઊભી થતી જશે, ત્યાં સુધી અં ગ્રેજી શબ્દો ચાલશે. આપણી ભાષાઓ ઘણી વિકસિત ભાષાઓ છે અને હજી આગળ વધુ વિકસિત થતી રહેશે. આજના જમાનાનો બધો વહેવાર ચલાવી શકે તેટલી આપણી ભાષાઓ સમર્થ છે. આ હું આપણી ભાષાઓના અભિમાનને કારણે નથી કહેતો, પણ વાસ્તવમાં આ જ ખરેખર વસ્તુસ્થિતિ છે.

આપણી બધી ભાષાઓ સેંકડો વરસથી ખેડાતી આવી છે અને સેંકડો વરસનું ઉત્તમ સાહિત્ય આપણી ભાષાઓમાં છે. તેમાં જ્ઞાનની કોઈ કમી નથી. એક દાખલો આપું. 'કેન્ટરબરી ટેઈલ્સ' અંગ્રજીમાં બારમી સદીનો ગ્રંથ છે. એ જ અરસામાં લખાયેલો જ્ઞાનેશ્વર મહારાજનો 'જ્ઞાનેશ્વરી' ગ્રંથ મરાઠીમાં છે. આ બંને ગ્રંથો મેં વાંચ્યા છે. બંનેનો મેં અભ્યાસ કર્યો છે. હવે, આ બે ગ્રંથોને તુલનાત્મક દષ્ટિએ જોઈએ તો જણાય છે કે 'જ્ઞાનેશ્વરી' પાસે જેટલા શબ્દો છે, તેના ચોથા ભાગના પણ શબ્દો 'કેન્ટરબરી ટેઈલ્સ' માં નથી. અને વળી, 'જ્ઞાનેશ્વરી' કંઈ મરાઠીનો પહેલો ગ્રંથ નથી. તેની પહેલાં પણ મરાઠીમાં અનેક પુસ્તકો લખાયાં છે. માટે મારું કહેવાનું એટલું જ છે કે આપણી બધી ભાષાઓ ઘણી વિકસિત ભાષાઓ છે અને આજનો બધો વહેવાર આ ભાષાઓમાં ચાલી શકે તેટલી પૂરી સમર્થ છે. એટલે શિક્ષણનું માધ્યમ આ બધી ભાષાઓ જરૂર બની શકે તેમ છે.

હા, એ વાત ખરી કે આપણી ભાષાઓમાં જોઈએ તેટલી વિજ્ઞાનની વાતો નથી. પરંતુ એમ જોવા જઈએ તો આ આધુનિક વિજ્ઞાનનું સાહિત્ય કેટલાં વરસનું ? બહુ-બહુ તો સો-બસો વરસનું. અને તે બધુ ખેડાણ અત્યાર સુધી આપણી ભાષાઓમાં થયું ન હોવાથી આજને તબક્કે વિજ્ઞાનનું સાહિત્ય અંગ્રેજીમાં વધારે છે. પરંતુ જેમ જેમ આપણી ભાષાઓમાં પણ વિજ્ઞાનનું ખેડાણ થતું જશે, તેમ તેમ વિજ્ઞાનની બાબતમાંયે આપણી બધી ભાષાઓનો અવશ્ય વિકાસ થશે. આમાં કોઈ શક નથી.

આ વસ્તુને જ જરા બીજી દષ્ટિએ જોઈએ. આ હકીકત છે કે વિજ્ઞાનનું ખેડાણ અત્યાર સુધી આપણે ત્યાં

વિશેષ ન થયું હોવાથી એ શબ્દો અને એ પરિભાષા આપણી ભાષાઓમાં આજે નથી. પરંતુ તેવી જ સ્થિતિ અંગ્રેજી ભાષાની બીજાં ક્ષેત્રોમાં છે. દાખલા તરીકે અધ્યાત્મનું ખેડાણ આપણે ત્યાં થયું છે, તેટલું ત્યાં નથી થયું. એટલે તે અંગેના શબ્દો અંગ્રેજીમાં ઓછા જ મળે છે. જુઓ ને, અંગ્રેજીમાં 'માઈન્ડ' શબ્દ છે. તેનો એક સીમિત અર્થ છે. પરંતુ આપણે ત્યાં તો કેટલી વિવિધ અથછાયાના શબ્દો છે ! મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર. અંતઃકરણ કેમ કે આપણે ત્યાં અધ્યાત્મનું ક્ષેત્ર ઘણું બધું ખેડાયેલું છે અને દરેક બાબતનો ઘણો સૂક્ષ્મ વિચાર થયેલો છે. એટલે વિવિધ અર્થછાયાના અનેક શબ્દો આપણી ભાષાઓમાં બનેલો છે. તેવા શબ્દો અધ્યાત્મના ક્ષેત્રમાં તમને અંગ્રેજીમાં નહીં જડે.

ટૂંકમાં વિજ્ઞાનના ક્ષેત્રે આપણી ભાષાઓમાં અત્યારે પૂરતા શબ્દો ન હોય, તેટલા માત્રથી આપણી ભાષાઓ પૂરતી સમર્થ નથી, એમ માનવું બિલકુલ અવાસ્તવિક છે. તે નર્યો ભ્રમ છે. આપણે ઉપર જોયું તેમ શબ્દોનું તો એવું છે કે જે ક્ષેત્રમાં ખેડાણ થયું હોય, તે ક્ષેત્રના શબ્દો એ ભાષામાં વધારે હોય. અંગ્રેજીમાં વિજ્ઞાનનું વધારે ખડાણ થયું છે એટલે તે અંગેના શબ્દો તેમ જ તેની પરિભાષા વગેરે તેમાં વધારે છે. આપણી ભાષાઓ પણ ઘણી બધી વિકસિત છે. એટલે આપણે ત્યાં વિજ્ઞાનનું ખેડાણ જેમ જેમ વધતું જશે, તેમ તેમ તે ક્ષેત્રે પણ આપણી ભાષાઓ સમદ્ધ બનતી જશે અને ત્યાં સુધી વિજ્ઞાનની બાબતમાં આપણે અંગ્રેજી શબ્દો છૂટની વાપરીશું. તેમાં કાંઈ ખોટું નથી. પરંતુ શિક્ષણનું માધ્યમ તો આપણી ભાષાઓ જ એટલે કે વિદ્યાર્થીની માતૃભાષા જ બનશે, અને માતૃભાષા જ બનવી જોઈએ.

સારાંશ કે, આપણી ભાષોઓમાં આજનો બધો વહેવાર થઈ ન શકે, એ વાત ખોટી,બલ્કે, બધો જ વ્યવહાર આપણી ભાષઓમાં જ થવો જોઈએ. વિજ્ઞાન સુદ્ધાં આપણી ભાષાઓ મારફત જ સામાન્ય જનો સુધી પહોંચવું જોઈએ. એ વાત નિશ્ચિત સમજી લેજો કે વિજ્ઞાન જ્યાં સુધી માતૃભાષામાં લોકો સમક્ષ નહીં મુકાય, ત્યાં સુધી તે વ્યાપકપણે ફેલાઈ શકશે નહીં. આજ સુધી વિજ્ઞાન બધું અંગ્રેજી ચોપડીઓમાં બંધ રહ્યું, તેને લીધે જ તે આપણા દેશમાં બહુ ઓછુ ફેલાયું.વિજ્ઞાન તો ખેતીમાં હોઈ શકે, રસોઈમાં હોઈ શકે. સફાઈમાં હોઈ શકે. જીવનના એકએક ક્ષેત્રમાં વિજ્ઞાનની જરૂર છે. પરંતુ અંગ્રેજોના રાજમાં પરિસ્થિતિ એવી ઊભી કરવામાં આવી કે વિજ્ઞાનના પરિચય માટે અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક હતું. અને સામાન્ય લોકોને, અહીના બહુજન સમાજને અંગ્રેજીનું જ્ઞાન હતું નહીં, તેથી કરોડો લોકોને વિજ્ઞાનનું જ્ઞાન થઈ શક્યું નહીં. આજે હવે આપણે બૂમો પાડી રહ્યા છીએ કે વિજ્ઞાનનાં પુસ્તકો માતૃભાષામાં નથી ! તો તેમાં માતૃભાષાનો અપરાધ છે કે શિક્ષણનું અને દેશનું આયોજન કરનારાઓનો ?

એટલું દીવા જેવું સ્પષ્ટ છે કે હજીયે વિજ્ઞાનનો સંબંધ જો માતૃભાષા સાથે નહીં જોડીએ, તો આ વિજ્ઞાન તેના શીખનારા પોતાના દિમાગમાં જ પડ્યું રહેશે અને ત્યાં જ તેની ઈતિશ્રી થઈ જશે. એ બહુજન સમાજમાં કદીય ફેલાશે નહી. આ ભારે મોટી ભૂલ થઈ રહી છે. આપણે ભીંત ભૂલી રહ્યા છીએ.વિજ્ઞાનની વાત કરીએ છીએ, ત્યારે એ પાયાની વાત લગીરે વિચારતા નથી કે વિજ્ઞાન જેવી મહત્વની ચીજ જ્યાં સુધી માતૃભાષામાં નહી હોય, ત્યાં સુધી તે સામાન્ય લોકો સુધી કેવી રીતે પહોંચી શકશે ?

માટે હું તો કહું છું કે આ બધા વિદ્વાન ને ભણેલા-ગણેલા લોકો આપણી ભાષાઓમાં વિજ્ઞાન નથી, વિજ્ઞાન નથી એવી બૂમો પાડ્યા કરવાને બદલે એવું કરે કે વિજ્ઞાનને આપણી ભાષાઓમાં ઉતારવામાં કાંઈક યોગદાન આપે. અંગ્રેજીમાં વિજ્ઞાનનાં સારા-સારાં પુસ્તકો છે. તે બધાં આપણી ભાષાઓમાં લાવવાં છે. તો જેમણે પોતે અંગ્રેજીનું જ્ઞાન મેળવ્યું, તેમણે વ્રત લેવું જોઈએ કે હું મર્યા પહેલાં એક સારા અંગ્રેજી પુસ્તકનો અનુવાદ મારી માતૃભાષામાં કરીશ. એવો અનુવાદ કર્યા વિના મરવાનો મને અધિકાર નથી. આવું કાંઈક કરો ને ! માત્ર 'વિજ્ઞાન નથી, વિજ્ઞાન નથી'- એવી બૂમો પાડ્યા કરવાથી શું વળશે ? આટલું થાય તો દરેક વરસની અંદર વિજ્ઞાન અંગેનું અંગ્રેજીમાંનું જ્ઞાન આપણી ભાષાઓમાં આવી જાય, અને તે વિશે પછી કોઈને ફરિયાદ કરવાની રહે નહીં.

આ બધું એમનેમ નથી થતું. તેને માટે પુરુષાર્થ કરવો પડે છે. આજે ઘણાં ક્ષેત્રોમાં અંગ્રેજી વિના ચાલતું નથી. એમ આપણે જ્યારે કહીએ છીએ, ત્યારે સાથે સાથે એટલો વિચાર નથી કરતા કે અંગ્રેજીએ કેટેલો બધો પુરુષાર્થ કર્યો છે ! તેને લીધે આજે તો સ્થિતિ એ છે કે આપણા પોતાના દેશની ભાષાઓ પણ જો આપણે શીખવી હોય, તો તે અંગ્રેજી મારફત જ શીખવી પડે છે ! ધારો કે મારે બાંગ્લા ભાષા શીખવી છે, તો શું હું તેને મરાઠી મારફત કે ગુજરાતી મારફત શીખી શકીશ ? નહીં, કેમ કે મરાઠી-ગુજરાતીમાં મને બાંગ્લા કોષ નહીં મળે. તે અંગ્રેજીમાં મળશે. એટલે પછી મારે અંગ્રેજી મારફત જ બાંગ્લા ભાષા શીખવી પડશે !

એવું જ બહારની ભાષાઓ માટે પણ. વચ્ચે હું ચીની ભાષા શીખતો હતો, તો તેને માટે મારી પાસે જે પુસ્તકો આવ્યાં, તે અંગ્રેજીનાં જ આવ્યાં. એટલે આજે તો અહીની ને બહારની ભાષાઓ અંગ્રેજી મારફત જ આપણે શીખી શકીએ એવી પરિસ્થિતિ છે, કેમ કે અંગ્રેજીમાં ભાષામાં દરેક ભાષા માટે કેટલી બધી મહેનત એ લોકોએ કરી હશે ! ખૂબ ખૂબ મહેનત કરીને એમણે પોતાની અંગ્રેજી ભાષાને આટલી બધી સંપન્ન બનાવી છે. ત્યારે એમની પાસેથી બોધપાઠ લઈને આપણે પણ ખૂબ મહેનત કરવી જોઈએ અને આપણી ભાષાઓને આ દૃષ્ટિએ પણ સંપન્ન બનાવવી જોઈએ. આવું કાંઈ કરવાને બદલે બસ, અંગ્રેજી વિના ચાલશે નહીં તેનું જ ગાણું ગાયા કરીશું, તો તે ઉચિત નહીં ગણાય. એ તો આપણા આળસની અને આપણી પુરુષાર્થહીનતાની નિશાની ગણાશે, આપણા ગુલામી માનસની નિશાની ગણાશે.

એટલે મારું કહેવું છે કે આપણી ભાષાઓ પૂરતી સમર્થ છે એટલું જ નહીં, અંગ્રેજીની સરખામણીમાં ઘણી બધી વિકસિત પણ છે. તેમાં વિજ્ઞાન વગેરેની જે કાંઈ કમી છે, તેની પૂર્તિ આપણે કરી લેવી જોઈએ; પરંતુ આપણો બધો વહેવાર આપણી ભાષાઓમાં જ ચાલવો જોઈએ. માતૃભાષા વિના શિક્ષણ અપાય જ નહીં. શિક્ષણનું માધ્યમ વિદ્યાર્થીની માતૃભાષા જ હોઈ શકે.

## શિક્ષણમાં અંગ્રેજીને સ્થાન હોય, પણ તે પ્રમાણસરનું જ

આપણે ત્યાં નિશાળોમાં અંગ્રેજી ક્યારથી શીખવવું જોઈએ, તે વિશે પણ ચર્ચા ચાલે છે. મારું માનવું છે કે પહેલાં સાત વરસનો જે અનિવાર્ય શિક્ષણનો ગાળો સમસ્ત પ્રજા માટે માનવામાં આવ્યો છે, તેમાં અંગ્રેજીને સ્થાન આપવું એ શિક્ષણની દૃષ્ટિએ તથા લોકમાનસના વિકાસની દૃષ્ટિએ મોટી ભૂલ થશે. તેનાથી અંગ્રેજીના ભાષાજ્ઞાનને વિશેષ લાભ નહીં થાય. ઊલટાની માતૃભાષા તથા બીજા વિષયોના અધ્યયનને હાનિ પહોંચશે. જેને એક વાર માતૃભાષાનું ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે પાછળથી અન્ય ભાષા થોડા વખતમાં સારી રીતે શીખી શકે છે. અનેક પ્રયોગો કરીને મેં આ જોઈ લીધું છે.

નાની ઉંમરથી અંગ્રેજી શીખવીશું તો બાળક અંગ્રેજી સારું શીખશે, એ તદ્દન ખોટો ખ્યાલ છે. જ્યાં સમાજમાં આબોહવા અંગ્રેજીની હોય, ત્યાં નાનપણથી અંગ્રેજી શીખવી શકાય; પરંતુ જ્યાં સુધી વ્યાકરણ મારફત ભાષા શીખવવાની પ્રણાલી છે, ત્યાં સુધી માતૃભાષાના વ્યાકરણ અને સાહિત્યની સારી જાણકારી થયા વિના બીજી ભાષાઓ સરળતાથી પકડી શકાતી નથી. માતૃભાષાનું વ્યાકરણ ને સાહિત્ય ન જાણનારો બીજી ભાષાઓનું વ્યાકરણ ને સાહિત્ય કઈ રીતે શીખશે ? માટે શિક્ષણનાં પહેલાં સાત વરસ અંગ્રેજી ન જોઈએ. આ દરમ્યાન તો માતૃભાષાનું જ શિક્ષણ પાયામાંથી પાકું થવું જોઈએ.

વળી, આમાં સમસ્ત સમાજની દૃષ્ટિએ પણ વિચાર થવો જોઈએ. આપણે એ ભૂલવું ન જોઈએ કે મોટા ભાગનાં બાળકો તો સાત વરસનું જ શિક્ષણ લેતાં હોય છે. તેઓ સાત વરસથી આગળ વધતાં જ નથી. આટલું શિક્ષણ લઈને તેઓ ખેતીમાં જશે કે બીજા-ત્રીજા નોકરી -ધંધામાં જશે. એમને અંગ્રેજીનો શો ઉપયોગ ? તો એમના ઉપર નિશાળમાં અંગ્રેજી શું કામ લાદવું ? થોડાંક વરસોમાં એમને અંગ્રેજી તો આવડવાનું છે નહીં. પણ એમના બીજા વિષયોના અધ્યયનમાં આનાથી ધક્કો પહાંચશે. એટલે એમને આ નાહકના બોજમાંથી

મુક્ત રાખવાં જોઈએ. આમ, પહેલાં સાત વરસના શિક્ષણમાં અંગ્રેજીને સ્થાન ન હોવું ઘટે. આ બાબત મારા મનમાં કોઈ દ્વિધા નથી.

ઘણી વાર અંગ્રેજીનું ઉચ્ચ ધોરણ જળવાવું જોઈએ, એ બાબતે બહુ ભાર મૂકવામાં આવે છે. એમ પણ કહેવાય છે કે હમણાં અંગ્રેજીનું ધોરણ બહુ બગડી ગયું છે. હવે આ ફરિયાદમાં જો તથ્ય હોય, તો જે કાંઈ સુધારા-વધારા કરવા જેવા હોય તે જરૂર કરવા જોઈએ. કોઈ પણ ભાષા શીખવીએ, તે સારામાં સારી રીતે શીખવાડવી જોઈએ. પરંતુ સાથોસાથ હું એટલું કહું કે અગાઉ અંગ્રેજી વિશેની આપણી જે કલ્પના હતી, તેની તે કલ્પના આજે હવે નહીં ચાલે. ત્યારે જે અંગ્રેજીનું વાતાવરણ હતું, તે આજે ક્યાં છે ? અને ખરું જોતાં, આજે એવું અંગ્રજીનું વાતાવરણ ફરી આવવું પણ ન જોઈએ. એવું વાતાવરણ જો પાછુ લાવવું હોય, તો જે અંગ્રજોને તમે 'ક્વિટ ઈન્ડિયા' (ભારત છોડો) કહ્યું હતું. તેને ફરી 'રિટર્ન ટુ ઈન્ડિયા' (ભારત પાછા પધારો) કહેવું પડે. પરંતુ એવું વાતાવરણ ફરી લાદવાની અને અંગ્રજીને એવું સ્થાન પાછું આપવાની જરૂર શી છે ? તે વખતે પણ અંગ્રેજીને અઘટિત સ્થાન જ અપાયેલું.

લગભગ દોઢસો વરસ સુધી આપણે ત્યાં અંગ્રેજી ચાલ્યું. પરંતુ તે દરમ્યાન એવા કેટલા ભારતીય લેખકો નીકળ્યા, જેમનું અંગ્રેજી સાહિત્ય દુનિયામાં ચાલ્યું ? સરોજની નાયડું નીકળ્યાં, જેમણે અંગ્રજીમાં કવિતા લખી. પંડિત નહરુ નીકળ્યા, જેમને ઉર્દૂ ને હિંદી કરતાં અંગ્રેજી ઘણું સારું આવડતું હતું. રવીન્દ્રનાથ ઠાકુરનું સાહિત્ય દુનિયામાં ગયું. શ્રી અરવિંદનું ગયું. કદાચ બે-પાંચ બીજા હશે. જ્યારે હવેના વાતાવરણમાં તો બહુ ઊંચી કક્ષાનું અંગ્રેજી લખનારા-બોલનારા ઓછા જ નીકળે છે. અને તેમાં કશી નવાઈ નથી. હું તો એમ પૂછું કે એવી જરૂર પણ શી છે ? આ દોઢસો વરસમાં કોઈ અંગ્રેજ લેખકે ભારતીય ભાષામાં કોઈ ગ્રંથ લખીને ભારતીય સાહિત્યની શોભા વધારી ? તો પછી આપણા ઉપર એવી કોઈ જવાબદારી શું કામ આવે કે આપણે અંગ્રેજીમાં લખીને મિલ્ટન ને ટેનિસન સાથે હરીફાઈ માંડીએ ?

એટલે મૂળમાં તો આપણો દૃષ્ટિકોણ બદલવો જોઈએ. આપણે શા માટે અંગ્રેજી શીખવું છે ? શું અંગ્રેજીમાં કવિતા કરવી છે ? અંગ્રેજીમાં સાહિત્ય રચવું છે ? કે થોડી માહિતી મેળવવી છે ? થોડું જ્ઞાન મેળવવું છે ? થોડો વહેવાર ચલાવવો છે ? એક વાર આપણા મનમાં જો આટલી સ્પષ્ટતા થઈ જશે, તો અંગ્રેજી શિક્ષણ વિશેની આપણી અપેક્ષા પણ વિવેકપૂર્વકની રહેશે.

ઘણાં લોકોને એમ લાગે છે કે અંગ્રેજી વગર શિક્ષણ અધૂરું રહી જશે, કારણ કે દુનિયાને માટે તે એક 'વિન્ડો' છે, બારી છે, આ વાતમાં કાંઈક તથ્ય છે, તેની ના નહી. પરંતુ મારું કહેવું એમ છે કે તે 'એક બારી છે. બદ્ધિશાળી લોકો પોતાના ઘરમાં માત્ર એક બારી નથી રાખતા, ચારે દિશામાં અલગ-અલગ બારી રાખે છે. તો જ ચારેય બાજુનું દર્શન થાય છે. એક જ બારી હમેશાં એક જ બાજુનું દર્શન કરાવશે. અને તે એકાંગી દર્શન હશે.

એવી રીતે તમે જો માત્ર અંગ્રેજીની એક જ બારી રાખશો. તો સર્વાંગી દર્શન નહી થાય, એક જ અંગનું દર્શન થશે. માત્ર અંગ્રેજી ભાષા દ્વારા જ આપણે દુનિયાને જોઈશું. તો આપણને તદ્દન એકાંગી દર્શન થશે; તે સમ્યક્‌ને સાચુ દર્શન નહીં હોય, ખોટું ને અધરું દર્શન હશે. આપણે અંગ્રેજી ભાષાને આધીન થઈ જઈશું અને સ્વતંત્ર બુદ્ધિથી વિચારવાનો મોકો આપણને નહી મળે.

તેથી હું તો એમ કહીશ કે આપણે ઓછામાં ઓછી આઠ બારી રાખવી પડશે. માત્ર અંગ્રેજી જ નહી. દુનિયાની ઓછામાં ઓછી આઠ ભાષા આપણે શીખવી પડશે. અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ એ પાંચ યુરોપની ચીની અને જાપાની એ બે દૂર પૂર્વની અને એક અરબી ઈરાનથી સીરિયા સુધીના વિસ્તાર માટે. ત્યારે દુનિયાનું સમ્યક્ દર્શન થશે.

એ વાત સાચી કે આપણે ત્યાં અંગ્રેજીના શિક્ષણની સગવડ ઘણી સારી છે. એટલે અંગ્રેજી શીખનારા વધારે નીકળશે, બીજી ભાષાના ઓછા નીકળશે. પરંતુ આ આઠ ભાષામા ઉત્તમ જાણકાર આપણે ત્યાં હોવો જોઈએ. તો જ ઠીક ચાલશે. નહી તો જાણ્યે-અજાણ્યે આપણે ઈંગ્લૅન્ડ, અમેરિકા તરફ ઢળી જઈશું. આપણે

ઈચ્છીએ કે ન ઈચ્છીએ, તોય આપણું ચિંતન એકાંગી બનશે.

એક વાત બરાબર સમજી લેવાની જરૂર છે કે આપણે જો હંમેશાં અંગ્રેજી ભાષામાં જ વાંચતાં રહીશું, તો એમની માહિતી, ખબરો વગેરે આપણા ઉપર આક્રમણ કરતી રહેશે અને રશિયામાં, જાપાનમાં શું ચાલી રહ્યું છે, તેની આપણને ઝાઝી ખબર જ નહીં પડે; અને પડશે તોયે અંગ્રેજી ભાષા દ્વારા જ પડશે, એટલે તે 'વન સાઈડેડ' (એક બાજુની) અથવા 'પ્રીજ્યુંડાઈસ્ડ' (પૂર્વગ્રહ ને પક્ષપાતરી) હશે. તેથી આવડા મોટા દેશ માટે એક જ બારી રાખવામાં હું જોખમ જોઉં છું. એ ખોટું છે. એક બારીથી કામ નહીં ચાલે, અનેક બારી જોઈશે. દુનિયા સમ્યક્ દર્શન કરવા બીજી બારીઓ પણ આપણને જોઈશે.અન્ય દેશોને આપણે માત્ર અંગ્રેજોની નજરે જ જોઈએ છીએ, તો એમને અન્યાય કરીએ છીએ.

બીજું એ પણ સમજવાનું છે કે અંગ્રેજી આવડ્યું એટલે દુનિયાભરમાં સહેલાઈથી ફરી શકાશે. એવો ખ્યાલ પણ સાવ ખોટો છે. અંગ્રેજી દુનિયા આખીની ભાષા છે, તે નર્યો ભ્રમ છે. દુનિયામાં ૩૦૦ કરોડથીયે વધારે લોકો છે (૧૯૬૭માં) આના પરથી ખ્યાલમાં આવશે કે દુનિયામાં એવા ઘણા પ્રદેશો છે, જ્યાં અંગ્રેજીના આધારે કામ નહીં ચાલે.

તેથી દુનિયા સાથે સંબંધ માટે આપણને સરસ અંગ્રેજી આવડવું જોઈએ, એવા ખ્યાલમાંથીયે હવે છૂટી જવું જોઈએ. તે તદ્દન ખોટો ખ્યાલ છ, નર્યો ભ્રમ છે. બીજા દેશો કોઈ આવા ભ્રમમાં નથી આ તો ગુલામીના માનસનું જ સૂચક છે. પરદેશીઓ સાથે એમની ભાષામાં વાત કરવાની અપેક્ષા રાખવી, એ પોતાની શક્તિને કુંઠિત કરવા બરાબર છે. યુનોમાં જઈનેય આપણે હિંદીમાં બોલી શકીએ, એવું થવુ જોઈએ.રશિયા, ચીન, જાપાન વગેરે દેશો શું વિદેશો સાથે અંગ્રેજીમાં વહેવાર કરે છે ? ચાઉ-એન-લાઈ અહીં આવ્યા હતા. તેઓ એક શબ્દ પણ અંગ્રેજીમાં ન બોલ્યા. બધું ચીની ભાષામાં જ આપ્યો. રશિયાના બૃલ્ગાનિને પણ અહીં અંગ્રેજીમાં વ્યાખ્યાન નહોતું આપ્યું. એ બધા આપણે ત્યાં આવેલા, ત્યારે પોતપોતાની માતૃભાષામાં જ બોલેલા. તો પછી આપણે ત્યાં આવેલા, ત્યારે પોતપોતાની માતૃભાષામાં જ બોલેલા. તો પછી આપણે પણ દુનિયા સાથે આપણી ભાષામાં વહેવાર શું કામ ન કરી શકીએ ? વિદેશમાં ફટાફટ અંગ્રેજી બોલવાથી તમને પ્રતિષ્ઠા મળશે ? કે પછી એમની નજરમાં તમે હીણા ઊતરશો ? એ તમને હજી ગુલામી માનસતા જ સમજશે. આ શાંતિથી વિચારવાની વાત છે.

ટૂંકમાં, સમજવું જોઈએ કે અંગ્રેજીનું સ્થાન ભલે દુનિયામાં મોટું હોય, પરંતુ દુનિયામાં અંગ્રેજી કરતાંયે ઘણી મોટી છે. માટે આપણે શિક્ષણમાં અંગ્રેજીના ઉચિત સ્થાન વિશે સ્વસ્થતાથી વિવેકપૂર્વક વિચાર જોઈએ. અંગ્રેજીને વધુ પડતું મહત્ત્વ આપી દઈને શિક્ષણના આપણા સમગ્ર આયોજનમાં ખલેલ પડવા દેવી જોઈએ નહીં, અંગ્રેજીને સ્થાન હોય, પણ તે પ્રમાણસરનું જ.

## સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અને શાલેપ શિક્ષણ

**પ્રારંભિક :**

કવિ ઉમાંશંકર જોષીએ વર્ગને સ્વર્ગ બનાવવાની વાત કરી છે. પ્રવૃત્તિએ સ્વર્ગનું વાતાવરણ નિર્માણ કરવામાં ઉત્તમ સાધન છે. પ્રવૃત્તિ વિનાનું શિક્ષણ બાળકમાં નિરસતા પેદા કરે છે. બાળકના વિકાસને પ્રેરક અને પોષક વાતાવરણ મળે તોજ તેનો સર્વાંગી વિકાસ થાય અને શિક્ષણની ગુણવત્તા સુધરે. જ્હોન એડમ્સના મતે ક્રિયા દ્વારા શિક્ષણની ઉત્તમ પદ્ધતિ છે. તેના દ્વારા શિક્ષણ આનંદદાયી અને ચિરંજીવી બને છે. પ્રવૃત્તિ અંગે ઉસો જણાવે છે. કે બંને ત્યાં સુધી ક્રિયાદ્વારાજ બાળકને શીખવો અને ક્રિયા શક્ય જ ન હોય ત્યારે જ શબ્દોનો આશ્રય લેવો.

મેડમ મોન્ટસરીએ મોન્ટેસરી પદ્ધતિ દ્વારા રમતાં-રમતાં બાળકને ખબર ન પડે તે રીતે શીખવવાની ક્રિયાનું શિક્ષણમાં મહત્તા પ્રદર્શિત કરેલ છે. તેના ફળ સ્વરૂપે તરંગ ઉલ્લાસમય અભ્યાસની પદ્ધતિનો વિકાસ થયો છે. મહત્ત્મા ગાંધીજીએ પણ " મારૂ શિક્ષણ દર્શન" માં જણાવ્યું છે કે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ એજ શિક્ષણની

ઉત્તમ પદ્ધતિ છે . પ્રવૃત્તિથી શિક્ષકનો કાર્યબોજ હળવો થાય છે અને બાળકોને ભણતરનો ભાર લાગતો નથી. આમ શિક્ષણને પૂરક પ્રવૃત્તિઓમાં શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

**સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું મહત્ત્વ :**

આજે જ્યારે ક્ષમતાલક્ષી શિક્ષણકાર્ય દ્વારા ગુણવત્તાનું સર્વવ્યાપીકરણ કરવાનો આપણો નિર્ભર છે. ત્યારે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણની જરૂરિયાત ઉભી થઈ છે. તેનાથી બાળકનો સર્વાંગી વિકાસ થાય છે. બાળકમાં નેતૃત્વ, નૈતિક મૂલ્યો, સારી ટેવો, સદ્‌ગુણો અને સ્વાવલંબનની ભાવના વધારી શકાય છે. બાળકોની ચિંતનશક્તિ, નિર્ણયશક્તિ, કલ્પનાશક્તિ, અવલોકન શક્તિનો વિકાસ થાય છે. પ્રવૃત્તિથી બાળકમાં આત્મવિશ્વાસ વધે છે. અને પડકારોને ઝીલવાની ક્ષમતા કેળવાય છે. વિદ્યાર્થીના ફુરસદના સમયનો તેમજ સ્થાનિક પર્યાવરણનો ઉપયોગ કરી શિક્ષક પોતાનો કાર્યબોજ હળવો કરી શકે છે. સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા બાળકને જ્ઞાન પીરસવામાં સરળતા લાવી તેમના સ્વ વિકાસની તકો પૂરી પાડી શકાય છે. નવિન પદ્ધતિઓના અમલીકરણમાં પ્રવૃત્તિઓ અગત્યનો ભાગ ભજવે છે. આવી પ્રવૃત્તિઓથી બાળકનો સામાજીક વિકાસ થાય છે. આમ બાળકમાં પ્રચંડ શક્તિનો ધોધ ઉછાળા મારે છે. ત્યારે આ શક્તિને યોગ્ય દિશામાં વાળવા એમની તેમના વિશિષ્ટ શક્તિઓને પ્રોત્સાહન આપવા માટે પ્રવૃત્તિઓની ખુબ જ આવશ્યકતા છે. પ્રવૃત્તિઓથી બાળકને આત્મદર્શન અને સ્વ-મૂલ્યાંકન ની તક મળે છે. શૈક્ષણિક ધ્યેયો સિદ્ધ કરી શકાય તેવી પ્રવૃત્તિ દ્વારા શિક્ષકો અને બાળકો વચ્ચેનો સંબંધ ગાઢ બને છે.

**જૂથ કાર્ય :**

તજજ્ઞશ્રી વર્ગમાં તાલીમાર્થી શિક્ષકોના જૂથો પાડીને નીચે દર્શાવેલા પ્રશ્નો મૂકીને જૂથ કાર્ય કરવા આપી ચર્ચા કરશે. ⌘ સહ અભ્યાસિક પ્રવૃત્તિ એટલે શું ⌘ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના હેતુઓ જણાવો.⌘ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજન અને સંચાલનમાં ધ્યાનમાં રાખવાની બાબતો. ⌘ વાર્ષિક આયોજનમાં કઈ કઈ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓને સ્થાન આપશો.

⌘ પ્રવૃત્તિઓનું સંચાલન બાળકોના હાથમાં સોંપવું પરંતુ શિક્ષકે બેદરકાર ન રહેવું. ⌘ પ્રવૃત્તિમાં બાળકોની સમાનતા અને સહભાગીતા કેળવાય તે જોવું. ⌘ શિક્ષણ અને વિષયના મુદ્દા સાથે અનુબંધ કેળવાય તેવી પ્રવૃત્તિ હોવી જોઈએ. ⌘ પ્રવૃત્તિ અંગેની સૂચનાઓ બાળકો સમજી શકે તેવી રીતે આપવી.⌘ શિક્ષણની નીપજ મેળવી શકાય તેવી સહેતુક પ્રવૃત્તિ હોવી જોઈએ.⌘ પ્રવૃત્તિ બાળકના વિકાસને પ્રેરક અને પોષક હોવી જોઈએ. ⌘જ્ઞાત પરથી અજ્ઞાત તરફ અને સરળ પરથી કઠિન તરફ જેવા શિક્ષણના સૂત્રને અનુસરતી હોવી જોઈએ.⌘ સ્થાનિક પર્યાવરણ તથા પૂર્વજ્ઞાનનો ઉપયોગ થાય તેવી હોવી જોઈએ.⌘ સમય અને સંજોગો અનુસાર ફેરફાર કરી શકાય તેવી હોવી જોઈએ. ⌘ પ્રવૃત્તિ કરતી વખતે ખંત, ઉત્સાહ, આત્મવિશ્વાસ, ઉદ્યમશીલતા, નિષ્ઠા, દૂંર દેશ દ્રષ્ટિ તેમજ સારા આયોજનકાર તરીકેની આવડત શિક્ષક પાસે અવશ્ય હોવી જોઈએ.

**⌘ શાળા કક્ષાએ કરી શકાય તેવી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ :**

સ્થાનિક પર્યાવરણ, સાધન સામગ્રીની ઉપલબ્ધિ, ઋતુઓ, હવામાન વિષય વસ્તુના શૈક્ષણિકએકમો M.T.A./V.E.C. ની ભાગીદારી રાષ્ટ્રીય પવી, ઉત્સવો, અભિયાનો, ધાર્મિક તહેવારો, અભ્યાસક્રમ વગેરે બાબતોને ધ્યાનમાં રાખી શાળા કક્ષાએ આયોજન કરી શકાય.⌘ વાલી સંમેલનો ⌘ શિક્ષક, વિદ્યાર્થી અને આચાર્યના વિશિષ્ટદિનની ઉજવણી ⌘ શાળા શણગાર ⌘ વ્યસનમુક્તિ જેવી સેવાકિય પ્રવૃત્તિઓ. ⌘ સાંસ્કૃતિક ઉપક્રમોની ઉજવણી ⌘ પુઠામાંથી પંખા બનાવવા. ⌘ પ્રવાસ-પર્યટન કરવું ⌘ લાકડાંના વ્હેરમાંથી વૉલપીસ બનાવવાં.

⌘સ્વયં શિક્ષણ દિનની ઉજવણી ⌘ એક પાત્રિય અભિનય કરાવવો ⌘ રાષ્ટ્રીય તેમજ શૌર્ય ગીતોનું જ્ઞાન ⌘ મતોનું આયોજન કરવું ⌘ વકતૃત્વસ્પર્ધા ⌘ માટી કામ કરાવવું ⌘ પ્રભાત ફેરી ⌘ છીપક કરાવવું. ⌘ ગ્રામ્ય સફાઈ ⌘ સમુહ ગરબાનું આયોજન ⌘ વૃક્ષારોપણ - બાગાયત પ્રવૃત્તિ ⌘ મકાઈના છળીયાંમાંથી તોરણ બનાવવું. ⌘ વિવિધ વિષય મંડળોની રચના ⌘ શાળા

સ્થાપના દિનની ઉજવણી ⁎ નિબંધ સ્પર્ધા ⁎ થર્મોકોલમાંથી ડિઝાઈન બનાવવી ⁎ વૃક્ષારોપણ કરાવવું. ⁎ નખ કાપવા-હાથ-પગ ધોવા ⁎ શાળા વસ્તુભંડાર ચલાવવો ⁎ પગ લૂછણિયું બનાવવું ⁎ ધાર્મિક તથા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી ⁎ મહોરા બનાવવાં. ⁎ મણકા ઘોડી બનાવવી ⁎ પીછા તથા પર્ણના નમુનાનો સંગ્રહ ⁎ તોરણ બનાવવા ⁎ વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની પ્રવૃત્તિ ⁎ દિવાસળીના ખોખામાંથી ઘુઘરા બનાવવા. ⁎ સુલેખન સ્પર્ધા ⁎ ફુલના હાર બનાવવા. ⁎ પ્રોજેક્ટ વર્ક ⁎ કાગળના ઝુમ્મર બનાવવા ⁎ વૃક્ષારોપણ ⁎ પડિયા પતરાળા બનાવવા ⁎ બાળ અદાલત ⁎ રંગોળી પુરવી ⁎ વેશભૂષા

**સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ એટલે :**

⁎ બાળકના સર્વાંગી વિકાસ કરવા માટેની પ્રેરક પ્રવૃત્તિઓ. ⁎ બાળકની ક્રિયાશીલતા અને જીજ્ઞાસાને પોષક પ્રવૃત્તિઓ.⁎ બાળકને ગમ્મત સાથે જ્ઞાન પુરૂ પાડતી પ્રવૃત્તિઓ. ⁎ બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવતી પ્રવૃત્તિઓ.

**સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના હેતુ :**

બાળકોમાં નેતૃત્વ ગુણો ખીલવવા. ⁎ શિક્ષણને ભાર વગરનું જીવંત બનાવવું. ⁎ બાળકની શ્રમ પ્રત્યેની સૂગ દૂર કરવી ⁎ બાળકના સર્વાંગી વિકાસને સાધવો. ⁎ બાળકની જીજ્ઞાસાવૃત્તિ અને સૂર્જનાત્મક ભાવનાનો વિકાસ થાય. ⁎ સમુહજીવનની ભાવનાઓ વિકાસ થાય.

**સહ અભ્યાસિક પ્રવૃત્તિઓની પસંદગી :**

⁎ બાળકને ગમે તેવી. ⁎ બાળકોની વય અને કક્ષા અનુરૂપ. ⁎ શૈક્ષણિક ધ્યેયો સિદ્ધ થાય તેવી. ⁎ નાવીન્ય પૂર્ણ ⁎ ભૌતિક સુવિધા મુજબની. ⁎ શિક્ષક, વાલી અને સમાજની સહભાગીદારી હોય તેવી.

**સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના માપદંડના મુદ્દા :**

⁎ મૂલ્યાંકન પત્રક તૈયાર કરવુ ⁎ બાળકે દાખવેલ રસ અને પ્રત્યાઘાત. ⁎ નિયમિતતા. ⁎ અન્ય બાળકો સાથેનું વર્તન. ⁎ ચેક લીસ્ટ બનાવવું, ⁎ પ્રવૃત્તિ રજીસ્ટર નીભાવવું.

**સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં ધ્યાનમાં રાખવાની બાબતો.**

⁎ વર્ષની શરૂઆતમાં જ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરવી. ⁎ રાષ્ટ્રીય પર્વો, સામાજીક પર્વો અને ધાર્મિક પર્વોની ઉજવણીનું આયોજન કરવું ⁎ શાળાના શૈક્ષણિક કાર્યોના દિવસોનો ખ્યાલ રાખવો. ⁎ કુદરતી ઘટનાઓના નિરીક્ષણ માટે યોગ્ય સમય ગોઠવવો.⁎ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ ફક્ત મનોરંજનનું સાધન ન બને તે જોવું ⁎ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે અગાઉથી સમજપૂર્વક આયોજન કરવું. ⁎ મૂલાકાતની પ્રવૃત્તિઓ વખતે કોઈ આકસ્મિક ઘટના ન બને તેની કાળજી રાખવી. ⁎ પ્રવાસ પર્યટન માટે સ્થળ, દિવસો અને ખર્ચની અગાઉથી ગોઠવણ કરવી. ⁎ ખગોળીય ઘટનાઓના નિરીક્ષણ માટે અગાઉથી માહિતી મેળવી આયોજન કરવું. ⁎ પ્રવૃત્તિ માટે જરૂરી સાધન સામગ્રીનું અગાઉથી આયોજન કરવું. ⁎ મહેંદી હરિફાઈ ⁎ બાળ રમતોત્સવ ⁎ સ્થાનિક મેળાઓની મુલાકાત ⁎ શ્રૃત લેખન સ્પર્ધા ⁎ સેવાભાવી સંસ્થાઓની મુલાકાત ⁎ શાળા પંચાયતની રચના ⁎ વિશિષ્ટ દિવસોની ઉજવણી ⁎ લોકડાયરાની પ્રવૃત્તિ ⁎ શાળા પ્રવેશોત્સવની ઉજવણી ⁎ વિદ્યાર્થી બચત બેંક ⁎ ટપકાં જોડોની રમત ⁎ ચિત્ર સ્પર્ધા ⁎ પત્થરમાંથી નકશા બનાવવાં. ⁎ અંતાક્ષરી ⁎ વજન અને ઉંચાઈના ચાર્ટ બનાવવા ⁎ કેશકલા હરિફાઈ ⁎ રસોઈના સાધનોની યાદી બનાવવી ⁎ કાગળમાંથી નમૂના બનાવવા ⁎ અનાજના નમૂનાની ડિઝાઈન બનાવવી ⁎ ડસ્ટર બનાવવું ⁎ બંગડીના કાચામાંથી વિવિધ આકારો ⁎ ક્વિઝ ⁎ કેરીની ગોટલીમાંથી રવૈયો બનાવવો ⁎ મૂક અભિનય ⁎ લોક નૃત્ય ભજવવું ⁎ વર્ગ પુસ્તકાલયના પુસ્તકોનું વિતરણ

ઉપર દર્શાવેલ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓની અભ્યાસક્રમને અનુરૂપ માસવાર ફાળવણી કરી શૈક્ષણિક કાર્યમાં સરળતા રહે તે માટે સુચારૂ આયોજન કરી શકાય.

# પર્યાવરણ શિક્ષણ

### ⁂ પર્યાવરણ એટલે શું ?

પરિકઆવરણ એટલે પર્યાવરણ. આજુબાજુનું વાતાવરણ, વસ્તુઓ,વનસ્પતિ, પ્રાણીઓ અને જીવજંતુઓ તમામનો સમૂહ એ પર્યાવરણનો ભાગ છે. પર્યાવરણમાં રહીને દરેક સજીવો સરળતાથી જીવન પસાર કરી શકે છે. પર્યાવરણમાં વિવિધ અનુભવો મેળવી અનુકૂલન સાધે છે. તથા નવી શોધખોળ કરવા તરફ પ્રેરાય છે. તેથી હવા, પાણી, વનસ્પતિ, વન્યજીવો, પાલતું પ્રાણીઓ, સ્વચ્છતા અને આરોગ્ય, ભૌગોલિક પરિસ્થિતઓ વગેરે જેવી બાબતોનો પર્યાવરણ શિક્ષણમાં સમાવેશ કરવામાં આવે છે.

### ⁂ પર્યાવરણ શિક્ષણ શા માટે ?

આજના ઝડપી યુગમાં ઔદ્યોગિકરણ વસ્તી વધારો જેવા અનેક કારણોસર પર્વાવરણની કુદરતી પર્યાવરણમાં કેટલાંક ભયસ્થાનો પેદા થયા છે. જો તંદુરસ્ત જીવનજીવવું હોય તો આપણું પર્યાવરણ પણ તંદુરસ્ત હોવું જોઈએ. પ્રાચીનકાળથી માનવી પર્યાવરણની સાથે રહી જીવન જીવતો આવ્યા છે. તે બાબતનો ખ્યાલ બાળકોને આપવો જરૂરી છે. ''પર્યાવરણની જાળવણી'' અને તે માટેના માનવ કાર્ય તરફ સંયુક્ત નિર્દેશ કરતો વિષય એટલે પર્યાવરણ શિક્ષણ.

માનવીની આ દુનિયામાં પર્યાવરણની ગતિવધિના કારણે જીવનકાર્ય વધુ સરળ બન્યું છે. તે અંગે જાણકારી આપવા માટે પર્યાવરણ શિક્ષણ જરૂરી છે. પર્યાવરણ દિવસે-દિવસે પ્રદૂષણ વધવાથી તેના વિપરિત પરિણામોએ લોકોને વિચારતાં કરી મૂક્યા છે. ભારતની સર્વોચ્ચ અદાલતે પણ આ પ્રકારની પર્યાવરણની પ્રવર્તમાન પરિસ્થિતિ પ્રત્યે ચિંતા વ્યક્ત કરીને તમામ પ્રકારના અભ્યાસક્રમોમાં પર્યાવરણને એક વિષય તરીકે દાખલ કરવાની હિમાયત કરી છે. આપણે સૌ પર્યાવરણના એક ભાગ છીએ. પર્યાવરણ તરફના આપણાં દૃષ્ટિકોણમાં ફેરફાર લાવી ઘણાં પર્યાવરણીય પ્રશ્નો હલ થઈ શકે તેમ છે. તે બાળકો જાણે.

બાળકોમાં આપણાં વિસ્તારને ચોખ્ખો રાખીને અને વસ્તુઓના પુનઃ ઉપયોગથી કુદરતી સ્ત્રોતોનું જતન કરીએ. વ્યક્તિએ પોતાની આજુબાજુ રહેલી ઘણી બાબતો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વ્યવહાર કરવાનો હોય છે. આ આસપાસની બાબતોમાં કેટલીક ભૌતિક અને કેટલાક સજીવ ઘટકોનો સમાવેશ કરી શકાય છે. સૂર્યોદય થતાં જ પર્યાવરણના ઘટકો પરસ્પર સહકાર સાધી ચેતનસૃષ્ટિમાં જીવંતતા લાવે છે. ધરતી એ પ્રાણીઓ અને વનસ્પતિનું નિવાસસ્થાન છે. તે બાબત સમજે.

વર્ષે ૧૯૮૬ માં જાપાનમાં હીરોશીમાં ખાતે અભ્યાસક્રમ સુધારણા ઉપર એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં ડૉ.ગુણવંત શાહ "Gandhi and Global Peace" પર એક પેપર રજુ કર્યું હતું. જેમાં વૈશ્વિક ચાર સમસ્યાઓ પરત્ત્વે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. તેમાંની એક સમસ્યા એટલે પર્યાવરણ સાથે અસમતુલન (કુદરત સાથે (હિંસા) આમ ઉપરોક્ત બાબતોમાં ૧૦૦ કરોડની વસ્તીવાળા દેશમાં આ બાબતમાં રાતોરાત ફેરફાર થઈ શકે નહી. પરંતુ બાળકો દ્વારા સમાજની વર્તણુંકમાં ફેરફારી કરી શકાય. પર્યાવરણનું જતન કરી કુદરતી પર્યાવરણમાં સમતુલન પેદા કરવું જરૂરી છે. બાળકોમાં પર્યાવરણ શિક્ષણ દ્વારા પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયત્નોને વેગવંતા કરી શકાય.

### ⁂ પર્યાવરણ શિક્ષણના હેતુઓ :

⁂ પર્યાવરણનો માનવજીવન સાથે સંબંધ સમજે. ⁂ કુદરતી પર્યાવરણના સમતુલન વિશે જાણે.⁂ કુદરતી પર્યાવરણના અસમતુલનની જીવન સૃષ્ટિ પર થતી અસરો વિશે જાણે. ⁂ પ્રદૂષણની જીવસૃષ્ટિ પર થતી અસરો જાણે. ⁂'પર્યાવરણ વિનાનું જીવન' વિશે કલ્પના કરે. ⁂ વસ્તી વધારો અને તેનાથી પેદા થતાં પ્રશ્નો વિશે જાણે. ⁂ નાનું કુટુંબની ભાવના સમજે. ⁂ આસપાસની ભૌગોલિક રચના જાણે. ⁂ આપત્તિ વ્યવસ્થાપન વિશે

જાણે. ⌘ આપત્તિના સમયે અને આપત્તિ બાદ પોતે કરવાના કાર્યો વિશે જાણે. ⌘ ભૌગોલિક ઘટનાઓ વિશે જાણે.⌘ આખી પૃથ્વી આપણું આખું ઘર છે તે સમજે. ⌘ પાલતું પ્રાણીઓનું રક્ષણ અને વન્ય પ્રાણીઓની સલામતી અંગે વિચારે.⌘ વનસ્પતિની જાળવણી કરી વધુ વૃક્ષો ઉગાડવાની ભાવના કેળવે. ⌘ માનવ શરીર તથા વનસ્પતિના ભાગોની રચના જાણે. ⌘ પાણી કુદરતી અમૂલ્ય ભેટ છે. તે સમજે તેનો ઉચિત ઉપયોગ કરે. ⌘ સ્વચ્છતા અને આરોગ્ય વિશે જાણે. ⌘ માર્ગ સલામતી અને પ્રાથમિક ઉપચાર વિશે જાણે. ⌘ વન મહોત્સવ અને વિશ્વ પર્યાવરણ દિનનું મહત્ત્વ સમજે.

**⌘ પર્યાવરણ શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા :**

⌘ શિક્ષકે માર્ગદર્શકની ભૂમિકા ભજવવી. ⌘ પર્યાવરણ શિક્ષણ ભાષાના માધ્યમ દ્વારા માત્ર ચાર દિવાલોની વચ્ચે આપી શકાતું નથી. તે ધ્યાનમાં રાખવું. ⌘ બાળકોને ખુલ્લા પર્યાવરણમાં પ્રવૃત્તિઓ અને જૂથકાર્ય દ્વારા શિક્ષણ આપવું. ⌘ સ્વપ્રયત્ને બાળકો શીખે તેવું આયોજન કરવું. ⌘ આયોજિત કાર્ય, અવલોકન અને નિદર્શનની વિશાળ તકો પુરી પાડવી. વર્ગમાં તમામ બાળકોને પ્રકૃત કરવા. ⌘ બાળકો સમક્ષ પ્રોજેકટ મૂકી માહિતી તૈયાર કરાવવી. ⌘ બાળકોમાં મૂલ્યોનું ઘડતર થાય તેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજવી. ⌘ પ્રોજેકટ આધારિત પ્રવૃત્તિઓ પર વિશેષ ભાર મુકવો.

**⌘ શાળાકીય પર્યાવરણનું મહત્ત્વ :**

શાળાનું પ્રાંગણ એ શાળાનું બાહ્ય સ્વરૂપ છે. જેમાં શાળાનો આત્મા પ્રતિબિંબિત થાય છે. જે આંગણું રોજ બાળકો વાળીને સ્વચ્છ કરે છે. એ શાળાનું આંગણું તીર્થભૂમિ બની જાય છે. શાળાના પ્રાંગણના પર્યાવરણમાં થતી સમૂહ પ્રાર્થનાની કોઈ તુલના થઈ શકે તેમ નથી. પર્યાવરણમાં વનસ્પતિના પાત્રો અને પુષ્પો પણ પ્રાર્થનામાં સામેલ થાય છે. શિક્ષક, વૃંદ, બાળકો, વાયુ, આકાશ, પંખી અને પ્રકાશ પ્રકૃતિના સહિયારા પ્રાર્થના સંમેલનથી પર્યાવરણ જીવંત થઈ જાય છે.

જે વૃક્ષો પર ચડીને બાળક આકાશની વિશાળતાને પહોંચી શકે, દોડા-દોડી કરી શકે, ભૂમિ પર બેસી પ્રાર્થના દ્વારા પરબ્રહ્મનું ચિંતન કરી સનાતન સત્યોની હદયના ઉંડાણમાં અનુભૂતિ કરી શકે જે પર્યાવરણમાં તેના સમવયસ્કો એકરૂપ થઈને આત્મ ચેતનનો આવિષ્કાર બની શકે. એ વૃક્ષો, મેદાન, ભૂમિ એ પર્યાવરણ શાળાના પ્રાંગણમાં અંતર્ગત અને અખંડ સ્વરૂપો છે.

શાળાનું મકાન બંધિયારપણાનો અનુભવ કદાચ કરાવે પરંતુ શાળાનું આંગણ, મેદાન અને આજુબાજુનું પર્યાવરણ એ મુક્તિની મજા અને વિશાળના વૈભવની અનુભૂતિ કરાવે છે.

**⌘ પર્યાવરણ શિક્ષણમાં શાળા બાગ મહત્ત્વ :**

⌘ શાળા બાગથી બાળકોમાં રહેલ પ્રકૃત્તિ પ્રેમ, સંશોધન વૃત્તિ, શ્રમનું મહત્ત્વ, સમયનો સદ્ઉપયોગ, વૃક્ષ પ્રેમ, અવલોકન શક્તિ, ⌘ કરકસરયુક્ત વપરાશ, નકામી વસ્તુઓનો સદ્ઉપયોગ જેવા ગુણોનો વિકાસ કરી શકાય છે.⌘ શાળા બાગથી શાળાનું સુંદર અને બાળકોને મનભાવન વાતાવરણ નિર્માણ કરી શકાય છે. ⌘ શાળા બાગ દ્વારા પ્રદુષણ મુક્ત હવામાન પુરૂ પાડી શકાય. ⌘ સુંદર પયાવરણ હોય તો મન પ્રફુલ્લીત બને છે. જો મન પ્રફુલ્લીત બને તો તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન વસે છે. ⌘ સુંદર પર્યાવરણ દ્વારા બાળકોની દૈનિક હાજરીમાં વધારો જોવા મળે છે. ⌘ બાળકોમાં શ્રમ પ્રત્યેની સૂંગ દુર કરી શકાય છે. ⌘ નકામા પાણીનો સદ્ઉપયોગ, વૃક્ષોનું જતન કરવું જેવા ગુણોનો વિકાસ થાય છે. પર્યાવરણ જાળવણીથી રોગમુક્ત જીવન વિશે જાણકારી મેળવે છે. ⌘ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ તથા સમૂહકાર્ય દ્વારા ભાતૃભાવના અને સહકારના ગુણોનો વિકાસ થાય છે. ⌘ બીજનું ઉગવું, છોડની વૃદ્ધિ અને વિવિધ પ્રકારના ખાતરોનો ઉચિત ઉપયોગ વિશે જાણકારીની વિશેષ તકો મળે છે. ⌘ વનસ્પતિ શાસ્ત્રના પ્રયોગોનું કાર્ય કરી શકાય છે. ⌘ વનસ્પતિનું વર્ગીકરણ, પાન, ફળ, ફુલ વગેરે બાબતોની માહિતી આપી શકાય. ⌘ ઔષધિય વનસ્પતિઓની ઓળખ મેળવી તેના ઉપયોગો વિશે માહિતી આપી શકાય.⌘ સુંદર આરોગ્ય પર્યાવરણ માનવજીવન માટે કુદરતી ભેટ છે તે સમજાવી શકાય છે.

⁕ **પર્યાવરણ શિક્ષણમાં પ્રવૃત્તિઓ :**

⁕ પ્રવૃત્તિઓ આનંદદાયી અને જીજ્ઞાસાપ્રેરક હોય.⁕ વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસાર હોય. ⁕ વર્ગના તમામ બાળકોની ભાગીદારી હોય.⁕ પ્રવૃત્તિ વિષય અથવા ક્ષમતાલક્ષી હોય. ⁕ પ્રવૃત્તિના અંતે ચોક્કસ નીપજ મળતી હોય.⁕ પ્રવૃત્તિ સ્થળ, સમય અને લક્ષ્ય જૂથને અનુરૂપ હોય. ⁕ ઓછા ખર્ચાળ શૈક્ષણિક સાધનો અને સામગ્રીનો ઉપયોગ હોય.

⁕ **શાળા પર્યાવરણ સુધારણા માટે શું શું કરી શકાય ?**

⁕ શાળામાં સુંદર બાગબગીચાનું આયોજન કરવું. ⁕ શાળાની સુંદરતા વધે, સ્વચ્છતા જળવાય અને બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તેવા સ્વચ્છ વાતાવરણનું નિર્માણ કરવું. ⁕ શૈક્ષણિક ટેકનોલોજીના ઉપકરણો વસાવવા. ⁕ શાળામાં ઔષધિય બાગ, ઈકો ક્લબ જેવા પ્રોજેકટ હાથ ધરી પર્યાવરણમાં નોંધપાત્ર સુધારો કરવો. ⁕ શાળાનું પર્યાવરણ સુધારવા શિક્ષકો તથા ગામના પ્રતિષ્ઠિત લોકોનો સહકાર મેળવવો. ⁕ વૃક્ષારોપણનું આયોજન કરવું ⁕ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવી.

# ક્રિયાત્મક કસોટી

**પ્રસ્તાવના :**

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મૂલ્યાંકન પ્રક્રિયાને બળવત્તર બનાવવાના પ્રયાસો થયા તેમાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન 'Constant and Comprehensive Evaluation' અને 'પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ'ના અભિગમનું મૂલ્યાંકન કરતી કસોટીઓ પ્રાથમિક શાળાઓમાં મૂલ્યાંકનના એક ભાગરૂપે સ્વીકારાઈ. ક્ષમતાલક્ષી મૂલ્યાંકન સંબંધી તમામ પ્રાથમિક શિક્ષકોની સમસ્યાઓ અને મૂંઝવણોને હલ કરવાનો પ્રયાસ GCERT ગાંધીનગરના યશસ્વી પ્રયત્નોથી થયો. સપ્ટેમ્બર-૯૮નો 'જીવનશિક્ષણ' અંક સૌ સારસ્વતો માટે પ્રેરણાદાયી અને માર્ગદર્શક રૂપ બન્યો.

ક્ષમતાલક્ષી અભ્યાસક્રમમાં ક્ષમતાવિધાનોના થયેલા અભ્યાસનાં તારણો દ્વારા પ્રતિનિધિત્વરૂપ ક્ષમતાઓનું અનૌપચારિક અર્થાત્ ક્રિયાત્મક અને ઔપચારિક મૂલ્યાંકન કરવા માટે ધોરણ તથા વિષયવાર લેખિત, મૌખિક અને ક્રિયાત્મક કસોટીઓ લેવા માટે ક્ષમતાઓને વર્ગીકૃત કરાઈ. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા અપાતી Inservice Trainingમાં એ વાત બહાર આવી કે ક્રિયાત્મક કસોટીઓ વિશે શિક્ષકો પૂરેપૂરા જ્ઞાત નથી. તેની રચના અને મૂલ્યાંકન પદ્ધતિનું તેમને અધકચરું જ્ઞાન છે. ક્રિયાત્મક કસોટીના સ્વરૂપને સમજાવવાનો અને તે અંગેનો એકાદ નમૂનો આપવાનો પ્રયાસ અત્રે કરવામાં આવ્યો છે.

**ક્રિયાત્મક કસોટીની સંકલ્પના :**

"ક્રિયાત્મક કસોટી એટલે એવી કસોટી કે જેમાં કસોટીપાત્રે વસ્તુઓનું પ્રહસ્તન કરવાનું રહે છે. અને ભાષાના ઉપયોગનો સહેજ અભાવ રહે છે."

એક વિશાળ અર્થમાં ક્રિયાત્મક મૂલ્યાંકન એટલે બાળક કઈ રીતે કાર્ય કરી શકે છે તે છે. બાળકના વિકાસ માટે એ બાબત મહત્ત્વની છે. તેથી તનું સતત ઝીણવટભર્યું અવલોકન કરવું પડે. તેને ચોક્કસ પ્રકારની ક્રિયાઓ કરતું કરાવવું પડે ક્રિયાત્મક કસોટીને અંગ્રેજીમાં Performance Test કહે છે. To Perform એટલે કોઈ ક્રિયા પ્રત્યક્ષપણે કરવી તે છે. ક્રિયાત્મક કસોટીમાં ક્રિયા એ અગત્યનું પ્રેરક બળ છે. અધ્યેતાએ હસ્તગત કરેલા Skills તે સૈદ્ધાંતિક સ્વરૂપે માત્ર રજૂ કરે તેટલું પૂરતું નથી. તે Action દ્વારા તેણે હાંસલ કરેલી Skills ની પ્રતીતિ પણ કરાવે તે ઇચ્છનીય છે. બાળકમાં રહેલી Competencies કે Aptitudes (અભિયોગ્યતાઓ) તેના સર્વાંગી વિકાસ માટે બહાર આવે તે જરૂરી છે અને એ કામ ક્રિયાત્મક કસોટીનું છે.

બાળકમાં રહેલા જરૂરી કૌશલ્યોનો વિકાસ કરવા માટે ક્રિયાત્મક મૂલ્યાંકન અનિવાર્ય છે. બાળક સાયકલ કઈ રીતે ચલાવવી તેનું માત્ર વર્ણન કરે તેના આધારે ન

કહી શકાય કે તેને સાયકલ ચલાવતાં આવડે છે. તે માટે ક્રિયાની જરૂર પડે છે. ક્ષમતાલક્ષી અભ્યાસક્રમમાં બાળક પારંગતતાની કક્ષાએ સિદ્ધિ મેળવે તે બાબત અપેક્ષિત છે. પારંગતતાની કક્ષાએ બાળક ત્યારે જ પહોંચી શકે જ્યારે તેનામાં પડેલાં કૌશલ્યો આવિર્ભાવ પાસે મે અર્થાત તે ક્ષમતાઓનું માર્ગાન્તરીકરણ થાય. એટલા માટે જ ક્રિયાત્મક કસોટી ઉત્તમ બાબત પૂરવાર થાય તેમ છે. બાળકને એકથી દસ ગણતાં આવડે છે કે નહિ આ બાબતને ક્રિયાત્મક કસોટીમાં મૂકવી હોય તો, બાળકને કહી શકાય કે "જાઓ બેટા ! મેદાનમાંથી દસ કૂકરીઓ લઈ આવો જોઈએ બાળક દસ કૂકરીઓ લઈને આવે, ગણે એટલે તેનું ૧ થી ૧૦ નું ગણન કૌશલ્ય સિદ્ધ થયું તેમ કહી શકાય. આમ બુદ્ધિ, જ્ઞાન, માહિતી ઉપરાંત બાળકની ચોક્કસ પ્રકારની વિશિષ્ટ શક્તિઓ કે અભિયોગ્યતાઓને ક્રિયા દ્વારા મૂલવતા Test ને આપણે Performance Test ક્રિયાત્મક કસોટી કહીશું.

**ક્રિયાત્મક કસોટી રચનાનાં સોપાનો :**

- ક્રિયાત્મક કસોટી રચનાનું પ્રથમ સોપાન કસોટીના હેતુ અંગે સ્પષ્ટતા મેળવવી તે છે.
- હેતુઓ મોટા ભાગે ક્ષમતા ઉપર આધારિત રહેશે.
- ક્રિયાત્મક કસોટીની રચનાનું બીજું સોપાન કસોટીમાં સમાવિષ્ટ સંકલ્પનાઓ Concepts અંગે સ્પષ્ટતા મેળવવી તે છે.
- કઈ પ્રતિનિધિત્વ રૂપ ધરાવતી ક્ષમતાઓ પસંદ કરવી, બાળકનાં કયાં કૌશલ્યો - કઈ ક્ષમતાઓનું માપન કરવું, કયો અભ્યાસક્રમ આવરી લેવો તેની સંકલ્પના સ્પષ્ટ હોવી જોઈએ.
- વિગત લેખન કે પ્રારંભિક રચના.
- ક્રિયાત્મક કસોટી રચનારે પોતાના અવલોકન, અનુભવ, સંશોધન, પ્રયોગોને પાયામાં રાખી પૃથક્કરણ (આર્મચેર એનાલિસિસ) દ્વારા કેવા પ્રશ્નો રચી શકાય તે વિચારવા. સંદર્ભ સાહિત્યને પણ હાથવગું રાખી શકાય. વળી અહીં કસોટી વખતે આપવાની સૂચનાઓ, ઢાંચો, સમય મર્યાદા, મૂલ્યાંકન પદ્ધતિ વગેરેનો પૂર્ણવિચાર જરૂરી છે. બાળકનાં રસ, રૂચિ, વલણ અને વ્યક્તિત્વને બાળ મનોવિજ્ઞાનના અભ્યાસુ બની નાણવા પડે.
- કસોટીનું સ્વરૂપ.
- કસોટીની લંબાઈ કેટલી રાખવી, ગુણભાર કેટલો રાખવો તે.
- મૂલ્યાંકનની પદ્ધતિ.
- ક્રિયાત્મક કસોટીનું મૂલ્યાંકન વિશ્વસનીયતા, પ્રમાણભૂતતા અને યથાર્થતાના આધારે થઈ શકે. શિક્ષકે અનાત્મલક્ષી રીતે પૂર્વગ્રહ મુક્ત મૂલ્યાંકન કરવું ઘટે.

**ક્રિયાત્મક કસોટી લેતી વખતે ધ્યાનગ્રસ્ત બાબતો :**

ક્રિયાત્મક કસોટીનું સુચારું આયોજન (તેનાં સોપાનોને ધ્યાનમાં રાખીને) થયા પછી શિક્ષકપક્ષે સજાગતા વધી જાય છે. વળી શિક્ષકનું કાબેલીયતપણું અને કુનેહ છતી થાય છે. સૂઝ સમજણપૂર્વક કસોટી લેવી પડે નહિ તો તે ફારસ બની રહેશે.

જુદાં જુદાં અધ્યયન ક્ષેત્રોની પ્રતિનિધિત્વરૂપ ક્ષમતાઓને તારવી બાળકમાં કૌશલ્યોનું ઊર્ધ્વીકરણ થાય તે રીતે કસોટી રચીને વ્યક્તિગત સ્વરૂપે લઈ શકાય.

શિક્ષકની અવલોકન દૃષ્ટિ પણ અહીં મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળકની કસોટી આપવાની તત્પરતા, શિક્ષકનાં માર્ગદર્શક સૂચનો જરૂરી છે.

પ્રશ્ન બેંકને વિકસાવીને શિક્ષણમિત્રોએ ક્રિયા અને પ્રવૃત્તિ દ્વારા ક્ષમતાઓનું સિદ્ધિ માપન કરવાનું રહે છે.

બાળકના વિશિષ્ટ વ્યવહારમાં વિશિષ્ટ પ્રકારની શક્તિઓને પિછાની તેનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

ચોક્કસ સમયમર્યાદા, બાળકોની માનસિક વયકક્ષા, સુયોગ્ય પદ્ધતિ જ ક્રિયાત્મક કસોટીને ફળદાયી બનાવી શકે.

ક્રિયાત્મક કસોટી દ્વારા અધ્યયનનાં તમામ ક્ષેત્રોમાં પડેલી ક્ષમતાઓને શિક્ષકે ઉજાગર કરવાની તક ઝડપી લેવી જોઈએ.

**ક્રિયાત્મક કસોટીમાં કઈ બાબતોનું મૂલ્યાંકન થઈ શકે ?**

અધ્યયન ક્ષેત્ર અને ક્ષમતાને લગતી એવી કોઈપણ પ્રવૃત્તિ કે કાર્ય.

અભિનય, હાવભાવ, ઓળખ, ક્રમિક ગોઠવણો, શિષ્ટાચાર મુલાકાત દ્વારા પ્રશ્નોત્તરી, અવલોકન,

નિદર્શન દ્વારા પ્રશ્નોત્તરી, એકત્રીકરણ, વર્ગીકરણ, ક્રિયા ઓળખ, પરિસ્થિતિજન્ય ઓળખ, ક્રિયા-પ્રક્રિયા જેવી બાબતોને ક્રિયાત્મક કસોટીમાં મૂકીને ક્રિયાત્મક મૂલ્યાંકન થઈ શકે.

બાળકના સ્થાનિક પર્યાવરણના આધારે, અનુભવજન્ય પરિસ્થિતિને આધારે, બાળકના પૂર્વ જ્ઞાનને આધારે, બાળકના અવલોકનના આધારે પ્રશ્નો પૂછી શકાય.

અનુકરણ, સર્જન, કોયડા ઉકેલ, અવાજ પરખ, મૂક અભિનય દ્વારા Identification ચિત્રપૂર્તિ, શબ્દરમત, વાક્ય ગોઠવણી, વાક્યપૂર્તિ અને બાળકની શોધખોળ વૃત્તિ તથા જિજ્ઞાસાવૃત્તિને છાજે તેવા પ્રશ્નો ક્રિયાત્મક કસોટીમાં મૂકી શકાય.

વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ (વર્ગખંડની બહાર અને અંદર તથા વિવિધ શૈક્ષણિક રમતો.)

વિવિધ પ્રકારની દશ્ય, શ્રાવ્ય, દશ્ય શ્રાવ્ય ઓડિયો-વિડિયો, વિઝ્યુઅલ્સ દ્વારા ક્રિયાત્મક કસોટી આપી શકાય.

## ક્રિયાત્મક કસોટી ધોરણ-૩

વિષય : ગુજરાતી

ધોરણ-૩ ગુણ-૨૫

| પ્રશ્ન ક્રમાંક | ક્ષમતા ક્રમાંક | ક્રિયા | ગુણ |
|---|---|---|---|
| ૧ | ૨.૩.૨ | પાઠ્યપુસ્તકમાંથી અભિનય સાથે રજુ થઈ શકે તેવી વાર્તા (૧) ચાંદા મામા જંગલમાં | ૫ |
| ૨ | ૫.૩.૧ | નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો કાર્ડ પત્તામાંથી શોધી સામે લખો. કાર્ડ પત્તામાં (ગરમ, કાચુ, થોડું, નબળો, ઠોઠ) (૧) શીતળ (૨) પાછું (૩) બહુ (૪) બળિયો (૫) હોશિયાર | ૫ |
| ૩ | ૨.૩.૩ | શિક્ષક ચારથી પાંચ વ્યક્તિઓનાં નામ કાર્ડપત્તા ઉપર લખી થપ્પી (થોકડી) મૂકશે દરેક બાળકો ઊભા કરી ગમે તે એક કાર્ડ ખેંચી તેના વિશે ત્રણથી ચાર વાક્યો મૌખિક બોલશે. (૧) કઠિયારો (૨) ભીમ (૩) કરોળિયો (૪) રવિશંકર મહારાજ | ૫ |
| ૪ | ૩.૩.૧ | કા.પા.માં શબ્દો લખી બાળકોને ક્રમિક ઊભી કરી કોઈ પણ એક શબ્દ કહી તેની ફરતે ગોળ ૦ કરાવવું. દા.ત. મુગટ, પરમેશ્વર, સંદેશો, કિલોમીટર, નૃત્ય, હોશિયાર, વિશ્વાસ, અબ્દુલ્લા, કુંપળ વગેરે. | ૫ |
| ૫ | ૩.૩.૬ | શિક્ષક પાંચ કે છ શબ્દકાર્ડ બનાવી તેને કક્કાવારી પ્રમાણે ગોઠવવાનું કહેશે. (૧) સંજાણ (૨) અબ્દુલ (૩) ભીમ (૪) કરોળિયો (૫) મહાસાગર (૬) કબૂતર (૭) સાકર | ૫ |

| ધોરણ-૩ | | વિષય : ગણિત | ગુણ-૨૫ |
|---|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | ક્ષમતા ક્રમાંક | ક્રિયા | ગુણ |
| ૧. | ૧.૩.૧ | વિદ્યાર્થીઓ શૈક્ષણિક નમૂનાનો ઉપયોગ કરી એકમ, દશક, સો સુધીની સંખ્યા વાંચે. મણકા ઘોડીના આધારે દરેક વિદ્યાર્થી પાસે ગણતરી કરાવવી અને પલાખાં પૂછવાં. | ૫ |
| ૨ | ૧.૩.૩ | નમૂનાની મદદથી પૂછેલ સંખ્યાની સ્થાન કિંમત ગોઠવીને બોલે. (૧) ૨૩૫માં ૨ની સ્થાન કિંમત (૨) ૯૪૨માં ૪ની સ્થાન કિંમત (૩) ૬૮૪માં ૪ની સ્થાન કિંમત (૪) ૫૦૮માં ૦ની સ્થાન કિંમત (૫) ૮૩૦માં ૦ની સ્થાન કિંમત. | ૫ |
| ૩ | ૧.૩.૯ | ૧ થી ૫૦ સુધીના અંકો દર્શાવતા અંકપત્તાનો ઉપયોગ કરી એકી સંખ્યા અને બેકી સંખ્યાઓ શોધી બતાવો. આવા અલગ-અલગ પ્રશ્નો પૂછી ક્રિયાત્મક કાર્ય કરાવવું. | ૫ |
| ૪ | ૩.૩.૯<br>૩.૩.૧૦ | ચાર્ટના આધારે બાળકો નીચે આપેલા પ્રશ્નો પૂછવા.<br>૫૦ ગ્રામ-૧૦૦ ગ્રામ-૨૦૦ ગ્રામ-૨૫૦ ગ્રામ ૫૦૦ ગ્રામ-૧ કિલોગ્રામ-૨ કિલોગ્રામ- ૫ કિગ્રા. ૧૦ કિ.ગ્રા. ૨૦ કિ.ગ્રા. પ્રશ્ન પૂછતાં ઓળખી બતાવશે. | ૫ |
| ૫ | ૩.૩.૫ | મીટર પટ્ટી અને ફૂટપટ્ટીની મદદથી આસપાસના ટૂંકા પદાર્થો કે અંતરોની લંબાઈ પૂર્ણમીટર કે પૂર્ણ સે.મી.માં મપાવવી. ઉદા. ટેબલની ઉપલી સપાટીની લંબાઈ - પાઠ્યપુસ્તકની લંબાઈ, વર્ગખંડનું માપ, બ્લેક બોર્ડનું માપ | ૫ |

| ધોરણ-૩ | | વિષય : પર્યાવરણ | ગુણ-૨૫ |
|---|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | ક્ષમતા ક્રમાંક | ક્રિયા | ગુણ |
| ૧. | ૮.૩.૧ | સજીવ નિર્જીવ<br>કાર્ડ-ગાય, ગીધ, વાઘ, ટ્રેક્ટર, હંસ, ખુરશી, પંખો રેડિયો, ટી.વી., ચકલી | ૧૦ |
| ૨ | ૨.૩.૧ | વાક્ય સામે સાચું કાર્ડ મૂકો.<br>(૧) હું જિલ્લાનો વહીવટી વડો છું. લોકો સુખ શાંતિને સલામતીથી જીવે તેની તકેદારી રાખું છું. (૨) જિલ્લામાં ઝઘડા મારા-મારી ચોરી, લૂંટફાટ ન થાય તે માટે વ્યવસ્થા અને સલામતી જાળવવાનું કામ કરું છું. (૩) જિલ્લામાં શિક્ષણની સગવડ તથા શિક્ષણની સુધારણા માટે હું કાર્ય કરું છું.<br>(૪) જિલ્લામાં રોગચાળો ન ફેલાય તથા જરૂરી સારવાર જોવાનું કાર્ય હું કરું છું. જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પોલીસ વડા, જિલ્લા કલેક્ટર, જિલ્લા શિક્ષણાધિકારી | ૮ |
| ૩ | ૪.૩.૩ | બતાવેલ જિલ્લાનું કાર્ડ ગુજરાતના નકશામાં ખાલી જગ્યાએ મૂકે.<br>ગુજરાતનો નકશો<br>વલસાડ, જામનગર, કચ્છ, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ | ૭ |

# Learning Disabilitiy - અધ્યયન -અક્ષમતા (Dyslexia- (ડિસ્લેક્સીયા), Dysgraphia- (ડિસ્ગ્રાફીઆ), Dyscalculia -(ડિસ્કેલ્ક્યુલિઆ)ના સંદર્ભમાં

- એમ. આર. પારગી.
- વ્યાખ્યાતા, ડાયટ, સંતરામપુર.

**પ્રસ્તાવના**

દૃષ્ટિ વિષયક વિકલાંગતા, શ્રવણ વિષયક વિકલાંગતા, અસ્થિ વિષયક વિકલાંગતા તથા માનસિક વિકલાંગતા વાળા બાળકો વિશે તો આપે સાંભળ્યું હશે જ ! એના કરતાં પણ એક વિશિષ્ટ વિકલાંગતાવાળા બાળકો આપણી શાળાઓમાં જોવા મળે છે. તે છે - અધ્યયન - અક્ષમતા (Learning Disabilty) વાળા બાળકો. અધ્યયન-અક્ષમતા(Learning Disabilty) એક વ્યાપક અને જટિલ ક્ષેત્ર છે. આવા બાળકોમાં ઉપરોક્ત ચાર પ્રકારની વિકલાંગતા મોટેભાગે જોવા મળતી નથી. અધ્યયન-અક્ષમતા બધી જ ઉંમરના. જાતિના સામાજિક - આર્થિક સ્તરના કુટુંબોના બાળકોમાં જોવા મળે છે. તે છોકરીઓની તુલનામાં છોકરાઓમાં વધારે જોવા મળે છે. શિક્ષક જો શાળામાં ધ્યાન આપે તો તેમને પોતાના વર્ગમાં કેટલાંક એવા બાળકોની શૈક્ષણિક સિદ્ધિ પોતાની ક્ષમતા/ યોગ્યતાની સરખામણીમાં વર્ગના અન્ય સામાન્ય બાળકો કરતાં ઓછી જોવા મળે છે. જેનાથી તેઓમાં અનેક પ્રકારની વિકૃતિઓ ઉત્પન્ન થવી સહજ અને સ્વાભાવિક હોય છે. અધ્યયન-અક્ષમતાવાળા બાળકોને કુટુંબ તથા શાળામાં અનુકૂલન સાધવામાં મુશ્કેલી પડે છે. જો વેળાસર આવા બાળકોની સમસ્યાઓને સમજવામાં નહિ આવે તો તેઓની બાળ અપરાધી બની જવાની સંભાવનાને નકારી શકાય નહિ. આ વિશેષ પ્રકારની વિકલાંગતાવાળા બાળકોને ઓળખવા માટે તેઓના સતત સંપર્કમાં રહેવું પડે છે. આ કાર્ય શિક્ષકો અને તેમના સહયોગીઓના સહકારથી જ સંભવ બને છે. બાળપણના છ વર્ષથી પહેલાં આવા બાળકોને ઓળખવાં એ એક અઘરું કાર્ય છે. ધોરણ-૨માં જ્યારે બાળકો વાંચવા-લખવાં માડે છે અને પોતાને વ્યક્ત કરવા લાગે છે ત્યારે અધ્યયન અક્ષમતાને ઓળખવી સંભવ તથા સરળ બની જાય છે. અધ્યયન-અક્ષમતાની સમસ્યા પ્રત્યેતક વ્યક્તિની આંતરિક સમસ્યા છે. કેન્દ્રીય તત્રિકા તંત્રની દુષ્ક્રિયાત્મકતા એનું કારણ હોઈ શકે છે.

કેટલાંક લોકો એમ પણ માને છે કે આવી અધ્યયન -અક્ષમતા અન્ય વિકલાંગતાની પરિસ્થિતિઓમાં પણ સંભવ છે. જેમકે : ઈન્દ્રિયજન્ય વિકલાંગતા, માનસિક વિકલાંગતા તથા સામાજિક અને ભાવનાત્મક મશ્કેલીઓ.

**અધ્યયન-અક્ષમતા (Learning Disability) એટલે શું ?**

"વિશિષ્ટ શીખવાની અસમર્થતા એટલે સમજવામાં અથવા બોલેલી કે લખેલી ભાષાનો ઉપયોગ કરવામાં સંકળાયેલી એક અથવા વધુ મૂળભૂત મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓની વિસંગતતા જે શીખવાની, વિચાર કરવાની, વાંચવાની, લખવાની તેમજ ગાણિતિક ગણતરીઓ કરવાની અપૂર્ણ અક્ષમતાઓ પ્રગટ કરે છે."

**અધ્યયન -અક્ષમતા** (Learning Disability) **ના કારણો :**

અધ્યયન -અક્ષમતા એ એક અત્યંત વ્યાપક ક્ષેત્ર છે. એના કારણો પણ અનેક છે. જ્ઞાનતંત્રમાંના ફેરફારો, કૌટુંબિક નિર્બળતા, આનુવંશિક, પુખ્તતામાં પછાતપણું - મજ્જા શારીરિક (A Neuro Physiological) ભાષાકીય (Linguistic) અસરકારકતા (A Affective) શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાના સ્થાને અન્ય ભાષાની પસંદગી, એક સાથે એક કરતાં વધારે ભાષાનું શિક્ષણ, જમણા હાથે જ લખાવવાનો આગ્રહ, ભણાવવાની વહેલી શરૂઆત, ગોખણપટ્ટી, માતા-પિતાની ઊચી અપેક્ષાઓ, બાળક પ્રત્યે નિષ્કાળજી, ગરીબીમાં જીવતું કુટુંબ, આરોગ્ય શૈક્ષણિક પરિસ્થિતિ વગેરે કારણો અધ્યયન-અક્ષમતા માટે જવાબદાર હોઈ શકે. કેટલાક લોકો કહે છે કે એનું મુખ્ય કારણ કેન્દ્રિય તંત્રિકા તંત્રની ઉણપ (ખામી) સાથે સંબંધિત છે. તે ક્યારેક આનુવંશિક, ગર્ભાવસ્થા, જન્મના સમયે અથવા જન્મ પછીના તથ્યોના પરિણામ સ્વરૂપે થઈ શકે છે. કેટલાક લોકો વિકાસાત્મક કારણો અંતર્ગત એનું કારણ તંત્રિકા તંત્ર સંબંધી કાર્યના હ્રાસની અપેક્ષા તાંત્રિકા તંત્ર સંબંધી વિકાસના પછાતપણાને માને છે કેટલાંક લોકોનું માનવું છે કે અધ્યયન -અક્ષમતાવાળી વ્યક્તિઓમાં માઈલીનીકરણની પ્રક્રિયા મોડી થાય છે. (માઈલીન મસ્તિષ્કને કવર કરનાર સુરક્ષા કવચ છે. જે મસ્તિષ્કનું રક્ષણ કરે છે અને વિદ્યુત રાસાયણિક સમ્પ્રેષણમાં વાહનનું કાર્ય

પણ કરે છે.) વ્યવહારવાદી, અધ્યયન -અક્ષમતા માટે આસપાસના વાતાવરણની પરિસ્થિતિઓને એના માટે ઉત્તરદાયી ગણે છે. જેમકે : અયોગ્ય સૂચનાઓ, યોગ્ય પ્રેરણાનો અભાવ, અયોગ્ય બેઠક-વ્યવસ્થા. જેનાથી પ્રત્યક્ષીકરણની ક્રિયા પ્રભાવિત થઈ શકે છે.

અધ્યયન - અક્ષમતા એક વિચિત્ર પરિસ્થિતિ છે. એના કારણે વિશે પ્રામાણિકપણે કહેવું સંભવ નથી. જુદા જુદા લક્ષણોના આધારે આવા બાળકોને ઓળખવાનું શક્ય બને છે. ૬ થી ૭ વર્ષની ઉંમરમાં એની ઓળખાણ થઈ જાય તો મોટા ભાગના બાળકોની સમસ્યાઓનું નિદાન કરીને ઉપચાર કરવાનું કામ સરળ બની જાય છે. જો કે દરેક બાળકની સમસ્યાઓ જુદી - જુદી હોય છે. તેથી આવા બાળકોની સમસ્યાઓના નિદાન તથા ઉપચાર માટે જુદી -જુદી પદ્ધતિઓનો ઉપયોગ થઈ શકે. આવા બાળકો શારીરિક રીતે અન્ય બાળકો જેવાં સમાન અને સક્ષમ હોય છે પરંતુ મસ્તિષ્કના કોઈ એક અથવા અન્ય અવયવની ખામીના કારણે પ્રત્યક્ષીકરણની ક્રિયા, સૂચનાઓના અમલીકરણની ક્રિયા તથા અન્ય વર્તન-વ્યવહાર સંબંધી ગરબડ કરતાં હોય છે.

**અધ્યયન- અક્ષમતા (Learning Disability) વાળા બાળકોમાં જોવા મળતાં લક્ષણો.**

અધ્યયન - અક્ષમતા વાળા બાળકોમાં જોવા મળતાં શૈક્ષણિક પ્રક્રિયા સંબંધી લક્ષણો નીચે મુજબ છે :

- દૃષ્ટિ અથવા શ્રવણ પ્રત્યક્ષીકરણ સંબંધી સમસ્યાઓ
- લેખન અને અભિવ્યક્તિવાળી ભાષા સંબંધી સમસ્યાઓ
- ધ્વનિ વિજ્ઞાન સંબંધી સમસ્યા
- લેખન અને લેખિત ભાષા સંબંધી સમસ્યાઓ
- વાચન તથા ગણન સંબંધી સમસ્યાઓ
- જ્ઞાન સંબંધી લક્ષણ (સ્મરણ, વિચાર) વગેરે.

૦ પ્રાથમિક શાળાઓના ધોરણ-૩ ના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની વિવિધ ક્રિયાઓનું નિરીક્ષણ કરતાં નીચે જણાવ્યા મુજબના અધ્યયન -અક્ષમ બાળકોના લક્ષણો જોઈ શકાય છે.

- કેટલાંક બાળકો લખતી વખતે પોતાની સ્લેટ/ નોટબુક ફેરવતા રહે છે.
- કેટલાંક બાળકો બન્ને હાથો વડે લખતાં જોવા મળે છે.
- અવળા હાથે લખનાર મોટાભાગના બાળકોમાં લેખન સંબંધી મુશ્કેલીઓ જોવા મળે છે.
- કેટલાંક બાળકો એક જ ક્રિયાનું વારંવાર પનરાવર્તન કરે છે.
- કેટલાંક બાળકો કોઈ પણ કાર્યમાં ધ્યાન આપી શકતા નથી, બલ્કે બેધ્યાન રહે છે.
- કેટલાંક બાળકો આશ્ચર્યજનક અનુમાન કરે છે, અંદાજ કાઢે છે.
- રંગ-પરખ, દિશા-પરખ વગેરેમાં ભૂલો કરે છે.
- વાંચવા-લખવામાં મુશ્કેલી અનુભવે છે.
- શિક્ષકે આપેલી સૂચનાઓ સાંભળ્યા-સમજ્યા વગર ક્રિયાઓ કરે છે.

ઉપરાક્ત લક્ષણોવાળા બાળકોની ઓળખાણ કર્યા બાદ તેઓ માટે નિદાન અને ઉપચાર ઝડપથી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, અન્યથા એમનામાં અધ્યયન -અક્ષમતા આવવાની શક્યતા રહેલી છે. કિશોરાવસ્થા સુધી તેઓનો ઉપચાર કરવામાં નહિ આવે તો આવી વિકલાંગતાનો ઉપચાર કરવો અત્યંત કપરું કાર્ય બની જાય છે. મોટાં-મોટાં વૈજ્ઞાનિકો તથા રાજનેતા પોતાના બાળપણમાં અધ્યયન - અક્ષમતા ના શિકાર બની ચૂક્યા હોય છે. પરંતુ સવેળા તેની ઓળખ, નિદાન અને ઉપચાર ના કારણે તેઓ પોતાનાં ક્ષેત્રમાં મહાન કાર્ય કરી શક્યા છે.

અધ્યયન - અક્ષમતા **(Learning Disability)** ના પ્રકારો : અધ્યયન -અક્ષમતા ના પ્રકારો :

| વિકાસાત્મક અધ્યયન - અક્ષમતા | શૈક્ષણિક અધ્યયન અક્ષમતા |
|---|---|
| ૧. પ્રાથમિક | |
| - પ્રત્યક્ષીકરણ સંબંધી દોષ (દૃષ્ટિ, શ્રવણ, સ્પર્શ વગેરે) | -વાચન સંબંધી (Dyslexia) |
| - સ્મરણ સંબંધી | લેખન સંબંધી (Dysgraphia) |
| - અવધાન સંબંધી (અવધાન કેન્દ્રણની ખામી) | - ગણિત સંબંધી (Dyscalculia) |
| વ્યવહાર સંબંધી ( વધુ ક્રિયાશીલતા) | |
| ૨. બીજો પ્રકાર : | |
| - વૈચારિક અથવા અભિવ્યક્તિની અક્ષમતા | |
| - ભાષા સંબંધી અક્ષમતા | |

**- અધ્યયન - અક્ષમતા (Learning Disability) માટે શિક્ષક શું કરી શકે ?**

એકીકૃત શિક્ષણયોજના સામાન્ય શાળાઓમાં અધ્યયન -અક્ષમતાવાળા બાળકો માટે શૈક્ષણિક તકો પૂરી પાડે છે. અધ્યયન -અક્ષમતા એ એવી વિકલાંગતા છે જેને શિક્ષકો સમજી શકતા નથી તથા એવા બાળકોને માનસિક રીતે નબળા (MR) સમજી લે છે. પરંતુ આવા બાળકો પર થોડું વિશિષ્ટ ધ્યાન આપીને વિવિધ પ્રકારની શૈક્ષણિક પદ્ધતિઓ તથા સહાયક સામગીનો ઉપયોગ કરીને શિક્ષણ આપવામાં આવે તો આવા બાળકો પણ સામાન્ય બાળકોની જેમ જ શિક્ષણ મેળવી શકે છે. તેથી શિક્ષકોએ લક્ષણોની યાદીના આધારે આવા બાળકોને ઓળખીને એમને વિશિષ્ટ પદ્ધતિઓથી શીખવાડવું જોઈએ. જેથી તેઓ સરળતાથી શીખી શકે તથા તેઓ દ્વારા કરાનારી પુનરાવર્તિત ભૂલોને સુધારી શકાય.

અધ્યયન - અક્ષમતાવાળા બાળકોમાં મસ્તિષ્કનો કોઈ એક અથવા વધુ ભાગ સારી રીતે કામ કરતો ન હોઈ શકે આ ભાગ સંબંધિત લખવામાં, વાંચવામાં તથા વર્તન-વ્યવહાર સંબંધી મુશ્કેલીઓ આવા બાળકોમાં જોવા મળે છે.

**- અધ્યયન -અક્ષમતા (Learning Disability) વાળા બાળકો માટે શિક્ષકોએ કરવાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

- વર્ગમાં વિદ્યાથીઓને બોલવાની વધુમાં વધુ તકો પૂરી પાડવી જોઈએ.
- મૌન વાચનને બદલે મુખવાચન (જોર-જોરથી મોટેથી બોલીને) (મૌખિક વાચન) ને પ્રોત્સાહન આપવું.
- શબ્દો, વાક્યો સંબંધી રમતોનું આયોજન કરવું.
- અંતાક્ષરી તથા અન્ય આવી જ રમતોનું આયોજન કરવું.
- બાળકોને ઘડિયાગાન કરાવવું.-
- એક સરખા લાગતાં શબ્દો, અક્ષરો તથા અંકોની યાદી તૈયાર કરી બાળકો પાસે પુનરાવર્તન કરાવવું તથા આવી યાદી બનાવી વર્ગમાં દિવાલ પર લટકાવીને રાખવી.
- આસપાસના પર્યાવરણમાંથી ઉપલબ્ધ વસ્તુઓનો ઉપયોગ કરી વિવિધ ઉપયોગ કરી વિવિધ આકારો તથા આકૃતિઓની સમજ આપવી.
- વર્ગમાં વિદ્યાર્થીઓને દરરોજ જે તે દિવસની તારીખ, માસ, વર્ષ વગેરે વિશે પૂછવું તથા દરરોજ વર્ગમાં બ્લેકબોર્ડ પર લખવાનું કહેવું.
- અપૂર્ણ ચિત્રો બતાવીને વિદ્યાથીઓને તે ચિત્રો વિશે પ્રશ્નો પૂછી બાળકોના જ્ઞાનની ચકાસણી કરવી.
- શિક્ષકે આકડાં (અંકો) સંબંધી રમતોની યાદી તૈયાર કરી વર્ગમાં આવી રમતો રમાડવાની તકો પૂરી પાડવી.
- લેખન, વાચન, ગણન, જોડણી વગેરે ક્ષમતાઓમાંથી કોઈ પણ એક અથવા બે વિષયોમાં સતત નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવી.
- ગણિતની ચાર મુખ્ય પ્રક્રિયાઓ : (સરવાળો, બાદબાકી, ગુણાકાર તથા ભાગાકાર) સંબંધિત ગણન ક્રિયાઓ આસપાસના પર્યાવરણમાંથી ઉપલબ્ધ વસ્તુઓનો ઉપયોગ કરી તથા ગણિતિક શૈક્ષણિક રમતો દ્વારા વર્ગમાં કરાવવી.
- ડાબા હાથથી લખનારા બાળકો તથા અન્ય એવા વિદ્યાર્થીઓની યાદી બનાવવી તે જેઓનું લખાણ અસ્વચ્છ, છેકછાકવાળું તથા ધબ્બા-ડાઘાવાળું હોય.
- શિક્ષક ચિત્રકાર્ડની મદદથી વિવિધ ઉદાહરણો રજૂ કરી બાળકોની પ્રત્યક્ષીકરણની અપૂર્તતાને દૂર કરવામાં મદદગાર બની શકે છે.

અધ્યયન- અક્ષમતાવાળા બાળકોને વર્ગના સામાન્ય બાળકો સાથે શૈક્ષણિક અનુભવો પૂરા પાડવા શિક્ષકોએ આવા બાળકોની જરૂરિયાત મુજબ સમજી-વિચારીને તથા પરિસ્થિતિને સમજીને ઉપર જણાવ્યા મુજબની ક્રિયાઓ, રમતો વગેરેનું આયોજન કરવું જોઈએ કે જેથી આવાં બાળકો રમતાં-રમતાં ખૂબ જ સરળતાથી ઘણું બધું શીખી શકે છે. એના માટે આવા વિદ્યાર્થીઓ ઉપર વ્યક્તિગત ધ્યાન આપીને પ્રત્યેક વિદ્યાર્થી માટે વ્યક્તિગત શૈક્ષણિક કાર્યક્રમો તૈયાર કરવા જોઈએ.

વ્યવહાર રૂપાંતર પ્રક્રિયા, સંજ્ઞાત્મક પ્રક્રિયા, સ્થૂળ પ્રત્યક્ષીકરણ આધારિત અધ્યયન, યોગાભ્યાસ વગેરે અધ્યયન- અક્ષમ બાળકોના વ્યવહાર વ્યવસ્થાપનની મુખ્ય પદ્ધતિઓ છે. શિક્ષક દ્વારા બાળકોના વર્તન-વ્યવહાર તથા તેઓના કાર્યોનું સૂક્ષ્મ નિરીક્ષણ આવા બાળકોને ઓળખવામાં તથા એમની સમસ્યાઓનું કારણ જાણવામાં મદદરૂપ બની શકે છે.

**સહાયક સાધન સામગ્રી :**

ઉપરોક્ત પ્રવૃત્તિઓ કરાવવા માટે ઉપયોગી સહાયક સાધન-સામગ્રી નીચે મુજબ છે :

અંક કાર્ડ, શબ્દ કાર્ડ, અક્ષરોના કાર્ડ, વાક્ય પટ્ટી, ચિત્રોના કાર્ડ, ચાર્ટસ, ચિત્રો, પર્યાવરણમાંથી ઉપલબ્ધ વસ્તુઓ જેવી કે : કાકંરા, પત્થર, વૃક્ષોના પાંદડા, ફળ, ફૂલ, કાગળ, વર્ગખંડમાંની વસ્તુઓ, બાળકોની ચીજવસ્તુઓ, રમકડાં વગેરેનો વર્ગશિક્ષણકાર્યમાં ઉપયોગ કરી શકાય છે.

# વૈજ્ઞાનિક સાધનો અને તેના ઉપયોગ

* એલ્ટીમીટર : ખાસ પ્રકારનું ઓનોરાઈડ બેરોમીટર, જે વિમાનમાં ઊંચાઈ માપવા માટે વપરાય છે.
* એમીટર : વિદ્યુતપ્રવાહ માપવા માટેનું સાધન
* એનીમોમીટર : પવનની દિશા અને પવનનો વેગ માપવા વપરાય છે.
* ઓડીઓમીટર : સાંભળવા માટેનું સાધન
* બેનોમીટર : હવાનું દબાણ માપવા માટેનું સાધન
* બાયનોક્યુલર : દૂરની વસ્તુ જોવા માટે વપરાતુ સાધન
* કેલોરીમીટર : ગરમીનો જથ્થો માપવા માટેનું સાધન
* ક્રોનીમીટર : વહાણોમાં વપરાતું ચોક્કસ સમય માપવા માટેનું સાધન
* કોલોરીમીટર : રંગની તીવ્રતા માપવા માટેનું સાધન
* કોમ્પ્યુટર : વિવિધ ગણતરી, પૃથક્કરણ અને નિયમન કરતું ઇલેક્ટ્રોનિક સાધન
* કેસ્કોગ્રાફ : વનસ્પતિની વૃદ્ધિ તપાસવા માટેનું સાધન
* કાર્ડિયોગ્રામ : હૃદયની હલનચલન નોંધવા માટેનું સાધન
* કાર્બન-૧૪ : પુરાતન અવશેષો માપવા માટેનું સાધન
* કેલિડોસ્કોપ : વિવિધ ડિઝાઈન અને આકૃતિઓ જોવા માટે વપરાય છે.
* ડાયનેમો : યાંત્રિક શક્તિ દ્વારા વીજળી ઉત્પન્ન કરતું સાધન
* ડાયનેમોમીટર : વિદ્યુતશક્તિ માપવા માટેનું સાધન
* ડિસ્ટાફોન : કાગળો લખવા માટેનું યંત્ર
* સ્પીડોમીટર : વાહનોનો વેગ માપવા માટેનું સાધન
* સાલીનોમીટર : મીઠાના દ્રાવણની ઘનતા શોધવા માટેનું સાધન
* સ્ફીરોમીટર : સપાટીનો વળાંક માપવા માટેનું સાધન
* સ્ફીગ્મોમેનો મીટર : લોહીનું દબાણ માપવા માટેનું સાધન
* સ્ટેથોસ્કોપ : હૃદયના ધબકારા માપવા માટેનું સાધન
* સિસ્મોગ્રાફ : ધરતીકંપનું સ્થાન અને તીવ્રતાની નોંધ કરવા માટેનું સાધન
* સ્ટીરીઓસ્કોપ : દૃશ્યનું ઉંડાણ દર્શાવતું સાધન
* સ્મિગ્મોફોન : નાડીન ધબકારાના અવાજ ઉત્પન્ન કરવા માટેનું સાધન
* ટેકોમીટર : વિમાન અને મોટરબોટની ગતિ માપવા માટેનું સાધન.
* ટેલિમીટર : અમુક અમુક અંતરે બનતી ભૌતિક ઘટનાઓ નોંધવા માટેનું સાધન
* ટેલિપ્રિન્ટર : બે સ્થળો સંદેશા મોકલતું અને છાપતું સ્વયંસંચાલિત સાધન
* ટેલિસ્કોપ : દૂરના ગ્રહોનું અવલોકન કરવા માટેનું સાધન
* ટેલિસ્ટાર : દરિયા પારના દેશોમાં સંદેશાવ્યવહાર કરવા માટેનું સાધન
* થર્મોમીટર : માનવશરીરનું ઉષ્ણતામાન માપવા માટેનું સાધન

# શિક્ષકને અરજુ

શિક્ષક તૈ શિક્ષકને અરજી
　　　　શિક્ષક થૈ સાંભળજો જી
શું કર્યું ? શું કરી રહ્યો છું ?
　　　　કાલે શું-શું કરવું જી
શિક્ષણ રૂપી, નાવમાં બેસી,
　　　　શિક્ષણ સાગર તરવાજી
ગયો કાળ તે એકમ પૂનમ
　　　　હવે સૂરજની આશાજી
ગ્લોબર થાતાં સાગર વધ્યા
　　　　શિક્ષણ સાગર લોટાજી
ખાનગી વાતું કાનમાં કઉં છું.
　　　　ખાનગી જોર જમાવે જી
સત્ય કે'વા તલપાપડ છુ
　　　　કડવા તોયે મીઠા જી
હૈયે કરને ભવને પેખો
　　　　શ્રમઘટ (ડાયેટ)માં અમી ટપકેજી
મન ભરીને ખાજો પીજો
　　　　હૈયે પાચન કરજો જી
તાલીમોના ગુંજન ગુંજે
　　　　જંગી ઢોલ વગાડે જી
તાલે તાલે મનન ડોલે
　　　　ક્યાંથી હૈયે ઉગેજી
વિભુરૂપ સરકારે લીધાં,
　　　　ઉંઘથી હવે જાગો જી
પાક્યા પે'લા કોઠી ભર-દે
　　　　ઉદ્યમ કોણ વિચારે જી
આળસને વૈરાગ્ય આપો
ગુરુ કાંચમાં રાંચોજી
આપાતમને પૂછી લેજો
　　　　મૂરત દર્પણ દેખો જી
કંડારામાં ખામી'તી કે,
　　　　હેમ ઢોળમાં ખામીજી
સાંભળવામાં કાન ધરું છું.
　　　　કહેવા માટે નાનોજી
આત્મોપમ્ય ગણી કહું છું.
　　　　દિલકુ ન દુવ્યાવોજી

**હેમુભાઈ કલજીભાઈ તાવિયાડ**
આ.શિ. ઉ.ફ. ચીચાણી
તા. સંતરામપુર, જિ. પંચમહાલ

